
પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક · વર્ષ ૬૮મું · માર્ચ ૧૯૯૫

કુમાર

સંસ્થાપક
સ્વ. રવિશંકર મ. રાવળ

તંત્રી
ધીરુ પરીખ

સંપાદક
બિહારીલાલ ટાંક



હુઈતભોપોચ્તિલીના મંદિરના સોપાન પાસેના પૂર્ણ કદનાં આઠ માનવ મસ્તકોમાંનું એક, આઝ્તેક શૈલશિલ્પ કૌશલનું એક ઉદાહરણ



એકલ સફર
(ચિત્રકાર • સુષમા અગ્રવાલ)

માર્ચ ૧૯૯૫

સાંકળિયું

કુમાર સળંગ અંક ૮૦૬

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી પ્રકાશક : ધીરુભાઈ ઈ. પરીખ
ડિરેક્ટરો : હીરાલાલ ભગવતી (ચેરમેન), બિહારીલાલ પો. શાહ, ભાલચંદ્ર શાહ
પ્રકાશનસ્થાન : કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪, રાયપુર,
અમદાવાદ ૩૮૦ ૦૦૧ (ફોન નં. ૩૪૩૭૪૫)
પ્રિન્ટર્સ : હરેશ પટેલ, પ્રિન્ટોગ્રાફ, ૩૩૪, સર્વોદય કો. સેન્ટર, સલાપસ રોડ,
અમદાવાદ ૩૮૦ ૦૦૧
વાર્ષિક લવાજમ રૂ. ૧૦૦; પરદેશમાં હવાઈ માર્ગે ડોલર ૨૫ અથવા રૂ. ૭૫૦
છૂટક નકલ રૂ. ૧૦-૦૦ + રવાનગી ખર્ચ રૂ. ૨.૦૦

મનજી મુસાફરને

મનજી ! મુસાફર રે ! ચાલો નિજ દેશ ભાણી !
મૂલક ઘણા જોયા રે ! મુસાફરી થઈ છે ઘણી !
સ્વપુર જવાનો પંથ આવ્યો છે, રખે ભૂલતા ભાઈ !
ફરીને મારગ મળવો છે નહીં, એવી તો છે અવળાઈ,
સમજીને ચાલો સૂધા રે ! ના જોશો ડાબા કે જમણી. મનજી !

વચ્ચે ફાંસીઆ વાટ મારવાને બેઠા છે બેચાર,
માટે, વળાવા રાખો બે ત્રણેક ત્યારે તેનો નહીં ભાર,
મળ્યો છે એક ભેદુ રે ! બતાવી ગતિ સહુ તે તણી. મનજી !

માલ વહોરો તો વહોરો શેઠના નામનો, થાય ના કહ્યું અટકાવ,
આપણો કરતાં જોખમ આવે ને ફાવે દાણીનો દાવ,
એટલા સારું રે ! ના થાવું વહોરતના ધણી. મનજી !

જોજો, જગતથકી જાવું છે, કરજો સંભાળીને કામ,
દાસ દયાને એમ ગમે છે—હાવાં જઈએ પોતાને ધામ,
સૂઝે છે હાવાં એવું રે ! અવધ થઈ છે આપણી ! મનજી !

દયારામ

વાચકો લખે છે..

જાન્યુઆરીનો અંક વાંચ્યો. આટલી ભૂલો ! છાપભૂલ-મુદ્રણ દોષ-પ્રૂફરીડર દોષ-ઑપરેટર દોષ (હવે તો કમ્પ્યૂટર ઉપર feeding થતું હશે ને !) હકીકત દોષ પણ !

છેલ્લા પાને એમેઝોન સૌથી લાંબી નદી – ૪ હજાર મીટર છે તે 'કિલો' મીટર જોઈએ. 'મીરજના એક વખતના શાસક.. તાંબાની પ્લેટોથી...' એમ જણાવ્યું છે પણ ઉમેરવાનું કે ત્યારે બ્લૉક તાંબાના નહોતા બનતા !

એક બાબતે સંતોષ રહ્યો. વાસુદેવ સ્માર્તનાં રેખાંકનો આહ્‌લાદક, બળવત્તર, અભ્યાસપૂર્ણ. એમને અભિનંદન.

અરવિંદ પટેલ (મુંબઈ)

'કુમાર'નો જાન્યુઆરી ૧૯૯૫નો અંક મળ્યો. પ. પૂ. મહાત્મા ગાંધીજીને ભારતમાં સૌથી પ્રથમવાર 'મહાત્મા'નું સંબોધન કરનાર ગોંડલ સ્ટેટની પ્રજા હતી એ જાણી મારા સ્વર્ગીય પૂ. પિતાશ્રીની વાતને સમર્થન મળ્યું. મારા પૂ. પિતાશ્રી હંમેશાં એમ કહેતા કે પ. પૂ. ગાંધીજીને 'મહાત્મા' તરીકે દેશને ઓળખાણ આપવાનો યશ ગોંડલ સ્ટેટને જાય છે. મારા પૂ. પિતાશ્રીએ લેખમાં વર્ણવ્યા મુજબ પૂ. ગાંધીજીને સત્કારવા માટે બાળકોનું જે સરઘસ નીકળ્યું હતું તેમાં એમણે ભાગ લીધો હતો. એ વખતે એમની ઉંમર ફક્ત દસ વર્ષની હતી, પણ એ પ્રસંગની ભવ્યતા એમના જીવનનાં છેલ્લાં વર્ષો સુધી ભૂલ્યા ન હતા. ગાંધીજીનાં દર્શન કર્યે પોતાની જાતને કૃતાર્થ માનતા હતા. મારા પૂ. પિતાશ્રીની વાતને સાચી ઠેરવતો આપનો લેખ વાંચી ઘણો ઘણો આનંદ થયો અને તે બદલ આપનો ઘણો ઘણો આભાર. **રમેશ દોશી** (હૈદરાબાદ)

મૂલ્યપ્રહરિ

(શ્રી મોરારજી દેસાઈને શતાયુપ્રવેશે)

તમોને વંદુ કે અવગણુ, સ્થિતઃપ્રજ્ઞ તમને
ન લેવા કે દેવા, ચહુ, સ્મરી લઉં, સાવ વીસરું.
કવિતામાં જોને ગુણકથન તે દુર્બળક્ષણ
થઉં તાબે તોયે ક્યમ અવ કહો મૂલ્યપ્રહરિ !
હવે બોખું બોખું સ્મિત લઈ, ફગાવી પલકમાં
અજંપા, ઉધાપા, અવિરત શિશુ કોઈ મલકે
તમારામાં આજે, રજ રજ કૃતાર્થ ધરણી
થઈ ધન્યા, ન્યાળું, શતવરસની સાર્થ ક્ષણમાં.
તમો સાજા, મૂલ્યો સહુ બસ પથારીવશ થયાં,
ઉગારી લેવાને સમરથ નહિ દેશ, સઘળે
અસત્યો ચૂંટાતાં, ફળ સમયનું સાવ કડવું;
તમો આઝાદીનું કુળ, અમ કુલાંગાર નીવડ્યા.
ઘવાયાં મૂલ્યોને જીવન જડશે, જોબન મળે
ફરીને આ દેશે થઈ જનજો મૂલ્યપ્રહરિ.

કનૈયાલાલ મ. પંડ્યા (ગાંધીનગર)

સુધા વિરલ શબ્દની / ભાનુપ્રસાદ પંડ્યા

(પૃથ્વી-સૉનેટ)

'કદીય મુજ કેશ આ ધવલ ના થશે-ના થશે !'
રવીન્દ્ર ઊચર્યા યદા અટલ આત્મવિશ્વાસથી
વિમાસી યમદ્વારપે ઊપડતી જરા સદ્ય ત્યાં !
સચિંત થઈ પૂછતીઃ પલટશે નહીં શ્વેત શું -
સુકેશ કવિના ? કહો, ડગલું કેમ એના શિરે
ધરીશ ? જગના બધા ઊલટશે ક્રમો આપના !

તદા યમ હસી વદ્યા : પરમભેદ એ વેણમાં.
શુભે ! કવિકને ભર્યો અજબ કુંભ પ્રાતિભ ક્રે
સુધા વિરલ શબ્દની ઝરતી તે થકી, એટલે
સદા ભીતરથી યુવાઃ ધસતી મસ્તી એ લેખણે !
વસંત વિલસે ઉરે કુસુમસાથિયા સોહતા !
નસેનસથી ઊમડે કદીક પૂર આષાઢનાં.
દગે શિશુ-યુવાતણી ઝલક વિસ્મયોન્માદની !
કહે, ત્વદીય જીર્ણતા કદમ ત્યાં કદી શેં ભરે ?
અને વિવશ માહરો મહિપ - પાય ત્યાં ના ધરે !

નથી જવું / ભગવતીકુમાર શર્મા

(ગઝલ)

આવ્યો છું જ્યાંથી ત્યાં હવે પાછા નથી જવું,
અણગમતું છે અહીં છતાં ચાલ્યા નથી જવું.

ફરતો રહીશ તારી ગલીની નજીક હું,
મારે બગીચો મૂકીને આઘા નથી જવું.

જ્યાં હું ખડો છું ત્યાં જ અડીખમ ટકી રહીશ,
છોડી દઈશ શ્વાસ પણ નીચા નથી જવું.

લેતો જઈશ એક-બે સ્મરણો હર્યાંભર્યાં,
મુઠ્ઠી છે ખાલી તોય કંઈ ઠાલા નથી જવું.

કરતો જઈશ વૃક્ષની સાથે હું ઓળખાણ,
જંગલની આરપાર અમસ્તા નથી જવું.

પડછાયો મારો સ્વર્ગમાં સાથે જ આવશે,
ઈશ્વરને ઉમ્બરેય અટૂલા નથી જવું.

મારા વતનની ધૂળમાં સૂરજનો વાસ છે,
સોનાની હો ભલે છતાં લંકા નથી જવું.

મળવાને જાગું/ વ્રજલાલ દવે

(ગાન)

હું જ મને મળવાને જાગું-
રાતની વેળા તિમિર ગળે
સ્રોવર પાળે હૂંફના માળે
મન માન્યાનું ઇજન મળે.

હાથ પ્રસારી કોઈ બોલાવે,
વેણના તાલે વાયરા તાવે,
આકુળવ્યાકુળ ઉર શું ઢાંક્યા
શ્યામલ પરદા ખોલવા લાગું.
હું જ મને મળવાને જાગું.

ઓરડામાં ભંડાર ભર્યો છે,
રંગપલંગે દેહ હર્યો છે,
દૂરની તો યે બંસરી સાથે
સૌરભનો સંસાર ઝર્યો છે.
પંડને પૂછી ફાળ ભરીને
માઝમ રાતે મ્હોરવા લાગું.
હું જ મને મળવાને જાગું.

ઘાત કર/ સુધીર પટેલ

(ગઝલ)

એક-બે પળ જે મળી તે હાથ કર.
જાત સાથે તું જરા સંગાત કર.

કાલ શું થાશે-ની ના પંચાત કર.
અબઘડી જે કૈં ઘટે-ની વાત કર !

આંખ મીંચી દૃશ્યને તું મ્હાત કર,
-ને પછી અણદીઠને તું જ્ઞાત કર.

પત્રમાં સૌથી અલગ તું ભાત કર,
એ રીતે જગથી જુદી બસ જાત કર.

ફળ-વિફળની ઘાત કોઈ ક્યાં 'સુધીર' ?
ઝંખનાના મૂળ પર બસ ઘાત કર !

સંસ્કૃત, અપભ્રંશ, હિન્દી તથા ઉર્દૂના પંડિત, બંગાળી પર પ્રભુત્વ ધરાવનાર. અંગ્રેજી, જર્મન, લૅટિન ભાષાના જાણકાર, શાન્તિનિકેતન, વિશ્વભારતી, કાશી હિન્દુ વિશ્વવિદ્યાલય તથા પંજાબ વિશ્વવિદ્યાલયમાં હિન્દી વિભાગના વડા અને મુખ્ય પ્રાધ્યાપક, ટાગોર પ્રાધ્યાપક, પદ્મભૂષણ ઇલ્કાબથી વિભૂષિત, હજારીપ્રસાદનો જન્મ ઉત્તર પ્રદેશના બલિયા જીલ્લાના 'આરત દુબેકા છાપરા' ગામમાં ૧૯૦૭ના મે માસની ૧૯મી તારીખે થયો હતો. પિતા અનમોલ અને માતા જ્યોતિર્મયી. એમની કુળ પરંપરામાં છોકરાનાં નામો નાથ અન્તવાળાં રખાતાં, એટલે એમનું નામ વૈદ્યનાથ રાખેલું. એમના જન્મને દિવસે જ એમના પિતા એક મુકદ્દમામાં જીત્યા જેમાં એમને એક હજાર રૂપિયા મળ્યા, આથી જન્મતાંવેંત હજાર રૂપિયા લઈ આવનાર છોકરાનું નામ વૈદ્યનાથ ફેરવીને હજારીપ્રસાદ રાખ્યું.

પ્રાથમિક શિક્ષણ માટે એમના ગામથી દોઢેક માઈલ દૂર રેપુર ગામની શાળાએ એ ચાલતા જતા-આવતા. એ શાળાના વડા શિક્ષક જોડે શાળા છૂટે ત્યારે ઘેર આવતા. રસ્તામાં હજારીપ્રસાદને રામાયણ અને મહાભારતની કથાઓ કહેતા. પરિણામે પ્રાથમિક શિક્ષણ પૂરું થતાં રામાયણ મહાભારતથી એ પૂરા પરિચિત થયેલા. ચોથું ધોરણ પસાર કર્યા પછી એ હિન્દી માધ્યમિક શાળામાં દાખલ થયા. ત્યાં હિન્દીની સાથે ઉર્દૂ પણ ભણાવાતું. એ વયે પણ એમની સ્મરણશક્તિ એટલી તીવ્ર હતી કે એ એકવાર કશું વાંચે તો એમને યાદ રહી જતું. માધ્યમિક પરીક્ષા પ્રથમ વર્ગમાં પસાર કરી. હવે આગળ શું કરવું તે પ્રશ્ન થઈ પડ્યો. પિતાની આર્થિક સ્થિતિ એવી નહોતી કે છાત્રાલયમાં રહીને ભણવાનો ખર્ચો પોષાય. એવામાં એમના એક કાકા જે બંગાળના બહરામગંજમાં શણના કારખાનામાં ઊંચા હોદ્દા પર હતા, તે ત્યાં આવેલા ને એમણે પોતાને ત્યાં રાખીને અંગ્રેજી શાળામાં એમને ભણાવવા પોતાની સાથે લઈ ગયા. ત્યાં ઉચ્ચ માધ્યમિક શાળામાં પ્રવેશ માટે લઈ જવામાં આવ્યા ત્યારે શાળાના આચાર્યે એમને ત્રીજા ધોરણમાં દાખલ કરવાની તૈયારી બતાવી, કારણ કે ત્યાં શિક્ષણનું માધ્યમ બંગાળી હતું. આથી એમને ત્રીજા ધોરણમાં દાખલ થવું પડ્યું. પરંતુ એક વર્ષમાં એ બંગાળી એટલું ઝડપથી અને સારી રીતે શીખી ગયા કે, બીજે વર્ષે 'એમને સીધા છઠ્ઠા ધોરણમાં ચઢાવ્યા. એ સમયગાળામાં જ એમણે બંગાળી કાવ્ય 'વત્સોપાખ્યાન'નું કવિતાવલિ છંદમાં હિન્દીમાં ભાષાન્તર કર્યું.

એટલામાં અસહકાર-આંદોલન શરૂ થયું. અંગ્રેજી શાળાની બહિષ્કારની ઝૂંબેશ ચાલી. એમની શાળા બંધ પડી. એ વાતાવરણમાં એમને લાગ્યું કે દેશપ્રેમીઓએ સંસ્કૃતનું સઘન અધ્યયન કરવું જોઈએ. અસહકાર-આંદોલનના વાતાવરણમાં એમણે ખાદી અપનાવી ને સંસ્કૃત શીખવા કાશી ગયા. અને હિન્દુ વિશ્વવિદ્યાલય સંચાલિત સંસ્કૃત પાઠશાળામાં જોડાયા. ત્યાં સંસ્કૃત શીખનારને વિનામૂલ્યે રહેવાની અને જમવાની વ્યવસ્થા હતી. ત્યાં એમણે લઘુકૌમુદી, રઘુવંશ, તર્કસંગ્રહ તથા અમરકોષનું અધ્યયન કરવાનું હતું. હિન્દી, ભૂગોળ, ઇતિહાસ વગેરેમાં મહેનત કરવાની હતી નહિ, એ બધું માધ્યમિક શાળામાં ભણી ચૂક્યા હતા. ત્રણ મહિના પછી એમણે પ્રવેશિકાની પરીક્ષા આપી, અને પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થયા. તે પછી મધ્યમામાં કૉલેજ ઑફ ઑરિએન્ટલ સ્ટડીઝમાં પ્રવેશ લીધો અને જ્યોતિષના વર્ગમાં જોડાયા. બે વર્ષના અધ્યયન પછી એ જ્યોતિષાચાર્ય બન્યા. કાશીના આ અભ્યાસકાળનો એક પ્રસંગ એમણે નોંધ્યો છે, કે પોતે રોજ ગંગાસ્નાન માટે જાય. રસ્તામાં બિસ્કુટ વેચાતાં અને ખરીદાતાં જુએ. એમને પણ બિસ્કુટ ખરીદીને ખાવાનું મન થાય. પણ ચુસ્ત બ્રાહ્મણના સંસ્કાર એટલે મનને માર્યા કરે. એક દિવસ મન પર કાબૂ ન રાખી શક્યા ને બિસ્કુટ ખરીદીને મોઢામાં મૂક્યું ત્યાં જ એમને થયું : 'આ મેં શું કર્યું ? હું ભ્રષ્ટ થઈ ગયો'. પસ્તાયા. બિસ્કુટ થૂંકી નાખ્યું. અને પછી મનને કળ વળી ત્યાં સુધી ગંગામાં નાહ્યાં કર્યું.

આ સમયમાં જ એમનાં લગ્ન ભગવતીદેવી જોડે થયાં. ત્યારે એમનું વય ત્રીશ વર્ષનું હતું.

જ્યોતિષાચાર્ય થયા પછી અંગ્રેજી શીખવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું અને વિશ્વવિદ્યાલયની પ્રવેશ પરીક્ષા આપી. એમાં એ પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થયા, એટલે ઇન્ટરમિડીએટમાં પ્રવેશ તો મળ્યો, પણ ફી ભરવાના પૈસા નહિ. કાશી આવતી વખતે એમના પિતાજીએ ચાળીશ રૂપિયા કોઈકની પાસેથી ઉધાર લઈને એમને આપેલા. પંદર રૂપિયાની છાત્રવૃત્તિ એ તેજસ્વી વિદ્યાર્થી હોવાથી મળતી અને પાંચ રૂપિયાનું ટ્યૂશન કરતા એમાં થોડા પૈસા ખિસ્સા-ખર્ચના રાખી બાકીના પૈસા ઘરે મોકલતા. આથી એ ફી આપ્યા વિના વર્ગમાં બેસતા. વર્ષને આખરે ફી ન ભરવાને કારણે એમનું નામ કાઢી નાખ્યું. એમણે બનારસીદાસ ચતુર્વેદીને એક પત્રમાં આ વિષે લખ્યું હતું : 'ફીના પૈસા તો શું, મારી પાસે ઓઢવા માટે ચાદર પણ નહોતી.' વિશ્વવિદ્યાલયના ઉચ્ચાધિકારીને એ મળ્યા. પણ પરીક્ષામાં બેસવાની સગવડ થઈ શકી નહિ. પછી એમના એક મિત્ર સીતારામ ત્રિવેદીએ આરા શહેરમાં એમની એક કથા ગોઠવી. એક અઠવાડિયું એમણે કથા કરી. આઠમે દિવસે ભોગ ચઢાવાયો તેમાં એમને ૩૫ રૂપિયા, એક રજાઈ, કેટલીક સાડીઓ, પાંચ-છ ધોતિયાં અને ભરપૂર અનાજ મળ્યાં. એ વિષે એમણે પત્રમાં લખ્યું 'મારા જીવનમાં એનાથી મોટી સહાય મને ક્યારેય મળી નથી, કે મળશે પણ નહિ. તમે સહેલાઈથી સમજી શકશો કે એ સાડીઓ અને ધોતિયાનું ઘરમાં કેવું સ્વાગત થયું હશે. પાંત્રીશ રૂપિયા તો મારે માટે બહુ મોટી સિદ્ધિ હતી. એથી હું ઇન્ટરમિડીએટની નદી પાર કરી શક્યો. આચાર્યની પરીક્ષા પસાર કર્યા પછી મેં એકવાર કથા વાંચી હતી તેમાં ૯૮·

રૂપિયા, સાડીઓ તથા ધોતિયાં મળ્યાં હતાં.'


છાત્રાલયના તેજસ્વી વિદ્યાર્થીઓ સાથે જુદા જુદા વિષયો પર એ પરિસંવાદ યોજતા. એકવાર ફરતા ફરતા માલવિયજી ત્યાં આવી ચઢ્યા. એમણે હજારીપ્રસાદને બોલતા સાંભળ્યા. માલવિયજી ખૂબ ખુશ થયા, ને એમને થાબડ્યા. એ હસ્તલિખિત પત્રિકા પણ કાઢતા હતા તે માલવિયજીને બતાવી. માલવિયજી પર એમની ખૂબ સારી છાપ પડી.

૧૯૩૦ના નવેમ્બરમાં ગુરુદેવ ટાગોર કાશી આવેલા. એ માલવિયજીને મળ્યા અને કહ્યું કે એમને શાન્તિનિકેતન માટે એક તેજસ્વી અધ્યાપકની જરૂર છે. માલવિયજીએ તરત જ હજારીપ્રસાદને છાત્રાવાસમાંથી બોલાવી મંગાવ્યા, ને કહ્યું, 'આ છે તમારે જોઈતો અધ્યાપક.' ગુરુદેવે એમને કેટલાક પ્રશ્નો પૂછી માપી લીધા, અને તરત જ એમની નિયુક્તિ કરી. આ વખતે એમનું વય ૨૩ વર્ષનું હતું.

શાન્તિનિકેતનમાં એમની બહુમુખી પ્રતિભાના વિકાસને માટે મોકળો માર્ગ મળી ગયો. શાન્તિનિકેતન ગયા ત્યારથી એ ત્યાં પંડિતજી તરીકે જ ઓળખાવા લાગ્યા. ત્યાં એમને આચાર્ય ક્ષિતિમોહન સેન, નંદલાલ બોઝ, દીનબંધુ એન્ડ્રુઝ ગુરુદયાળ મલ્લિક જેવા મહાનુભાવોનો ગાઢ પરિચય થયો. રવીન્દ્રનાથના તો એમની પર ચાર હાથ હતા. બનારસીદાસ ચતુર્વેદી પરના એક પત્રમાં એમણે લખ્યું છે, 'મારા જીવનમાં સૌથી મોટી ઘટના શાંતિનિકેતનમાં ગુરુદેવનાં દર્શનનું સૌભાગ્ય પામ્યો તે છે. ખબર નથી કે કયા પૂર્વપુરુષના પુણ્યનું એ ફળ છે. એમનાં દર્શન થાય એ તો પરમ પુણ્યનું ફળ છે જ પણ મને તો પારાવારા સ્નેહ પણ મળ્યો છે. ભાગીરથીની નિર્મળ જળધારા સમાન એ પ્રેમાળ મહાપુરુષનું સાહચર્ય કેવું આહ્‌લાદજનક હોય. તે જેણે ક્યારેય એનો અનુભવ કર્યો હોય તે જ સમજી શકે.' એમણે રવીન્દ્રનાથની છાયા નીચે ગાળેલા સમયને પોતાના જીવનનો સુવર્ણયુગ કહ્યો છે.

ગુરુદેવના સાહિત્યનો એમણે એટલો ઊંડો અભ્યાસ કરેલો કે એમનાં વ્યાખ્યાનોમાં એ વારંવાર ગુરુદેવનાં કાવ્યોમાંથી અવતરણો ટાંકતાં. કેટલાંય કાવ્યો એમને કંઠસ્થ હતાં. એમણે 'મૃત્યુંજય રવીન્દ્ર' પુસ્તક લખ્યું છે, જેમાં રવીન્દ્રનાથ જોડેના બાવીસ વર્ષના ઘનિષ્ઠ સંબંધને પરિણામે એમણે રવીન્દ્રનાથને જે રીતે જાણ્યા, અને એમના સાહિત્યનો રસાસ્વાદ કર્યો તેનું આલેખન કર્યું છે. એમાં રવીન્દ્રનાથના વ્યક્તિત્વનો વિવિધ દૃષ્ટિએ કરાવેલો આંતરબાહ્ય પરિચય છે, એમની સાહિત્યસાધનાનું મૂલ્યાંકન છે. એમની દિનચર્યા આપી છે, એમનાં ૨૩ ઉત્કૃષ્ટ ગણાતાં કાવ્યોનો અનુવાદ છે અને એ જ્યોતિષાચાર્ય હોવાને કારણે અંતે રવીન્દ્રનાથની જન્મકુંડળી આપી તેની રસપ્રદ ચર્ચા કરી છે.

શાન્તિનિકેતનમાં એમના વસવાટ દરમિયાન એમણે પ્રચુર



પંડિત હજારીપ્રસાદ દ્વિવેદી

• ચન્દ્રકાન્ત મહેતા •

સાહિત્યસર્જન કર્યું, અને એમાંથી ઘણાં પુસ્તકો માટે એમને અનેક સંસ્થાઓ તરફથી સુવર્ણચન્દ્રકો તથા પુરસ્કારો આપવામાં આવ્યા. જેમકે 'સૂરસાહિત્ય'નાં સૂરદાસનાં કાવ્યોનું મૂલ્યાંકન કરતા પુસ્તક માટે એમને ઇન્દોર સાહિત્ય સમિતિ તરફથી સુવર્ણચન્દ્રક આપવામાં આવેલો. સૂરદાસ વિષેનું એ પુસ્તક એ વિષયમાં ઉત્કૃષ્ટ પુસ્તક મનાય છે. વળી, 'કબીર' વિષયક એમના પુસ્તકથી હિન્દી સાહિત્યમાં એમને અગ્રગણ્યસ્થાન મળ્યું. એ પુસ્તકને ૧૯૪૦માં હિન્દી સાહિત્ય સંમેલનના મંગલાપ્રસાદ પુરસ્કાર માટે પસંદ કરાયેલું. એમની નવલકથા 'બાણભટની આત્મકથા'ને માટે સાહિત્ય અકાદમી તરફથી સુવર્ણચન્દ્રક પ્રદાન થયેલો. એ નવલકથા હિન્દી સાહિત્યમાં એક અભિનવ પ્રકારની નવલકથા ગણાય છે. બાણભટના 'કાદંબરી' અને 'હર્ષચરિત'ને આધારે એમણે બાણભટની શૈલીમાં જ બાણભટની આત્મકથા લખી છે, જેને હિન્દી નવલકથાની ગણનાપાત્ર ઉચ્ચ કૃતિ તરીકે આદરણીય સ્થાન મળ્યું છે. એ સમયે જ લખાયેલાં 'નાથસંપ્રદાય' અને 'હિન્દી સાહિત્યકા ઉદ્‌ભવ ઔર વિકાસ' પુસ્તકો ઉત્તર પ્રદેશ સરકાર તરફથી પુરસ્કાર માટે પસંદ કરાયેલાં.

૧૯૪૫માં વિશ્વભારતી વિશ્વવિદ્યાલયમાં હિન્દી ભવનની સ્થાપના કરવાની હતી. એના સંચાલક તથા હિન્દી વિભાગના વડા તરીકે હજારીપ્રસાદને નિયુક્ત કરવા હતા. ગુરુદેવ બહુ મૂંઝવણમાં

હતા, કારણ કે એમને ખબર હતી કે હજારીપ્રસાદ એ સ્થાનને શોભાવે એવા હતા. પણ એને યોગ્ય વેતન વિશ્વભારતી આપે એવી વિશ્વભારતીની આર્થિક સ્થિતિ નહોતી. આથી એમણે પરોક્ષ રીતે હજારીપ્રસાદનું મન જાણી લીધું, અને એમને હિન્દી ભવનના સંચાલક તથા હિન્દીના પ્રાધ્યાપક તરીકે નિયુક્ત કર્યા. એમણે 'વિશ્વભારતી' નામક હિન્દી સામયિકનું તંત્રીપદ સંભાળ્યું, જેમાં એમણે વિવિધ વિષયો પર સંશોધનાત્મક તથા ચિંતનાત્મક લેખો લખી તથા મેળવી એને ઉચ્ચ કોટિના સામયિકમાં સ્થાન અપાવ્યું. ૧૯૪૬માં કરાંચીમાં ભરાયેલા અખિલ ભારતીય હિન્દી સાહિત્યપરિષદના પ્રમુખ તરીકે એ ચૂંટાયેલા. ૧૯૪૯માં લખનૌ વિશ્વવિદ્યાલયે એમને ડૉક્ટર ઑફ લિટરેચરની ઉપાધિ આપી એમનું બહુમાન કર્યું. બંગાળી પર એમનું પ્રભુત્વ એટલું હતું કે ૧૯૪૯માં પટણામાં અખિલ ભારતીય પ્રવાસી બંગસંમેલનમાં ભારતીય સાહિત્યવિભાગના પ્રમુખ તરીકે એમની વરણી થયેલી.

શાન્તિનિકેતન તથા વિશ્વભારતીનાં એમનાં છાત્રછાત્રાઓને તથા સહયોગીઓએ એમના સ્મારક ગ્રંથમાં એમનાં સ્મરણો નોંધ્યાં છે. તથા એમણે પણ પોતાના અનુભવો પત્રો દ્વારા તથા લેખોમાં વર્ણવ્યા છે. તે પરથી એમની બહુમુખી પ્રતિભાનો ખ્યાલ આવે છે. એમના એક સ્મરણમાં એ લખે છે કે ગુરુદેવ વ્યાકરણનું પુસ્તક તૈયાર કરતા હતા. તેની હસ્તપ્રત ગુરુદેવે પોતાને બતાવીને કહ્યું. 'આમાં કંઈ ભૂલ હોય તો જોઈ જાઓ.' એ વ્યાકરણમાં હિન્દી, મરાઠી, ગુજરાતી તુલનાત્મક શબ્દો મોતીના દાણા જેવા અક્ષરોમાં લખેલા હતા. એમાં ક્યાંય કશી ભૂલ નહોતી. ત્રીજે દિવસે પૂરી હસ્તપ્રત જોઈને એ ગુરુદેવને પાછી આપવા ગયા. ત્યારે ગુરુદેવની આસપાસ શબ્દકોશનાં પુસ્તકો વ્યવસ્થિત રીતે ગોઠવેલાં હતાં.

એકવાર હજારીપ્રસાદ અને નંદલાલ બોઝ ફરવા જતા હતા. ત્યાં રસ્તામાં ગુરુદેવ મળ્યા. એમણે હજારીપ્રસાદને પૂછ્યું. 'પંડિતજી, બતાવો કૃષ્ણને શા માટે અવતાર-પુરુષ બનાવ્યા ? ભીષ્મને બનાવવા જોઈતા હતા.' હજારીપ્રસાદે નંદબાબુ સામું જોયું. ગુરુદેવે કહ્યું. 'મેં તમને પૂછ્યું છે, નંદબાબુને નહિ. જવાબ તમારે આપવાનો છે.' હજારીપ્રસાદે કહ્યું, 'અવતાર બનતો નથી. અવતાર એ બને જેને પૂરો સમાજ સ્વીકારે. અવતાર પેદા થતો નથી, સમાજ દ્વારા બનાવાય છે. શરશય્યા પર ભીષ્મ ભૂતકાળમાં જ ખોવાઈ ગયા હતા. જ્યારે કૃષ્ણની દૃષ્ટિ તો ભવિષ્ય પર ઠરેલી હતી.'

હિન્દી ભવનના વિદ્યાર્થીઓને નાટક ભજવવું હતું. એથી ડૉ. હજારીપ્રસાદે પ્રેમચંદજીની વાર્તા 'શતરંજ કે ખિલાડી'નું નાટ્યરૂપાંતર કર્યું એટલું જ નહિ, પણ નાટકનું દિગ્દર્શન કર્યું અને ગુરુદેવની પ્રશંસા મેળવી.

શાંતિનિકેતનમાં ઉત્સવો વખતે વેદની ઋચાઓનું પઠન થતું. એ ઋચાઓનું ચયન પંડિતજી કરતા અને કેટલીય વાર એનું પઠન પણ એ જ કરતા.

ભાંડારકર ઑરીએન્ટલ ઇન્સ્ટિટ્યૂટ તરફથી 'મહાભારત'ની સંશોધિત અધિકૃત આવૃત્તિ તૈયાર થતી હતી, એનું કેટલુંક કામ વિશ્વભારતીને સોંપાયું હતું. એ કામને માટે ગુરુદેવે હજારીપ્રસાદની પસંદગી કરી હતી, અને એ કામ એમણે અત્યંત નિષ્ઠાપૂર્વક કર્યું હતું.

એમનાં વિશ્વભારતીનાં એક વિદ્યાર્થિની પ્રતિભા અગ્રવાલે એમનાં સંસ્મરણોની નોંધ લેતાં લખ્યું છે કે વિશ્વભારતીમાં વૃક્ષની છાયામાં વ્યાકરણ ભણાવતાં ભણાવતાં એમણે કહ્યું, 'તમે લોકો રાતે આકાશ તારાઓથી ખીચોખીચ ભરાઈ જાય ત્યારે આવજો.' તે રાતે ત્યાં ઉદ્યાનમાં જ એમણે એમને વિવિધ ગ્રહો અને તારાઓનો પરિચય કરાવ્યો અને તેમનો મહિમા સમજાવ્યો. વગર દૂરબીને કેવળ આંગળીઓની મદદથી જ એમણે અમને ખગોળમાં સ્થાનાન્તર કરાવ્યું.'

૧૯૫૦માં આચાર્ય નરેન્દ્ર દેવે કાશી વિશ્વવિદ્યાલયના હિન્દી વિભાગના વડા તથા હિન્દીના પ્રાધ્યાપક તરીકે એમને કાશી આવવા આગ્રહ કર્યો. અને ફક્ત આર્થિક લાભ થતો હોવાને કારણે એમણે શાન્તિનિકેતનની વસમી વિદાય લીધી. એમને શાન્તિનિકેતન છોડતાં ઘણું દુઃખ થયું, વિશ્વભારતીનાં અધ્યાપકો તથા ભૂતપૂર્વ છાત્રછાત્રાઓ સાથે એમનો સંપર્ક તો ચાલુ રહ્યો. કાશીથી એ શાન્તિનિકેતનમાં અવારનવાર પ્રાણવાયુ લેવા જતા. વર્ષો સુધી એ વિશ્વભારતીની કારોબારીના સભ્ય રહ્યા. કાશીમાં એ સાત વર્ષ રહ્યા. ત્યાં એમણે પ્રતિષ્ઠાનાં ઉચ્ચ શિખરો સર કર્યાં. એમણે જાતજાતના વિષયો પર પુસ્તકો લખી એમની બૌદ્ધિક પ્રતિભાની ઝાંખી કરાવી. જેમકે તાંત્રિક વિદ્યાના આધાર પર ચારુચન્દ્ર લેખ, પ્રાચીન ભારત કા કલાવિકાસ, હિન્દી સાહિત્ય કા આદિકાલ, મધ્યકાલીન ધર્મસાધના, કાલિદાસ કી લાલિત્ય યોજના, ભારતીય નાટ્ય પરંપરા, મેઘદૂત એક પુરાની કહાની, પૃથ્વીરાજ રાસો તથા 'સંદેશરાસક'ની જુદી જુદી હસ્તપ્રતો જોઈ સંશોધિત આવૃત્તિ, ઇત્યાદિ પ્રગટ કર્યાં. કાશીમાં એ વારંવાર પંડિત સુખલાલજીને મળતા. એમની સહાયથી એમણે જૈન સાહિત્યનો ઘેરો અભ્યાસ કર્યો, જેને પરિણામે પુરાતન પ્રબંધ, પ્રબંધકોશ વગેરે પુસ્તકો લખ્યાં. એમને દલસુખ માલવણિયા જોડે પણ સારો સંબંધ હતો, અને જૈનસાહિત્યમાં ઊંડા ઊતરવામાં એમની સહાય સારા પ્રમાણમાં એમણે મેળવેલી. ઘણીવાર સુખલાલજી એ આવ્યા હોય ત્યારે કોઈ નવું પુસ્તક આવ્યું હોય તો વાંચી સંભળાવવા હજારીપ્રસાદજીને કહેતા. એકવાર પંડિત સુખલાલજીએ એમને એક પુસ્તક વાંચી સંભળાવવા કહ્યું, અને હજારીપ્રસાદે વાંચવા માંડ્યું. સુખલાલજી ધ્યાનથી સાંભળતા હતા, ત્યાં વચમાં જ એમણે કહ્યું, 'અહીં તો આ શબ્દ હોવો જોઈએ. ખોટું શી રીતે છપાયું ?' એમણે ભૂલ ઠીક કરી.

હજારીપ્રસાદને થયું કે આવા મોટા ગ્રંથમાં પ્રત્યેક શબ્દનું ક્યાં સ્થાન છે, તેની પ્રજ્ઞાચક્ષુ સુખલાલજીને ખબર છે. એમને જરા કુતૂહલ થયું, એટલે એમણે એક જગ્યાએ મૂળને સ્થાને એનો પર્યાયવાચી શબ્દ વાંચ્યો, એટલે પાછા સુખલાલજીએ એમને ટોક્યા ને શુદ્ધ શબ્દ બતાવ્યો. હજારીપ્રસાદે કસોટી કરવા ત્રીજીવાર મૂળને સ્થાને બીજો શબ્દ વાંચ્યો, એટલે પંડિત સુખલાલજીએ કહ્યું, 'શા માટે મારી પરીક્ષા કરો છો ?' હજારીપ્રસાદે ઊઠીને એમનો ચરણસ્પર્શ કરીને ક્ષમા માગી.

એ કાશીમાં હતા, તે દરમિયાન એમને સાહિત્ય અકાદમીના સન્માન્ય સભ્ય તરીકે ચૂંટવામાં આવ્યા, ૧૯૫૪માં સાહિત્ય અકાદમીએ રાષ્ટ્રના મહાપુરુષોનાં જીવનચરિત્રો તૈયાર કરવાનું નક્કી કર્યું, અને તે માટેની સમિતિના એક સભ્ય તરીકે તેમને નિયુક્ત કર્યાં. ૧૯૫૯માં રાષ્ટ્રપતિએ એમની સાહિત્યસેવા માટે એમને પદ્મભૂષણનો ઇલ્કાબ આપ્યો, અને એ જ વર્ષમાં એમને રાજભાષા કમિશનના સભ્ય તરીકે નિયુક્ત કરવામાં આવ્યા.

કાશીમાં શૈક્ષણિક ક્ષેત્રમાં પણ ખટપટ, રાજકારણ, વગેરેનું પ્રદૂષણ પ્રવેશ્યું. તેનાથી વાજ આવી હજારીપ્રસાદે રાજીનામું આપ્યું, એ વખતે એમણે કહ્યું, 'મેં શાન્તિનિકેતન છોડ્યું તેનું પાપ મને નડ્યું.' તરત જ એમને પંજાબ વિશ્વવિદ્યાલય ચંદીગઢ તરફથી ત્યાં હિન્દી વિભાગના વડા તરીકે આવવા માટે નિયંત્રણ મળ્યું, જે એમણે સ્વીકાર્યું. ચંદીગઢમાં એમણે આઠ વર્ષ સેવા આપી. ત્યાં જ ટાગોર પ્રોફેસર તરીકે એમની નિમણૂક થઈ. ચંદીગઢ હતા. ત્યારે એમને રશિયા તથા મોરિસીયસ સરકાર તરફથી આમંત્રણો મળ્યાં. એમણે ત્યાં ભારતીય સંસ્કૃતિ તથા રવીન્દ્રનાથના તથા અન્ય ભારતીય સાહિત્ય વિષેનાં વ્યાખ્યાનો આપી ત્યાંનાં લોકોને ભારતની સાંસ્કૃતિક સમૃદ્ધિની ઝાંખી કરાવી.

ચંદીગઢથી નિવૃત્ત થઈ એમણે કાશીમાં નાનકડું થર બંધાવ્યું અને ત્યાં રહ્યા. કાશીમાં એમણે ખૂબ મહેનત કરી, પણ ટેલિફોન એમને મળતો નહોતો. એવામાં તે વખતનાં પ્રધાન મંત્રી ઇન્દિરા ગાંધી કાશી આવવાનાં હતાં. શાન્તિનિકેતનમાં હજારીપ્રસાદજી હતા ત્યારે ઇન્દિરા ગાંધી ત્યાં ભણતાં અને અવારનવાર એમને ઘેર જતાં. આથી જ્યારે એ પ્રધાન મંત્રી તરીકે કાશી ગયાં, ત્યારે હજારીપ્રસાદને ત્યાં જવાનું નક્કી કર્યું. એટલે એમના કાશીમાંના કાર્યક્રમમાં એમને ત્યાં જવાનો કાર્યક્રમ હતો. તેથી તરત જ એમને ત્યાં ફોન લાગી ગયો. કાશીમાં એ માંદા હતા, એમને પથારીવશ રહેવાની ડૉક્ટરોની સલાહ હતી. એમનાં પત્ની એમની પર સખ્ત ચોકી રાખતાં. કોઈ મળવા આવે તો એમને મળવા દેતાં નહિ. એકવાર શાન્તિનિકેતનના એમના સહયોગી ડૉ. રામસિંહ તોમર કાશીમાં એમને મળવા આવ્યા. હજારીપ્રસાદ માંદા હતા. એ એમનું પુસ્તક 'ચારુચન્દ્ર લેખ' લખાવતા હતા અને થાક્યા હતા તેથી સૂતા હતા. રામસિંહજીએ ઘંટડી મારી. હજારીપ્રસાદનાં પત્ની ભગવતીદેવીએ બારણું ઉઘાડ્યું. રામસિંહજીએ કહ્યું કે એ શાન્તિનિકેતનથી હજારીપ્રસાદજીને મળવા આવ્યા છે. ભગવતીદેવીએ જણાવ્યું કે એ માંદા છે અને કોઈને મળતા નથી. ત્યાં હજારીપ્રસાદજીએ રામસિંહજીનો અવાજ સાંભળ્યો. એ એમના ખંડમાંથી છજામાં આવ્યા, ને રામસિંહજીને કહ્યું, 'હું નીચે આવું છું. તમે બેસો.' ને પછી નીચે ઊતરીને એમને મળ્યા, નિરાંતે વાતો કરી અને રાતના જમાડીને જ મોકલ્યા.

એમના એક શિષ્ય વિષ્ણુ શાસ્ત્રીએ વિધાનસભાની ચૂંટણીમાં ઝંપલાવેલું. એ એમની પાસે આશીર્વાદ માગવા આવ્યા ત્યારે એમણે કહ્યું, 'જ્યારે રાજકારણમાં આવી જ ગયા છો હું તમને એમાંથી ભાગી જવા નહિ કહું. એનો પણ સ્વાદ છે. તો પણ યાદ રાખજો કે એમાં ડૂબનારાની માનવતા ડૂબી જાય છે. તો તમારી માનવતાને બચાવજો.'

એ સિદ્ધાંતવાદી હતા. એ કાશી વિશ્વવિદ્યાલયમાં હિન્દી ભવનના નિયામક તથા હિન્દી વિભાગના મુખ્ય અધ્યાપક હતા ત્યારે એમને વિશ્વવિદ્યાલય તરફથી ગાડી મળેલી. એકવાર એમનાં નજીકનાં સગાં એક બહેન મહેમાન હતાં. તેમને બજારમાં ખરીદી કરવા જવું હતું. ભગવતીદેવી પણ સાથે જવાનાં હતાં. સખત ગરમી હતી. પેલાં બહેને હજારીપ્રસાદને કહ્યું, 'આ ગાડી આમ જ પડી છે. તો અમે ખરીદી માટે લઈ જઈએ,' હજારીપ્રસાદે કહ્યું, 'એ ગાડી વિશ્વવિદ્યાલયના કામ માટે છે; મારા અંગત કામ માટે નહિ. તમે રિક્ષામાં જાઓ.' એમણે સિદ્ધાંતોમાં ક્યારેય બાંધછોડ કરેલી નહિ. એમની દીકરી ઇન્દુમતી ઓઝા નોંધે છે, 'એકવાર કોઈએ એમને કોઈ વસ્તુ ભેટ આપેલી. ભેટ સાધારણ હતી. એટલે એમણે કંઈ ઉત્સાહ ન બતાવ્યો. આપનારને કંઈ કહ્યા વિના ભેટ લઈ લીધી. એ આપનાર ચાલ્યા ગયા પછી હજારીપ્રસાદે એમની દીકરીને કહ્યું, 'જો ઇન્દુ ! માણસના સંસ્કારની પરખ એના વર્તન પરથી થાય છે. જ્યારે કોઈ કંઈ આપે ત્યારે તેનો આદરથી સ્વીકાર કરવો, ને આપનારને ઝૂકીને કહેવું કે તમે જે આપ્યું તે અતિમૂલ્યવાન છે. એવી જ રીતે જ્યારે તું કોઈને કંઈ આપે, ત્યારે નમ્રતાથી કહેવું કે હું તો કશું આપતી નથી. એ તમારી મહાનતા છે કે તમે એનો સ્વીકાર કરો છો.'

એ ખૂબ આનંદી સ્વભાવના હતા. હસતા રહેતા અને હસાવતા રહેતા. એમના સંપર્કમાં આવેલાં લોકોએ એમની રમૂજનાં થોડાં દૃષ્ટાંતો ટાંક્યાં છે – જેમ કે કાશીમાં એ એકવાર એમના એક શિષ્યને મળવા ગયા. એ શિષ્યનું નામ પરેશ હતું. પરેશે એમનું સ્વાગત કર્યું, એટલે એને પૂછે : 'તારી પરેશાની કહાં હૈ ?' એ એકવાર શાન્તિનિકેતનથી કલકત્તા ગયા હતા. ત્યાં એમને એક

(અનુસંધાન પૃષ્ઠ ૧૧૮ પર)

હડતાલ

યોગેશ જોષી

'કાલથી ફરી પાછી હડતાલ...'

રામજીએ મસમોટો નિસાસો નાખ્યો ને પડખું ફેરવ્યું. મચ્છરનો ગણગણાટ છેક કાન પાસે આવ્યો. રામજીએ કાન પાસેથી હથેળી વીંઝી.

'ગયા મઈને પંદર દા'ડા હડતાલ રઈ'તી ઈંનો ખાડો તો હજી પુરાયો નથી નં દિયોર કાલથી ફરી...'

કરિયાણાવાળો કહેતો હતો – 'જૂનું બાકી તો ચૂકવતા નથી ને દરવખતે ઉધાર માગતાં શરમ નથી આવતી ?'

'હડતાલ ચાલી તે પંદર દા'ડાનો પગાર કપાયો. નઈતર થોડું દેવું તો ચૂકવી દેત શેઠ.'

'પગાર કપાય છે તો હું કામ પાડો છો હડતાલ ?'

ગઈ વખતે તો ખૂબ આજીજી કરી ત્યારે છેવટે એણે ઉધાર આપ્યું તો હતું, પણ એ પછી કહી દીધેલું–

'આ છેલ્લીવાર આપું છું. હવે પછી અનાજનો એક દાણોય ઉધાર નહિ આપું.'

'આ તો હડતાલ ચાલી'તી તમોં... નઈતર તો અત્તાર ચુકવાય એટલું તો ચૂકવી દેત શેઠ. ભગવોંન તમારું ભલું કર. અત્તાર જો તમે ઉધાર નોં આપ્યું હોત તો મારો છોકરોં ભૂખે મરત... તમે તો અન્નદાતા છો, શેઠ..'

'ભૂખે મરો છો તો પછી હું કામ પાડો છો હડતાલ ?'

પવનથી ઉઘાડ-બંધ થતી બારી સામે રામજી જોઈ રહ્યો. એના કાનમાં પડઘાતો રહ્યો કરિયાણાવાળાનો અવાજ–

'તો પછી હું કામ પાડો છો હડતાલ ?'

હું કામ પાડો છો હડતાલ ?

પાડો છો હડતાલ ?

'હાચી વાત...' રામજી બબડ્યો, 'અમે હડતાલ પાડીએ છીએ એ તો જોંણે જાતે જ પેટ પર મારીએ છીએ પાટું... કનું ભલું થાય સ હડતાલથી ?'

પણ યુનિયનવાળા કહેતા'તા–

તો પછી શું મૂંગે મોંઢે ચલાવી લેવાનું શોષણ ? આપણું લોહી ચુસાતું રહે ને શેઠીઆઓની ફાંદ વધતી રહે...?

'હમારી માંગે...' 'પૂરી કરો.'

'હમારી માંગે...' 'પૂરી કરો.'

'નહીં ચલેગી, નહીં ચલેગી...' 'તાનાશાહી નહીં ચલેગી...'

'નહીં ચલેગી, નહીં ચલેગી...' 'તાનાશાહી નહીં ચલેગી...'

'હમારા યુનિયન...' 'ઝિંદાબાદ'

'હમારા યુનિયન...' 'ઝિંદાબાદ'

'હમારી એકતા...' 'ઝિંદાબાદ'

'હમારી એકતા...' 'ઝિંદાબાદ'

'હમસે જો ટકરાયેગા...' 'મિટ્ટીમેં મિલ જાયેગા...'

'હમસે જો ટકરાયેગા...' 'મિટ્ટીમેં મિલ જાયેગા...'

'કેટલો બધો ટેમ્પો હતો એ વખતે...!' રામજીએ વિચાર્યું, 'એ વખતે જ હડતાલ અઠવાડિયું વધારે ચલાઈ હોત તો વાજબી માગણીઓ તો સ્વીકારાત. પણ આ તો એકેય માગણી પૂરી નોં થઈ નં હડતાલ દિયોર ઓચિંતાની હમેટઈ ગઈ ! સૂરસૂરિયું થઈ ગયું...'

વળી મચ્છર કરડ્યો એ જગાએ નખ ખંજવાળવા લાગ્યા. મચ્છરથી બચવા ચાદર ઓઢી લેવાનું મન તો થયું પણ આ અસહ્ય તાપ...

રામજીએ આંખો મીંચી.

યુનિયનના નેતા અને બે-ચાર આગેવાનોને માલિકે વાતચીત માટે બોલાવ્યા.

બહાર સૂત્રોચ્ચાર કરતું ટોળું શાંત થઈ ગયું, પણ અંદર-અંદર વાતો ચાલી–

– કાં.. જોયું ને ? માલિકે ઝૂકવું પડ્યું ને...!

– પહેલા કહેતા'તા કે હડતાલ બંધ થાય એ પછી જ માગણીઓ અંગે વાતચીત થઈ શકે.

– આ તો નાક દબાયું એટલ મૂઢું ખોલ્યું...

– પંદર દિ'થી પ્રોડક્શન બંધ છે તે માલિકને કરોડોનું નુકસાન થયું હશે.

– આપણી બધી માગણીઓ હવે સ્વીકારાશે.

– ના, ના, બધી તો નોં સ્વીકારે.

– હડતાલ હજીય વધારે હલાવીએ તો તો હંધીય માગણિયું સ્વીકારવી પડે.

– બધી માગણીઓ તો ના સ્વીકારે. હડતાલ વધારે ચાલે તો કદાચ બધાને નોકરીમાંથી છૂટા કરી દઈ નવી ભરતી કરે તો ? આપણે ત્યાં બેકારો ક્યાં ઓછા છે ?

– હંધાયને છૂટા કરવા ઇ કાંય સે'લું નથી. લેબર કોર્ટ ચાં નથી ?

– વળી નવા લોકોને કામ શીખતાંય ખાસ્સો ટૅમ લાગે. ને પ્રોડક્શન હાવ બેહી જાય.

– એ તો આપણી એકતામાં ફાટ પડાવે ને છૂટા કરી શકાય તેવાને કરે, બાકીનાને કશી લાલચ આપી બોલતા બંધ કરી દે.

આવી બધી વાતો સાંભળીને રામજીને ચિંતા થતી કે પોતાનેય છૂટો કરે તો ? તો પછી ખાવું શું ? ને નવી નોકરીય ક્યાં મળે ?

ને ટી.બી. થયેલો ડોસો તો દવા વિના જ મરી જાય. ધારો કે છૂટા ન કરે પણ આ હડતાલના દિવસોનો પગાર કાપી નાખે તોય ખાસ્સો ખાડો પડે... આમ વિચારી રામજી બોલેલો—

— હડતાલના દા'ડાનો પગાર જો કપાશે તો ?

— હડતાલનો પગાર નહિ કાપવાની શરતે જ સમજૂતી થશે. આમ ડરે છે શું ? બુઝદિલ... આપણા નેતાઓ કંઈ જેમતેમ છે ?

આમ અંદરઅંદર વાતો થતી હતી. સૂત્રો લખેલાં બૅનરો હવામાં ઝૂલતાં હતાં. અહીંથી પસાર થતાં વાહનોય જરી ધીમાં પડતાં, બારીઓમાંથી ડોકાં બહાર ડોકાતાં, બૅનરો વંચાતાં, તમાસો જોવાતો ને વાહનો આગળ સરકતાં.

ટોળામાં ખૂબ ઉત્તેજના હતી. ક્યારેય, લગીરેય નમતું નહીં જોખનાર અક્કડ માલિક વાતચીત કરવા તૈયાર થયો એ જ નવાઈ. પહેલા તો એણે કહી દીધેલું — 'હડતાલ બંધ કરો. પછી જ વાતચીત શક્ય બને.'

બધાંને હતું કે ચાર-પાંચ દિવસ પ્રોડક્શન બંધ રહેશે એટલે ખબર પડશે, પછી વાતચીત માટે તૈયાર થશે. પણ દસ-બાર દિવસ પછીયે માલિક એની વાત પર જ અક્કડ રહ્યો એ જોઈ કેટલાંક કહેતાં, માગણીઓ નહીં સ્વીકારાય. રામજીને તો બીક પણ લાગતી, ક્યાંક પોતાને છૂટો કરશે તો ?

પણ પંદર દિવસ પછી, હડતાલ બંધ કર્યા સિવાય જ માલિકે નેતાઓને વાતચીત માટે બોલાવ્યા એટલે બધાંની શ્રદ્ધા વધી—

હડતાલ સફળ. થોડીક માગણીઓ તો હવે સ્વીકારાશે. નેતાઓ માલિકની ઍરકન્ડિશન્ડ ચૅમ્બરમાંથી બહાર આવે ને દૂરથી જ, હાથ ઊંચો કરી બે આંગળીઓથી 'V'નો ઈશારો કરે ને પછી કમ્પાઉન્ડની બહાર આવી કઈ કઈ માગણીઓ સંતોષાઈ એની જાહેરાત કરે એની જ રાહ જોવાતી હતી આતુરતાથી.

એક જણે તો કોકને મોકલ્યો, 'જા, ચાર-પાંચ હાર લઈ આવ. માગણીઓ સંતોષાઈ એવી ખબર જાહેર થાય કે તરત નેતાઓને પહેરાવવા જોઈશેને ?, હાર પહેરાવીને પછી તરત નેતાઓને આ...મ અદ્ધર ઊંચકવાના...' - કહી એણે તો રામજીને ખાસ્સો અદ્ધર ઊંચક્યો ને પછી છોડી દીધો ! બધાંએ કિકિયારીઓ પાડી. ધૂંધવાયેલો રામજી કશું બોલી ન શક્યો.

થોડીવાર પછી નેતાઓ બહાર આવ્યા.

'હમારા યુનિયન... ઝિંદાબાદ...' 'હમારા યુનિયન... ઝિંદાબાદ...'

'શાંતિ... શાંતિ... શાંતિ...' એક નેતાએ હાથ ઊંચો કરીને કહ્યું. ને ટોળું સાવ શાંત.

બધાંયની ભીતર આતુરતા ઉછાળા મારતી હતી.

બંધ એ.સી. ચૅમ્બરમાં ખરેખર શું રંધાયું હશે એ તો ઈશ્વર જાણે. પણ નેતાએ જાહેર કર્યું—

'શેઠ આપણી માગણીઓ પ્રત્યે સહાનુભૂતિથી વિચારવા તૈયાર છે અને એમણે કહ્યું કે, તમારી કેટલીક માગણીઓ વાજબી પણ છે...'

તાળીઓના ગડગડાટની ભરતી.

'પછી એમણે એ પણ કહ્યું કે પ્રોડક્શન વધારે દિવસ બંધ રહે એ આપણા બધાના માટે વાજબી નથી.'

ત્યાં તો કોક મોટા અવાજે બોલ્યું, 'પ્રોડક્શન બંધ રહે તો રહે... પહેલાં માગણીઓ સ્વીકારવી જ જોઈએ. એ સિવાય અમે કામ પર નહિ ચઢીએ.'

બીજા કેટલાકે પણ આ વાતમાં સૂર પુરાવ્યો. ટોળામાં ગણગણાટ શરૂ થઈ ગયો.

બંડીના ખિસ્સામાંથી ડાબો હાથ બહાર કાઢી, ઊંચો કરી નેતાએ મોટેથી કહ્યું — 'શાંતિ... શાંતિ...'

'માગણીઓ ન સ્વીકારાય ત્યાં સુધી હડતાલ ચાલુ રાખવાની તમારી વાત વાજબી છે. તમારો જુસ્સો જોઈને મને આનંદ થાય છે. પણ હવે જ્યારે શેઠે આપણા પ્રત્યે સહાનુભૂતિ બતાવી છે, શેઠ કૂણા પડ્યા છે ત્યારે આપણેય આ વાતને પ્રેસ્ટીજ ઇસ્યૂ બનાવવી જોઈએ નહીં...'

'શેઠે પૈસા ખવડાવ્યા લાગે છે એટલે આ લોકો ફરી ગયા...' યુનિયનની ચૂંટણીમાં હારી ગયેલો ઉમેદવાર બોલ્યો, ને એના ટેકેદારોએ પણ એના સૂરમાં સૂર પુરાવ્યો. વળી સામસામા આક્ષેપોનો ગણગણાટ ઘોંઘાટમાં પરિણમ્યો.

'શાંતિ... પહેલાં મારી વાત સાંભળો. પછી જો તમે કહેશો કે હડતાલ ચાલુ જ રાખવી છે તો...' અવાજ વધુ બુલંદ કરીને નેતાએ ઉમેર્યું, 'હડતાલ ચાલુ જ રહેશે...'

વળી તાળીઓનો ગડગડાટ.

'પણ આપણા બધાના બોનસનો આધાર ઉત્પાદકતા પર છે. શેઠે જ્યારે આપણી માગણીઓ પ્રત્યે સહાનુભૂતિ દર્શાવી છે ત્યારેય જો આપણે હડતાલ ચાલુ રાખીશું તો એની અસર ઉત્પાદન પર પડશે ને ઉત્પાદન જો વધારે ઘટશે તો આપણને સાવ નહીં જેવું બોનસ મળશે ને આપણી દિવાળી બગડશે.'

સભામાં સન્નાટો.

'બોલો, હવે તમે કહો તેમ કરીએ... અને જો મેનેજમેન્ટ આપણી માગણીઓ નહીં સ્વીકારે તો પછી ફરીથી હડતાલ ક્યાં નથી પડાતી ? હડતાલનું હથિયાર તો આપણા હાથમાં જ રહેવાનું છે ને ? છેલ્લા શ્વાસ સુધી લડી લઈશું... હમારા યુનિયન...'

'ઝિંદાબાદ.'

ને એ હડતાલ સમેટાઈ ગઈ.

ત્યાં ડોસો ખાંસવા લાગ્યો ને રામજીની વિચારધારા તૂટી. ડોસાને સતત સૂકી ખાંસી આવ્યા કરતી. ખાંસતાં ખાંસતાં ડોસો

બેવડ વળી ગયો. ગળામાં ચોંટી રહેલો ગળફો કાઢવા ડોસો સખત જોર કરતો પણ ગળફો નીકળતો નહિ ને ખાંસી અટકતી નહિ. એનું આખું શરીર પરસેવે રેબઝેબ થઈ ગયું. આંખોમાં પાણી આવી ગયાં.

રામજીની વહુ પાણી લઈ આવી.

ડોસાએ પાણીનો ઘૂંટડો ગળે ઉતારવાનો પ્રયત્ન કર્યો. પણ ઘૂંટડો ઉતરે એ પહેલાં જ વળી ખાંસી આવી ને પાણી બહાર ઊડ્યું.

રામજી તરફ જોઈને વહુએ કહ્યું, 'કહું છું, હવે તમે દવા ક્યાર લાવશો ?'

રામજીએ છણકો કર્યો, 'ખાવાના પૈસા નથી ત્યાં દવા ક્યાંથી લાવું ? ખબર તો સ... હડતાલના દા'ડાનો પગાર કપાયો સ, તો ય...'

રામજીનો છણકો સાંભળીને ખાંસી અટકી.

રામજીને થયું, દવાઓ શોધાઈ સ નં ટી.બી. જેવો રોગ પણ અવ મટી જાય સ... પણ દવા લાવવાના પૈસા નથી હોતા એ રોગનું હું ?

ગઈ વખતે, કહે છે કે, યુનિયનના નેતાઓને પૈસા ખવડાવીને શેઠે ફોડેલા. માંગણીઓ તો બાજુ પર રહી પણ હડતાલના દિવસોનો પગાર પણ કોઈને ચુકવાયો નહિ. યુનિયનમાં ઊથલપાથલ મચી ગઈ. પૈસા ખાનારા નેતાઓનાં રાજીનામાં મંગાયાં. નવા નેતાઓ ચૂંટાયા. ફરી હડતાલ પાડવાનું નક્કી થયું. નવા નેતાઓના પક્ષવાળા ને જૂના નેતાઓના પક્ષના એમ બે ભાગ પડી ગયા. આ ભાગલાને વધુ મજબૂત બનાવવા શેઠે જાહેર કર્યું -

'જે લોકો હડતાલમાં નહિ જોડાય તેમનો પગાર વધારાશે...'

નવા નેતાઓને દહેશત હતી, જૂના નેતાઓ અને એમના ચમચાઓ હડતાલમાં નહિ જોડાય. આથી એ લોકોએ ધાક-ધમકી ફેલાવી -

'હડતાલમાં જે લોકો નહિ જોડાય એમનાં માથાં વધેરાશે...'

નવા કે જૂના, રામજી એકેય નેતાઓના પક્ષમાં નહોતો. રામજીને હડતાલમાં જરીકે રસ નહોતો. એને તો પેટનો ખાડો પુરાય એટલે બસ. વળી, હડતાલમાં જો પોતે ન જોડાય તો શેઠના વચન પ્રમાણે પોતાનો પગાર પણ વધે... તો ડોસાની દવાય લવાય ને દેવુંય થોડું ચુકવાય.. ને બે છેડા માંડ ભેગા થાય પણ ખરા.

આ વિચારે રામજીને હડતાલમાં નહિ જોડાવાનું મન થઈ આવતું ને તરત ધાક-ધમકી યાદ આવતાં બીક પણ લાગતી. એ લોકો જો ખરેખર હાથ-પગ-માથું ભાંગી નાખે તો ?

વિચારોમાં ને વિચારોમાં જ રામજીને આખીય રાત પૂરી કરી.

સવારે કામના સ્થળે જઈને જોયું તો -

'જો હમસે ટકરાયેગા ...' 'મિટ્ટીમેં મિલ જાયેગા...'

'જો હમસે ટકરાયેગા...' 'મિટ્ટીમેં મિલ જાયેગા...'

આ વખતે તો ગઈ હડતાલ કરતાંયે વધારે ટેમ્પો હતો ! કેવા તો જુસ્સાથી, મુઠ્ઠી વાળેલો જમણો હાથ ઊંચો કરી, બુલંદ અવાજે, બધાં જ એકીસાથે નારા પોકારતાં ! નારાઓના પ્રચંડ અવાજના ધક્કાઓથી જ જાણે ગઢના કાંગરા ખરવા માંડવાના ન હોય !

નજીક જઈને જોયું તો જોરશોરથી સૂત્રોચ્ચાર કરનારાઓમાંના ઘણા તો એવા હતા કે જેઓ અહીં કામ જ નહોતા કરતા...!

શેઠે પગાર વધારવાની લાલચ આપી હોવા છતાં કોઈ જ અંદર જવાની હિંમત કરતું નહોતું. જૂના નેતાઓ તો ક્યાંય દેખાતા જ નહોતા....

'આ છેલ્લીવાર ઉધાર આપું છું. હવે પછી અનાજનો એક દાણોય ઉધાર નહિ આપું...'

રામજીને થયું કોઈ એકાદ જણ જો અંદર જવાની હિંમત કરે તો પોતેય તરત એની પાછળ જાય.

'ભૂખે મરો છો તો પછી હું કોંમ પાડો છો હડતાલ ?'

જો એકાદ જણ પણ પોતાને સાથ આપે તો પોતે જ અંદર જવાની પહેલ પણ કરે. પોતાને સાથ આપે એવું દેખાય છે કોઈ આમાં ?

રામજીની નજર બધાના ચહેરાઓ વાંચવા લાગી. પણ કોઈ પોતાને સાથ આપે એવું જડ્યું નહીં. પછી એની નજર બધાના હાથ તરફ જવા લાગી... પોતાની જેમ કોઈ ટિફિન લઈને આવ્યું છે ?!

ઝાંપા પાસે ઊભેલા એક જણના હાથમાં ટિફિનના બદલે હોકી દેખાઈ ! એના ચહેરા તરફ નજર ગઈ. ભરાવદાર મૂછોવાળો ને ચૂંચરી આંખોવાળો કરડો ચહેરો ને ઊંચાઈ તો આ ટોળામાંના બધાય કરતાં વધારે. હવે કોઈના હાથમાં ટિફિન દેખાય તોય શું ?

રામજીને થયું : નક્કી, આ વખતે તો હડતાલ ઑર લાંબી ચાલશે ને ફરી હડતાલના દિવસોનો પગાર કપાશે...

ના, ના; નવા નેતાઓ કહેતા'તા કે શેઠને ખૂબ મોટું ટેન્ડર મળ્યું છે, જેમાં થયેલા કરાર મુજબ અમુક સમયમાં જ ડિલીવરી કરવાની છે એટલે પ્રોડક્શન એક દિવસ પણ બંધ રહે એ શેઠને પોસાય તેમ નથી. હાલના સ્ટાફનેય ઓવરટાઈમ આપી દોઢ ગણું કામ કરાવે તો જ ટાર્ગેટ પૂરો થાય. માટે આ વખતે તો આપણી માંગણીઓ સ્વીકાર્યા સિવાય શેઠના બાપનોય છૂટકો નથી.

ત્યાં પોલીસવાન આવીને થોડે દૂર ઊભી રહી. એ જોઈ સૂત્રોચ્ચારો વધારે જોરશોરથી થવા લાગ્યા. વળી 'હમારી માંગે...' ના બદલે,

જો હમસે ટકરાયેગા... મિટ્ટીમેં મિલ જાયેગા...

કરિયાણાવાળો, દેવું, ડોસાનો ટી.બી., રાતભર ડોસાનું ખાંસવું, શેઠની પગાર વધારાની લાલચ - બધું રામજીના મગજમાં ઘૂમરાવા લાગ્યું.

વળી પોલીસ-વાન પર નજર ગઈ. વાનમાંથી નીચે ઊતરેલા

(અનુસંધાન પૃષ્ઠ ૧૧૮ પર)

આઝ્તેક સામ્રાજ્ય

કે. કા. શાસ્ત્રી

પોતે માનેલા દેવો સાથે મૅક્સિકાની આસ્થા ઊંડે સુધી વણાઈ ગઈ હતી. 'મોક્તેઝુમા પહેલા'ના કાળમાં કુદરતનું ઋતુચક્ર બહુ સહાયક રહેલું. ખેત-ઉત્પાદન પણ મબલખ રહ્યું, પરિણામે સુખસમૃદ્ધિના વધવા સાથે ઉચ્ચ પ્રદેશોમાં એમનું સામરિક સામર્થ્ય પણ પ્રભાવક રહ્યું. આથી સ્વાભાવિક રીતે જ તેનોચ્તિત્લાનના શાસકે પોતાના પ્રદેશમાં નવાં ધર્મસ્થાનોને સજાવવા તુલાનાં ધર્મસ્થાનોના અવશેષોમાંથી સુંદર કોતરણીવાળા કિંમતી પથ્થરો અને જરઝવેરાત એકઠું કરી લાવવા પોતાના સેવકોને મોકલ્યા. આઝ્તેક રાજદરબારમાં પણ પ્રજા, પ્રકૃતિ અને દેવદેવતાઓનાં સ્તુતિવખાણ માટે રચાતું સાહિત્ય, સંગીત અને કળાનું ધોરણ પણ તેની ટોચે પહોંચ્યું હતું, અને આવા વખતમાં જ તેઝકાત્લીપોકાનું વટક વાળતું આક્રમણ આવી પડ્યું. એ આક્રમણથી ત્યારે તો બહુ હાનિ નહોતી દેખાઈ, પણ બહુ ધીરેધીરે તેની અસર વરતાવા લાગી, અને પછી તે એવા તબક્કે પહોંચી કે અંતે આ પ્રદેશ પાયમાલ થઈ ગયો.

ઈ. ૧૪૪૬માં દેશ ઉપર તીડ આવી પડ્યાં. એમણે ખેતરો ઉજ્જડ કરી નાખ્યાં, પણ રાજ્યમાં સંઘરી રાખેલા ભંડારોને લીધે બધું નભી ગયું. ૧૪૪૯માં તેસ્કોકો સરોવર ઊભરાયું ને એનાં પાણી તેનોચ્તિત્લાન પર ફરી વળ્યાં, પણ ત્યારે નેઝારુઆલ્કોયોત્લે નગરને ફરતો મોટો ખાઈવાળો પાળો બંધાઈ ચૂક્યો હતો.

ઈ. ૧૪૫૦માં પાનખરની ઠંડી વહેલી આવી. પુષ્કળ બરફ પડ્યો. અનેક ઘરોનાં છાપરાં બેસી પડ્યાં. અને નવા ઊગતા છોડ જ નહિ, મોટાં વૃક્ષો પણ નાશ પામ્યાં. આ વખતે પણ સંઘરેલું ધાન્ય કામ લાગ્યું. કમનસીબે બીજે વર્ષે પણ આવો જ વિનાશ સરજાયો. પરિણામે ભૂખમરો ફેલાયો. અછતને કારણે લોકોએ પણ રહીસહી વનસ્પતિનો નાશ કર્યો. ૧૪૫૨ અને ૧૪૫૩માં કાતીલ દુષ્કાળ પડ્યો. ઝરણાં પણ સુકાઈ ગયાં. મોક્તેઝુમારોએ સંઘરેલા ધાન્યના ભંડારો ખુલ્લા મૂકી દીધા અને લોકોને માપબંધ અનાજ આપ્યું, પણ બીજે વર્ષે એ ભંડારો પણ ખૂટી પડ્યા. ભૂખે મરતા મૅક્સિકાઓ સૂકાં સરોવરોમાંથી દેડકાં ને સાપને પણ ખોદી કાઢી ખાઈ ગયા. દુકાળની જ્યાં અસર નહોતી તે વખત કાંઠાના માલદાર તોતોનાક લોકોને ત્યાં લોકો ગુલામ તરીકે વેચાયાં ને પોતાનાં સંતાનોને પણ વેચ્યાં. મકાઈના ૪૦૦ ડોડામાં છોકરી અને ૫૦૦ ડોડામાં છોકરા વેચાતા. યુવાનો અકાળે વૃદ્ધ જેવા થઈ ગયા. સમગ્ર વિસ્તાર વૃક્ષહીન બની ગયો અને આકાશમાં ગીધો મંડરાવાં લાગ્યાં. હિઝરત કરી ચાલી નીકળેલામાંથી માર્ગમાં જ અનેક લોકો માર્યા ગયાં. ૧૪૫૭નું એ વર્ષ હતું. ૧૪૫૫ અતિવૃષ્ટિ થઈ અને ફરી મબલખ પાક ઊભરાઈ પડ્યો.

આ લોકોની માન્યતા પ્રમાણે બાવન વર્ષનું એક ચક્ર હવે પૂરું થતું હતું. ઈ. ૧૪૦૩માં એની શરૂઆતમાં મૅક્સિકાઓ ખંડિયા તરીકે રહેતા. હવે એ કાળચક્રના અંતે તેઓ અને તેમના સાથી શાસકો મૅક્સિકો અને તેની આસપાસના પ્રદેશોમાં ફેલાઈ ગયા હતા. એમની પ્રાચીન ઓળખ 'આઝ્તેક' સાર્થક બની જઈ એમના સામ્રાજ્ય અને એમના સાથીઓ આ નામે ઓળખાતા થઈ ગયા હતા. મૅક્સિકાઓ તરીકે નહિ પણ આઝ્તેક તરીકે એમની આગવી ઓળખ સ્થપાઈ મૂકી હતી. હવે એમને ભૂખે મરવાનું નહોતું રહ્યું. સિંચાઈનો એમણે ભારે વિકાસ કર્યો ને ઠેર ઠેર 'ચિનામ્પા' કરી કૂઝોચિમિલ્કો તથા ચાલ્કો સરોવરોને પોણા ભાગ સુધી પાણીથી ભરી દીધાં હતાં. આથી એમની ખેતપેદાશો ખૂબ જ વધી ગઈ હતી.

દેવો ભૂખ્યા થાય છે ત્યારે આપત્તિ આવે છે. તેમને તૃપ્ત કરવા માનવબલિની જરૂર છે અને એ માટે પ્યુએબ્લા-ત્લાક્સકાલાના પ્રદેશનાં નગરરાજ્યો સાથે યુદ્ધોને અવિરત રાખવા એક કરાર થયો. આવી લડાઈના સૈનિકો માત્ર માનવબલિઓ એકઠા કરવા માટે જ લડતા. આવાં બલિદાનોની પ્રથા એટલી જૂની હતી કે જાણે છેક આદિકાળથી અનંત ચાલી આવતી લાગતી હતી. ઓક્તેઝુમાએ સામૂહિક બલિદાનો આરંભ્યાં અને જાહેર કર્યું કે આ લડાઈઓમાં જિતાએલાં નગરો કે પ્રદેશ પણ રાજ્યના કબજે લેવો.

ઈ. ૧૪૫૮માં ફરી આ સમ્રાટે દક્ષિણમાં ઓક્ઝાકાનો ખીણ પ્રદેશ જીતી લઈ પોતાના સામ્રાજ્યને વધુ વિસ્તારવા પોતાના સૈન્યને મોકલ્યું. આ સૈન્ય લોકો પર એકાએક તૂટી પડતું. બને તો એમના મુખીને પકડી લેતા. એમનાં મંદિરો પર ચડી જતા ને આગ લગાડતા. આ આગ એમનો વિજય સૂચવતી. પછી તો લૂટનો માલ, સ્ત્રીઓ અને પુરુષ કેદીઓની અંદરોઅંદર વહેંચણી, તેનોચ્તિત્લાન આધીન શાસનની સ્થાપના, ખંડણી વગેરે નક્કી કરવાનું કામ જ બાકી રહેતું તે પતાવીને બીજા નવા પ્રદેશ જીતવા તેઓ આગળ વધતા.

ત્રેવડા કરારના આ સૈન્યો ત્લાક્સકાલાડથી આગળ તોતોનેક લોકોની ફળદ્રુપ કંઠારભૂમિ તરફ ગયાં. પોતાના પ્રદેશમાં ફરી કારમો દુકાળ પડે તો આ ખેતીપ્રધાન ભૂમિ એમને બચાવી લે. અન્ય ભૂમિમાં પણ મોક્તેઝુમાનાં સૈનિક દળોએ વિજયો મેળવ્યા અને અંતે લાંબા કાળથી ચાલતી ચાલ્કોની લડાઈ પણ જીત્યા. સમ્રાટના જીવનનો ત્યારે આખરી કાલ ચાલતો હતો.

ઈ. ૧૪૬૯માં મોક્તેઝુમા પહેલો અવસાન પામતાં મૅક્સિકાઓએ ત્લાકીએલેલેને એનો વારસ બનવા આગ્રહ કર્યો. મોક્તેઝુમાના એ પટુ સલાહકારે પ્રથમ તો પુરોગામી શાસકનાં વખાણ કરી ત્લાકાએલેલે બાળ રાજાને માર્ગદર્શન આપવાનું

સ્વીકાર્યું. આ કુમાર આક્ઝાયાકાત્લ એ ઇઝ્કોઆત્સનો પૌત્ર હતો. ત્લાકાએલેલના માર્ગદર્શન સાથે એણે નિર્ણાયક પગલાં લીધાં તેના લીધે લાંબા સમયથી ચાલી આવતી દુશ્મનાવટનો અંત આવ્યો. આનું એક કારણ એ પણ હતું કે આક્સાયાકાત્લની બહેનને ત્લાતેલોલ્કો પરણેલો. એ બહેન તદ્દન સૂકલકડી, ઘેર વાન અને કંઈક મંદબુદ્ધિ જેવી હતી. ત્લાતેલોલ્કો એના પ્રત્યે ઉપેક્ષા રાખી એને એક પાથરણું આપી ઘરના એક ખૂણામાં પડી રાખતો, અને પોતે ઊતરતા કુળની સુંદર છોકરીઓ સાથે મોજ માણતો. પોતાની બહેનને માટે આક્સાયાકાત્લે મોકલેલાં સારા પોષાકો પણ એમને આપી દેતો. આમાંથી મનદુઃખ વધ્યું અને બંને પડોશીઓ વચ્ચે વેર વવાયાં. ત્લાતેલોલ્કોએ અણધાર્યું આક્રમણ કર્યું, પણ તેમાં નિષ્ફળ ગયો. આક્સાથાકાત્લે જાતે આ હુમલા સામે પ્રતિઆક્રમણ કર્યું અને પુરુષોની ભારે કત્લ ચલાવી, સ્ત્રીઓને કેદ કરી અને ત્લાતેલોલ્કોને જીવતો કોથળામાં સીવી લીધો. ધીરે ધીરે એમનાં મંદિરો અને ઘરો ખંડેર બની ગયાં ને તેમાં ઝાડી ઊગી નીકળી. આ આક્રમણ યુવાન રાજાએ તોલુકા જીતવા પશ્ચિમ અને દક્ષિણ તરફ આગેકૂચ કરી અને બળવાને શાંત કરી દીધો. નવો પ્રદેશ જીતી લઈ ૧૪૭૬માં ત્યાં મલિનાલ્કોને મોટું ધાર્મિક કેન્દ્ર સ્થાપ્યું પણ ત્યાંનું કામ પૂરું થાય તે પહેલાં એનું અવસાન થયું. એના પછી એનો વારસદાર ભાઈ આહુઈત્ઝોત્લને એ ભવ્ય ધર્મસ્થાન બનાવવાનો યશ મળ્યો. આહુઈત્ઝોત્લએ ત્યાં ભવ્ય ધર્મસ્થાન રચવાનું કારણ શું હતું ? કેમકે એ પ્રદેશ અગાઉ જિતાએલો તો હતો જ અને ત્યાં અગાઉ ધર્મસ્થાન પણ રચાયેલું. જાદુ અને કામણટૂમણ માટે તે ખ્યાત હતું. તેનોચ્તિત્લાન અગાઉ મુખ્ય જૂથ છોડી આવેલા મૅક્સિકાઓએ તે સ્થાપેલું. ૧૪૭૬થી છેવટ સુધી રાજકુળે મૅલિનાલ્કો પર શાસન કરેલું. એ વર્ષોમાં અનેક મુસિબતો પણ વેઠી. ઈ. ૧૪૭૮માં એક્ઝેયેકાત્લએ ત્રેવડા સાથી કરારોના ૨૪૦૦૦ સૈનિકો સાથે મિચોઆકાનના પ્રદેશ તારાસ્કાન પર હુમલો કર્યો. ભાષા સિવાય એ બધી રીતે આઝ્તેક સમી ત્યાંની પ્રજા હતી. ૪૦૦૦૦ તારાસ્કાનો બે દિવસના એ યુદ્ધમાં શત્રુઓનો લગભગ નાશ કર્યો. એમના લગભગ ૨૦૦૦૦ યોદ્ધા માર્યા ગયેલા, જ્યારે માત્ર ૨૦૦ મૅક્સિકાઓ જ બચેલા. એ પછી બાર જ વર્ષ શાસન કરી સાહજી યુવાન રાજવીનું મૃત્યુ થયું. ત્લાકાએલેલ તો કદાચ એ પહેલાં જ અવસાન પામેલો એટલે મૅક્સિકાઓએ એક્ચીયાકાત્લના ભાઈ તિઝોકને એની ગાદી સોંપી.

સત્તા પર આવતાં પહેલાં પોતાનું શૌર્ય બતાવવા તથા ભોગ ધરવા માટે કેદીઓ એકઠા કરી લાવવા તિઝોક વાયવ્ય દિશામાં આક્રમણ લઈ ગયો. ગાદી સંભાળતાં પહેલાં કરવાની આ એક રસમ જ હતી. આ સાહસમાં એણે પોતાના ૩૦૦ યોદ્ધા ગુમાવ્યા અને કેવળ ૪૦ કેદીઓ એકઠા કરી શક્યો. કદાચ એ યુદ્ધ છોડી નાસી પણ આવ્યો હોય. આ કંઈ નેતૃત્વ સાબિત ન થયું કહેવાય. વળી, મૅક્સિકાની મૂંઝવણ વધારવા નેઝાહુઆલ્કોયોત્લના યુવાન વારસદાર, જે સાત જ વર્ષની વયે સત્તા પર આવેલો અને લગભગ પોતાના પિતાની જેટલો જ મહાન હતો, તેના શાસનમાં ટેક્સકોકો સમૃદ્ધ થતું આવતું હતું. જ્યારે તિઓક લગભગ ઘરમાં જ પડ્યો રહેતો. લોકોની બાબતોમાં એ રસ નહોતો ધરાવતો ને સામૂહિક બાબતોમાં તો એથી યે ઓછો રસ હતો એને. આવા ઢચુપચુ વહીવટદાર ચાલી શકે જ નહિ. પાંચ કે છ જ વર્ષમાં એનું અવસાન થયું – કદાચ ઝેરી આહારને લીધે.

આમ, આ રાજવી ઘરાણાનો ત્રીજો ભાઈ આહુઈત્ઝોલ ૧૪૮૬ કે '૮૭માં ગાદીએ આવ્યો ત્યારે પોતાની પ્રજાનાં બળ અને ભવિષ્યને મજબૂત કરવા માટે પૂરતાં કારણો હતાં. માલિનાલ્કોમાં કેન્દ્ર બાંધીને એણે એ પ્રદેશને મૅક્સિકા રાજવંશ, લશ્કરી સત્તા અને એમના ધાર્મિક વાદને સાંકળી લીધો.

વિશ્વવિજય કરવા પ્રયાસ કરનાર મૅક્સિકા રાજવી આ આહુઈત્ઝોલ જ હતો. ઉતાવળિયા સ્વભાવના આ રાજવીના ગુસ્સાથી બચવા મિત્રો અને વિરોધીઓ એનાથી છેટા જ રહેતા. યુદ્ધ અંગેના એના રસમોવિધિ પ્રાચીન દેવતા ક્ઝીયે તોતેક સમા હતા.

પોતાના યોદ્ધાઓમાં આહુઈત્ઝોલ ધાક અને વફાદારી પ્રસારતો. લપાઈને ઓચિંતા છાપા મારવામાં એ માનતો ને જ્યારે વિજય પામતો ત્યારે જીતેલી પ્રજાના મહાલમાં રહેવાને બદલે પોતાના યોદ્ધાઓ સાથે છાવણીમાં રહેતો. એનાં સૈન્ય ગ્વારેરો કંઠાર જીતી અને તેહુઆનતેમેકની સામુદ્રધુની તથા આજના ગ્વાતેમાલાની સીમાઓ સુધી પહોંચેલાં. એમની આ યુદ્ધયાત્રામાંનો એક મોરેલોના વિજયે મૅક્સિકાને ખાસ માન-પ્રભાવ અપાવ્યાં. પ્રાચીન કે સાંસ્કારિક ઇતિહાસમાં એ અદ્વિતીય ઘટના છે. (ક્રમશઃ)

અનુસંધાન] **ઈતિહાસધારા** [પૃ. ૧૩૫ પરથી
અબુલહસન અથવા આસફખાંને તેણે દિલ્હીની સુબેદારીથી નવાજ્યાં.

આસફખાંએ સુબેદાર તરીકે દિલ્હી આવતાં જ છબીલીનો સંપર્ક સાધ્યો. જોકે ત્યારે પ્રેમની અગાઉની આગ ઠંડી પડી ગઈ હતી છતાં છબીલીને તેણે પુષ્કળ પૈસા આપ્યા. સરાઈમાં સુધારાવધારા કરાવી આપી તેનો આલીશાન દરવાજો પણ બંધાવી આપ્યો. પણ છબીલીના પ્રેમની આગ જરા ય ઠંડી પડી ન હોઈને તે ઝૂરીઝૂરીને થોડા સમયમાં મૃત્યુ પામી. તેની સરાઈના અવશેષો તો રહ્યા, પરંતુ જહાંઆરાએ બંધાવેલી 'બેગમ કી સરાઈ'ના તો કોઈ અવશેષો જ રહેવા નથી પામ્યા.

શ્વેત વામન

— પ્રહ્લાદ છ. પટેલ —

જ્યારે ન્યૂક્લિઅસનું વિખંડન (fission) થાય છે ત્યારે પ્રચંડ ઊર્જા પેદા થાય છે. ન્યૂક્લિઅર વિખંડનની પ્રક્રિયાને કારણે જ પૃથ્વી ઉપર પાવર-મથકો (રિએક્ટર્સ) અસ્તિત્વમાં આવ્યાં. યૂરેનિયમ જેવા ભારે તત્ત્વના પરમાણુ ઉપર ન્યૂટ્રોન જેવા શક્તિશાળી કણોનો મારો કરવાથી ન્યૂક્લિઅસનું વિખંડન થાય છે. ન્યૂક્લિઅર સંલયન (fusion)ની પ્રક્રિયામાં બે હલકા ન્યૂક્લિઅસનું અતિ ઊંચા તાપમાને સંગલન થઈ ભારે ન્યૂક્લિઅસમાં રૂપાંતર થાય છે, સાથે સાથે અતિ પ્રચંડ ઊર્જા પેદા થાય છે. ન્યૂક્લિઅર વિખંડન દરમ્યાન પેદા થતી ઊર્જા કરતાં અનેક ગણી વધારે ઊર્જા ન્યૂક્લિઅર સંલયન દરમ્યાન થાય છે. પરમાણુના ન્યૂક્લિઅસ વિદ્યુતભાર વિનાના ન્યૂટ્રોન અને એકમ ધન વિદ્યુતભારવાળા પ્રોટોન ધરાવે છે. જેમ સૂર્યની આસપાસ ગ્રહો ભ્રમણ કરે છે તેમ ન્યૂક્લિઅસની આસપાસ એકમ ઋણ વિદ્યુતભાર ધરાવતા ઇલેક્ટ્રોન ભ્રમણ કરે છે.

ગુરુત્વાકર્ષી સંકોચનને કારણે તૈયાર થતા બધા જ તારામાં મહદંશે હાઈડ્રોજન હોય છે. સૂર્ય આપણી તદ્દન નજીકનો તારો છે, જે ૭૫% હાઈડ્રોજન ધરાવે છે. એટલે કે સૂર્ય હાઈડ્રોજન વાયુનો ધગધગતો વિશાળ ગોળો છે.

ન્યૂક્લિઅર સંલયનની પ્રક્રિયામાં હાઈડ્રોજન પરમાણુની ધનવિદ્યુતભારિત ન્યૂક્લિઅસ (પ્રોટોન)નું સંગલન થઈ હિલિઅમની ભારે ન્યૂક્લિઅસ મળે છે. પ્રત્યેક પ્રોટોન ધનવિદ્યુતભારિત હોઈ એકબીજાને અપાકર્ષે છે. આથી ન્યૂક્લિઅર સંગલન માટે, પ્રત્યેક ન્યૂક્લિઅસનો વેગ અતિ પ્રચંડ હોવો જોઈએ. આટલો પ્રચંડ વેગ તો ત્યારે જ શક્ય બને જ્યારે પ્રોટોનનું તાપમાન પ્રચંડ હોય, એટલે કે લગભગ ૧૦ કરોડ કેલ્વિન જેટલું. આથી ન્યૂક્લિઅર સંલયન કણોના અતિ પ્રચંડ વેગ એટલે કે પ્રચંડ તાપમાને જ શક્ય બને છે. આટલું પ્રચંડ તાપમાન તો તારાના અંતર્ભાગમાં જ, જ્યાં ન્યૂક્લિઅર દહન થતું હોય ત્યાં જ મળી રહે છે. અંતરતારાકીય વાયુ વાદળનો નિપાત (collapse) થાય છે ત્યારે મધ્યસ્થ ભાગનું તાપમાન વધુ ને વધું ઊંચું જાય છે. એક વખત ન્યૂક્લિઅર સંલયન શરૂ થાય છે કે પછી તે નિરંતર ચાલ્યા કરે છે. આ સ્થિતિમાં અપાકર્ષણની ઉપરવટ જઈ શકે તેટલો વેગ ન્યૂક્લિઅર ધરાવે છે. સૂર્યમાં આવી જ પ્રક્રિયા ચાલે છે. તેને કારણે જ તો સૂર્યમાંથી પ્રકાશ અને ઉષ્માનો આટલો વિપુલ જથ્થો પૃથ્વીને મળી રહે છે અને તેથી પૃથ્વી ઉપર જીવન શક્ય બન્યું છે.

તારાનું અંતર્મુખી ગુરુત્વાકર્ષણ બળ અને વિકિરણને લીધે પેદા થતું બાહ્ય-બળ સમાન થાય છે ત્યારે સંતુલન સ્થપાય છે. આ સ્થિતિને તારાની સ્થાયી સ્થિતિ કહે છે. આ સ્થિતિ દરમ્યાન ઊર્જા સતત પેદા થતી રહે છે. તારામાં આવું સંતુલન કરોડો વર્ષ સુધી ટકી રહે છે, જે તારાનો ખાસ જીવનકાળ છે.

સૂર્ય એ એક વિશિષ્ટ તારો છે. જેમાં ન્યૂક્લિઅર દહનથી આજના દરે તેમાં પેદા થતી ઊર્જા કરોડો વર્ષથી પેદા થતી આવી છે અને હજુ બીજા ૧૦ અબજ વર્ષ સુધી પેદા થાય એટલો તેની અંદર હાઈડ્રોજનનો પુરવઠો છે. ત્યાં સુધી માણસે કોઈ ચિંતા કરવાની નથી. ત્યારબાદ આગે આગે ગોરખ જાગે.

કોઈપણ તારામાં હાઈડ્રોજન વાયુનો બધો જ જથ્થો દહનથી ખલાસ થાય પછી શું ? બધો જ હાઈડ્રોજન ખલાસ થઈ જતાં તારાના અંતર્ભાગમાં હિલિઅમ રહે છે. આ સ્થિતિમાં તારાની અંદર ઊર્જાનું ઉત્સર્જન ઘટી જાય છે, પરિણામે અંતર્મુખી ગુરુત્વાકર્ષણ બળને સમતોલવા બાહ્ય-બળ પર્યાપ્ત હોતું નથી. આથી તારાનું પુનઃસંકોચન થવા લાગે છે, જેથી તારાના અંતર્ભાગનું તાપમાન ફરીથી વધે છે. પૂરતા ઊંચા તાપમાને, હિલિઅમનું દહન શરૂ થાય છે. હિલિઅમ ન્યૂક્લિઅસનું તાપ-સંલયન થતાં તેનું વધુ ભારવાળી કાર્બન ન્યૂક્લિઅસમાં રૂપાંતર થાય છે. પરિણામે ઊર્જાનો સ્રોત ચાલુ રહે છે. જેમ તારો વધુ દળદાર તેમ ન્યૂક્લિઅસ દહન વધુ ઝડપી બને છે. સૂર્ય કરતાં વધુ દળદાર તારાનું આયુષ્ય ઓછું હોય છે. એટલે કે વધુ વજન (over weight) માત્ર માણસને જ તકલીફ કરે છે તેવું નથી. તારો જો વધુ દળદાર બને તો તેને માટે પણ તે હાનિકર્તા છે.

તારાનું દળ ઓછું હોય તો તારાનું ભાવિ સરળ બને છે. આ સંજોગોમાં તારામાં હિલિઅમ પણ ઝડપથી ખલાસ થઈ જાય છે અને અંતર્ભાગ શ્વેત-વામન (White dwarf)માં સ્થિર થાય છે. આથી ઊર્જાનું ઉત્સર્જન ઘટે છે અને તારાનું તાપમાન પણ ઘટે છે. પરિણામે તારાનું બાહ્ય સ્તર ધીમે ધીમે બહારની બાજુએ ઘસડાય છે. તારાની જુવાની પૂરી થવા આવે છે. તારાનું બાહ્ય સ્તર વિસ્તાર પામે છે, જેથી આ વિભાગનું તાપમાન ઘટતાં તારો લાલ દેખાય છે. આવા તારાને લાલ રાક્ષસ (red giant) કહે છે.

શ્વેત વામન તારો ઝાંખો અને ખૂબ નાનો હોય છે. તેની ઘનતા ઘણી વધારે હોય છે. શ્વેત વામનનું દળ સૂર્યના દળના ૦.૭ ભાગનું હોય છે. તેની સરેરાશ ત્રિજ્યા ૮૦૦૦ કિલોમીટર જેટલી હોય છે, તેની સરેરાશ ઘનતા પાણીની ઘનતા કરતાં ૬ લાખ ગણી વધારે હોય છે. ભિન્નભિન્ન શ્વેત વામનોની બાબતે તેમની સપાટીનું તાપમાન ૪૦૦૦ Kથી ૧૦૦,૦૦૦ K સુધી હોય છે. આવા શ્વેત વામનનું દ્રવ્ય હિલિઅમ, કાર્બન અને ભારે તત્ત્વો હોય છે. ભ્રમણ ન કરતો હોય તેવા શ્વેત વામન તારાના દળની સૈદ્ધાંતિક ટોચની મર્યાદા સૂર્યના દળ કરતાં ૧.૪ ગણી હોય છે.

શ્વેત વામનની ઘનતા પ્રચંડ હોવાથી તે સંક્ષિપ્ત સંરચના ધરાવે છે. આટલી ઊંચી ઘનતાએ 'આયનીકરણ દબાણ' પ્રવર્તે છે, જે આ

પ્રમાણે સમજી શકાય છે. ધારો કે કોઈએક સંવૃત (બંધ) પાત્રમાં દ્રવ્ય છે અને આ પાત્રનું કદ ક્રમશઃ ઘટાડવામાં આવે છે. જેમ જેમ પાત્રનું કદ ઘટતું જાય છે તેમ તેમ પરમાણુઓ વધુ ને વધુ ચુસ્ત રીતે જકડાતા જાય છે. અંતે એક સ્થિતિ એવી પેદા થાય છે જ્યારે પારમાણ્વિક ઇલેક્ટ્રોન કક્ષામાંથી નિષ્પીડન (Squeeze) પામી મુક્ત થાય છે, એટલે કે દ્રવ્ય સંપૂર્ણપણે આયનીકૃત બને છે. આવા મુક્ત ઇલેક્ટ્રોન ફૂર્મી-ગૅસની રચના કરે છે. આ વાયુનું તાપમાન નિરપેક્ષ શૂન્ય ગણી લેવામાં આવે છે. ગુરુત્વાકર્ષણ બળનો બરાબર સામનો કરનાર દબાણ સર્વાંશે અપભ્રષ્ટ (degenerate) ઇલેક્ટ્રોન વડે પૂરું પડાય છે. આ હકીકત શ્વેત વામનની પાયાની ધારણા છે. ન્યૂક્લિઓમના ભારેપણાને લીધે પેદા થતું અંશતઃ દબાણ નહીંવત્ હોય છે. તે જ કારણે દળ-ઘનતા ઉપર ન્યૂક્લિઓનું સામ્રાજ્ય પ્રવર્તે છે અને ઇલેક્ટ્રોનનો ફાળો અવગણ્ય બને છે. શ્વેત વામનનું દળ મધ્યસ્થ ઘનતાથી સ્વતંત્ર છે. દળની આ મર્યાદાને ચંદ્રશેખર મર્યાદા કહે છે. લોખંડ ધરાવતા તારા માટે ચંદ્રશેખર મર્યાદા 1.24 $M_\odot$ જેટલી હોય છે. ચંદ્રશેખર જન્મે ભારતીય અને હાલ અમેરિકાના નાગરિક છે. તેમને ભૌતિકશાસ્ત્રનો નોબેલ પુરસ્કાર ૧૯૮૩માં એનાયત કરવામાં આવ્યો હતો. તેમણે દળની મર્યાદાનો આ સિદ્ધાંત નોબેલ પુરસ્કાર મળ્યો તે પૂર્વે આશરે ત્રણ દાયકા પહેલાં રજૂ કર્યો હતો. પણ તે સમયે આ સિદ્ધાંત ચકાસવા માટે પર્યાપ્ત સુવિધા ન હતી. એટલે કેટલોક સમય આ સિદ્ધાંત શીત-ગૃહ (cold storage)માં પડી રહ્યો ! □

અનુસંધાન] પંડિત હજારીપ્રસાદ દ્વિવેદી [પૃષ્ઠ ૧૧૧ પરથી

ઠેકાણે જમવા બોલાવ્યા. જમતાં પહેલાં એમના યજમાન બહેને કહ્યું, 'ત્યાં તમને નહિ મળતું હોય એવું કોઠાનું શરબત બનાવ્યું છે' ત્યારે એમણે એક ટુચકો કહ્યો. એક ગામડાનો છોકરો, રોજરોજ બાજરીની ખીચડી ને છાશ ખાઈને બહુ કંટાળ્યો. એણે ઘરનાં લોકોને કહ્યું, 'હું સાસરે જાઉં છું. ત્યાં થોડા દિવસ રહેવાનો છું.' એને એમ કે ત્યાં સારું સારું ભોજન મળશે. એ નદી તરીને સામે કિનારે સાસરે ગયો. ત્યાં એનું સારું એવું સ્વાગત થયું. પછી રસોઈ બનાવી એને જમવા બેસાડ્યો. એ જમવા બેઠો. અને થાળીની સામે બે હાથ જોડ્યા ને કહ્યું, 'હે અન્નદેવ તમે મારાથી પહેલા અહીં શી રીતે પહોંચી ગયા ? હું તો સખત ઠંડીમાં નદીમાં તરતો તરતો આવ્યો. પણ તમે તો ઝડપથી આવી ગયા. મારો કેડો છોડતા જ નથી.' ત્યાં સાસરે પણ બાજરીની ખીચડી અને છાશ પીરસાઈ હતી. એમણે કહ્યું કે શાન્તિનિકેતનમાં રોજરોજ આ કોઠાનું શરબત પીપી કંટાળ્યો હતો. તો અહીં આવ્યો, તો પણ એણે મારો કેડો ન છોડ્યો.

એકવાર એક શિષ્યે 'ત્રિપુર સુંદરી' કાવ્ય લખ્યું હતું. એમને એ કાવ્યની પ્રસ્તાવના લખવા વિનંતિ કરી. ત્યારે એમણે કહ્યું, 'હું ત્રણપુરમાં ફર્યો છું – જયપુર, નાગપુર અને કાનપુર. ત્યાં મેં એક પણ સુંદરી જોઈ નહિ. એટલે હું શું લખું ?'

આવા વિદ્વાન અને વિનોદી, વિનમ્ર અને વિવેકી હજારીપ્રસાદજીને ૧૯૭૯ના ફેબ્રુઆરી માસમાં પક્ષાઘાત થયો. અને સપ્ટેમ્બર માસની ૧૯મી તારીખે એમનું અવસાન થયું. જ્યોતિષાચાર્ય હોવાને કારણે એમણે છ માસ પૂર્વે પોતાના મૃત્યુના દિવસની આગાહી કરી હતી.

આમ, ગામડાં ગામનો એક છોકરો, પોતાના પુરુષાર્થ વડે, અનેક કષ્ટો વેઠીને વિષમ સંજોગોનો સામનો કરી, આગળ વધતો ગયો, અને શિક્ષણ તથા સાહિત્યના ક્ષેત્રમાં મોખરાનું સ્થાન પ્રાપ્ત કરતો ગયો. □

અનુસંધાન] હડતાલ [પૃષ્ઠ ૧૧૪ પરથી

ત્રણ-ચાર પોલીસો પાનના ગલ્લે ઊભેલા. એમાંનો એક એની હથેળીમાં 'માવા'ની નાની કોથળી મસળતો હતો. બીજો ખાખી બીડી મોમાં મૂકી, બાકસ સાથે દિવાસળી ઘસતો હતો. ફરી પોલીસ-વાન પર નજર ગઈ. રામજીની હિંમત વધી.

હિંમતભેર રામજી ઊતાવળો ઊતાવળો ભીડ ઓળંગીને દરવાજામાં દાખલ થવા ગયો ત્યાં જ -

એના માથામાં હોકીનો જોરદાર ફટકો પડ્યો, તમ્મર આવ્યાં, ને એ હેઠો પડ્યો. ભાન ગયું...

કોક નેતા બોલ્યો, 'આને જો કંઈક થઈ જશે તો આપણે મુશ્કેલીમાં મુકાઈ જઈશું. જલદી આને દવાખાને લઈ જાઓ... જલદી...'

બેત્રણ જણ રામજીને લઈને એક રિક્ષામાં ગોઠવાયા. રિક્ષા ચાલી. પોલીસવાન હજી ત્યાં જ ઊભી હતી !

કંઈ જ બન્યું ન હોય એમ ફરી પાછો સૂત્રોચ્ચાર શરૂ થઈ ગયો.

રામજીને લઈ પેલા લોકો કોઈ દવાખાને પહોંચ્યા.

ટીંગાટોળી કરી રામજીને અંદર લઈ જવાતો હતો ત્યાં જ દવાખાનાના સ્ટાફનો કોઈ માણસ બોલ્યો -

'અરે, આને અંદર ક્યાં લઈ જાઓ છો ? ખબર નથી આજે ડૉકટરોની હડતાલ છે ?'

'પણ આ સિરિયસ છે... સારવાર નહિ મળે તો એનો જાન... તમે અંદર જઈને ડૉક્ટર સાહેબને કહો ને કે-'

'કહ્યું ને, હડતાલ છે. આજે તમે ગમે તે દવાખાને જશો તોય કોઈ જ તમારો કેસ નહિ લે. એમાંય આ કેસ તો પોલીસકેસ-વાળો...'

'પણ એની જિંદગી...'

'તમે સમજતા કેમ નથી ? એક વાર કહ્યું ને, આજે ડૉકટરોની હડતાલ છે...' □

ઈલાજ

વિનોદ અધ્વર્યુ

નોંધ : (સ્ટેજ અંને પુસ્તકો વચ્ચેની અદીઠ દીવાલ પર સદ્‌ગત માનો ફોટો છે તેવું અભિનયથી સ્થાપિત કરી તેનો યથાસમય - અવારનવાર ઉપયોગ કરવો.)

(પશ્ચિમી સંગીત - સિમ્ફની - દૂરથી.)

માનસી : (બીજા ઓરડામાંથી પ્રવેશતી - અકળાયલી) ગિરીશ... ગિરીશ... (સ્વગત - પણ મોટેથી) હવે તો આ અસહ્ય થાય છે (જોરથી) - ગિ..રી..શ!

ગિરીશ : (બાજુના ઓરડામાંથી અવાજ) હાં, મને બોલાવ્યો? આવ્યો! (સંગીત બંધ)

માનસી : (સ્વગત - ધીમેથી - પણ અકળાયલી) બાપ-દીકરા બેય સરખા છે... આખો વખત-

ગિરીશ : (પ્રવેશીને) હાં... શું છે ? આ હાથે શું થયું ? ઓહ... કંઈક વાનગી-

માનસી : બસ થયું, બસ થયું, વાત ન ઉડાવ.

ગિરીશ : પણ શું થયું તે તો-

માનસી : કેટલીવાર કહેવાનું ? (અકળામણ વધે) આ તે કેવી આદત ? કેવું વળગણ? આ જોને-

ગિરીશ : ઓહ... આ સિગરેટ ! (સ્વગત - વ્હીસ્પર... ભારે ભૂલ થઈ ગઈ !) સૉરી માનસી... આદત એવી નિર્બળતા છે ને-

માનસી : બસ. જ્યારે ને ત્યારે એ જ વાત - (ચાળા પાડીને) 'આદત એવી નિર્બળતા છે ને... ને મારે આ...ખો... દિવસ-

ગિરીશ : આ દિવસ ! આ-ખ્ખો દિવસ ! ખોટી વાત ના કર માનસી. હવે તો આખા દિવસમાં ચાર જ સિગરેટ... ને તેમાંની બે તો ઑફિસમાં ને બાકીની પણ બને ત્યાં સુધી તો-

માનસી : દેવતા મૂક તા'રી સિગરેટમાં... ચૂલામાં જાય.

ગિરીશ : તે એમ જ થાય છે ને? મોં એક પ્રકારનો ચૂલો જ છે ને સિગરેટમાં દેવતા તો મુકાય જ છે. બાકી તારી સ્ટેચ્યુટરી વૉર્નિંગ.

માનસી : એની કોણ વાત કરે છે? તું જાણે છે, હું તારી આદતની વાત નથી કરતી પણ તું જાણી જોઈને... (ભાગી પડીને રડમસ અવાજે)... બાપાજીની આ હવે તો ત્રાસી ગઈ છું.

(અન્ય ઓરડામાં - દૂર - સાયગલનું ગીત વાગતું સંભળાવા માંડે છે. ખૂબ ધીમે સંવાદની પશ્ચાદ્‌ભૂમાં..)

ગિરીશ : (ગંભીરતાથી) હા... એ ખરું... હું સમજી શકું છું... પણ મેં તને નથી સમજાવ્યું કે આ એક પ્રકારની-

માનસી : ('ચાળા' નહીં. દર્દથી) માનસિક બીમારી છે. પણ હવે નથી સાંભળવી એ ભાષણબાજી. બસ રોજ એનો એ જ જવાબ...

ગિરીશ : જો પ્રશ્ન એનો એ જ હોય તો જવાબ પણ-

માનસી : ના, આ પ્રશ્ન નથી. કોયડો છે - એને ઉકેલવાનો છે. આપત્તિ છે એનો ઉપાય કરવાનો છે.

ગિરીશ : આપણે કાંઈક બીજું -

માનસી : બીજું શું? આ એક છે તે ઓછું છે? રોજ સવાર પેડ ને (બાપાજીની રીતે) 'માનસી ગિરીશ....' (તે સાથે - તરત જ બીજા ઓરડામાંથી માધવલાલનો અવાજ -)

માધવલાલ : (દૂરથી) માનસી...ગિરીશ...

(સાયગલનું ગીત બંધ)

માનસી : લ્યો, હવે થશે શરૂ (બાપાજીની રીતે - 'ચાળા' નહીં) 'તમારી તબિયત બરાબર છે ને? તમારું ટેમ્પરેચર?'' (પોતાના અવાજમાં) જાવ, શોધવા માંડો થર્મોમીટરો (જતાં જતાં) હું તો આ ચાલી... ચા બનાવી લઉં... (બાપાજીની રીતે - દૂરથી જતાં જતાં....) 'તુલસી, મરી, આદુવાળી ચા...'

માધવલાલ : (પ્રવેશતાં) અરે ગિરીશ...! (નજીકથી) ગિરીશ! ગિરીશ, તે સાંભળ્યું આ ગીત ? આમાં સાયગલે એક જગાએ શું સરસ... વાહ; પણ તેં ટેમ્પરેચર લીધું કે ? (ટોન બદલાય છે - નીચો - થોડોક અવાસ્તવિક-) ટેમ્પરેચર? લીધું?

ગિરીશ : (કંઈક 'ક્ષોભ' - અણગમાથી-) હા બાપુજી.

માધવલાલ : કેમ છે ? કેટલું છે ?

ગિરીશ : નૉર્મલ... બિલકુલ નૉર્મલ છે.... નૉર્મલ

માધવ : શું ધૂળ નૉર્મલ છે ? કયા થર્મોમીટરથી માપ્યું ?

ગિરીશ : પેલા.... પેલા ખાનામાં છે ને તે....

માધવ : તો તો નૉર્મલ જ આવે ને ! એ તો સાવ ઠેકાણા વગરનું છે. લે, આ નવું છે તેનાથી... એમ નહીં... મોં ઉઘાડ... હં હવે ધીરજ રાખ જરા...ને માનસી... એણે પણ...

માનસી : (પ્રવેશતાં – જાણે હસીને) હા, બાપુજી, મેં તો ત્રણ થર્મોમીટરથી માપ્યું, 'નવાંથી... નૉર્મલ છે.

માધવ : પણ તે બરાબર

માનસી : આ તમારી ચા બાપુજી....

માધવ : તુલસી -

માનસી : મરી... આદુવાળી... મેં પણ એ જ પીધી.

માધવ : સરસ.... (ચાના ઘૂંટડાનો અવાજ) કેટલું ટેમ્પરેચર છે, ગિરીશ ? (ઘૂંટડો)

ગિરીશ : નૉર્મલ.....નૉર્મલ.... નૉર્મલ

(ઘૂંટડો)

માધવ : હં, ઠીક છે. પણ આજે નવાં થર્મોમીટરો લાવ્યો છું તેનાથી ફરીથી માપી જોજે.

ગિરીશ : પણ બાપુજી ઘરમાં આટલાં બધાં તો છે - વળી તમે નવાં -

માધવ : આટલાં બધાં? કેટલાં છે? દસ હશે. પંદર હશે, વીસ હશે... તે બહુ કહેવાય? લાવ પેલું જૂનું.

માનસી : લાવો, કપરકાબી લઈ જાઉં.... (જતાં જતાં – વ્હીસ્પર) ગિરીશજી.... જુવો હવે પ્રયોગ થાય છે તે !

માધવ : (સ્હેજ દૂરથી) અરે.... આ ખાનામાં સિગરેટ ! - ગિરીશ, હજી તારી આદત ન છૂટી ? તમારી આવી આદતો જ બહુ બૂરી ચીજ છે. માણસે કોઈપણ આદતના, ધૂનના, ગુલામ શા માટે થવું જોઈએ? આવી પરવશતા એ પણ એક પ્રકારનો માનસિક વ્યાધિ છે, ગિરીશ ! (જતાં જતાં - અવાજ દૂર જતો જાય....) આવી ખરાબ સીઝન - છતાં બધાંનું ટેમ્પરેચર બધાં થર્મોમીટરોમાં નૉર્મલ જ કેમ આવે છે? કોણ જાણે આ લોકો તે આમાં પારો ભરે છે કે પાણી ! જોઉં, હજી થર્મોમીટરોથી માપી જોઉં... અને હોં સાયગલનું...

(સ્હેજ વારમાં સાયગલનું બીજું ગીત શરૂ - દૂરથી ધીમો અવાજ - ગિરીશના વકતવ્યની ભૂમિકામાં)

ગિરીશ : (નીચા ઘેરા અવાજમાં સ્વગત) હં. કેટલું દર્દ છે આ અવાજમાં ! એટલે જ તો બાપુજીને એ ગમે છે. દર્દ! બસ એ જ વાત છે. દર્દ, જાતજાતનાં દર્દ. મનનાં ને તનનાં - બ્હારનાં ને અંદરનાં - જાણ્યાં-અજાણ્યાં, કથ્યાં -- અણકથ્યાં-, કિસમકિસમનાં દર્દો, ...અનેક... એકેએકને... દરેકને પોતપોતાનાં કડવાં ને મીઠાં ય... દર્દો જ દર્દો... જિંદગી જાણે અનેક દર્દોનો એક વિશાળ દરિયો... (વક્તવ્ય પૂરું થતાં ગીત જરા 'લાઉડ' થાય.... પછી 'ફેડ આઉટ'. આ દરમિયાન પ્રકાશ માત્ર ગિરીશ પર સ્પૉટ. ઉક્તિ પૂરી થતાં પાછો નૉર્મલ)

માનસી - કેમ ? મળ્યું ને આપનું આજનું, અત્યારનું ઉષ્ણતામાન ! કેટલાં થર્મોમીટરથી ?

ગિરીશ : માનસી, એમનું મન રાખવાથી જો એમને થોડોક સંતોષ મળતો હોય તો સ્હેજ મોમાં થર્મોમીટર મૂકવામાં આપણું શું જાય છે ?

માનસી : પણ દિવસમાં કેટલીવાર ? ને પાછું આ તો રોજનું લાગ્યું ! (રડમસ) તમારે શું ? સવારસાંજ જરા સંભાળી લો એટલે પત્યું ! હું તો રહી ઘરમાં; એટલે મારે તો કલાકે બબ્બે ત્રણ ત્રણ થર્મોમીટરો ચૂસ્યાં કરવાનાં !

ગિરીશ : માનસી, આપણે આને માનસિક બિમારી લેખીને એમને સહાનુભૂતિથી સહન ન કરવા જોઈએ?

માનસી : ખરું ! પણ સહનશક્તિનોય અંત હોય છે ને ! જો... ત્યાં જો વરંડામાં, મોમાં એકસાથે ત્રણ થર્મોમીટરો લઈને કાંડાઘડિયાળ જોતા ઊભા છે ! - જતાં આવતાં લોકો જુવે તો... (ડોરલેલ) કોણ હશે ? (ફરીથી ડોરબેલ)

ગિરીશ : ખોલું.... ઓહ.... આવો આવો લલિતચંદ્ર ! પધારો. (લલિતચંદ્ર પ્રવેશે - બોલતાં બોલતાં)

લલિત : કેમ ભાઈ, લલિતનું 'લલિતચંદ્ર' થઈ ગયું ?

ગિરીશ : હવે એમ તો લાલો જ કહેવાય. પણ હવે તું અમેરિકા જેવા દેશમાં રહે, મોટો ડૉક્ટર - ને તેય વળી માનસિક રોગોનો નિષ્ણાત કહેવાય. એટલે જરા અદબ તો રાખવી.

લલિત - ગિરિયા, કોણે પઢાવ્યો આ વિવેક? ભાભી તમે? ક્યાં ગયાં ?

ગિરીશ : તારું સ્વાગત કરે ને ! લે આ આવી.

લલિત : ભાભી, ફરિયાદ છે !

માનસી : આમ આવતાની સાથે જ ! પાણી !

લલિત : હં.... તમે આને બગાડી નાખ્યો ! વિવેક - વિનય શીખવી શીખવીને...

માનસી : હું શું શીખવવાની હતી એમને? ને શીખવવા જાઉં તો એ ગાંઠેય ખરા કે ? એ તો તમારા મિત્ર !

લલિત : હં - મારી દીધી એક ! ... અચ્છા... પણ બાપાજી... (અંદરથી અવાજ)

માધવ : કોણ આવ્યું છે ગિરીશ ? જોને, આમાં રીડિંગ્સ બરાબર જો તો. (નજીકથી) કોણ ભાઈ ?

માનસી : હું ચા-નાસ્તો બનાવી લાઉં.

લલિત : પ્રણામ, કાકા. કેમ છો ? હું લલિત.

માધવ : ઓહો - લલિત ? એકદમ ઓળખ્યા નહીં હો. ગિરીશ...બરાબર છે ને ? નૉર્મલ ? એ જ તો મોંકાણ ને છે!-

લલિત : કેમ એમ કહો છો, કાકા ?

માધવ : જોને ભાઈ, આ હવામાન જ એવું છે કે જો કાળજી ન રાખીએ -

લલિત : એક્ઝેક્ટલી - હું તો બહુ જ ચોકસાઈ રાખું છું. જુવોને, હમણાં ઘરમાંથી નીકળતાં જ મેં મારું ટેમ્પરેચર તપાસી જ લીધું -

માધવ : એમ ?

લલિત : હા - ત્રણ થર્મોમીટરોથી.

ગિરીશ - પણ લલિત-

લલિત : સાચું કહું છું.. કાળજી એટલે કાળજી. એમાં જરાય કચાશ નહીં -

માનસી : (દૂરથી પ્રવેશતાં) લલિતભાઈ-

લલિત : એમાં જરાય સંકોચ નહીં -

માનસી : (નજીકથી) આ ચા -
લલિત : ભાભી, એમાં જરાય શરમ નહીં. ટેમ્પરેચર–
માનસી : આ નાસ્તો લ્યો, પછી -
લલિત : પછી ? પછી શું ? નથિંગ ડુઈંગ. પહેલાં સૌ ટેમ્પરેચર માપી લ્યો. ખિસ્સામાં જ રાખું છું !
માધવ : સરસ. લે થર્મોમીટરો આપું.
લલિત : અરે હોય ? આ રહ્યાં ?
ગિરીશ : લલિત !
માનસી : લ-લિ-તભાઈ (બન્ને સાથે)
લલિત : તમે એ નહીં સમજો... આ વિજ્ઞાન
માધવ - વાહ !
લલિત : લાવો કાકા, તમારાંય લાવો. જોઉં તો ખરો -
માધવ : લઈ આવું. (પગલાં)
લલિત : તમે આ નહીં સમજો.
ગિરીશ : તારું વિજ્ઞાન ?
લલિત : (અવાજ બદલીને) ના. મનોવિજ્ઞાન ! સમજ્યાં ! ચૂપચાપ જોયા કરો જે થાય તે હં.... લાવો કાકા... લાવો... વાહ, નાસ્તો સરસ છે હો... હોં - બધાં નૉર્મલ... નૉર્મલ.... હં, કાકા તમારાં ય થર્મોમીટરો છે સરસ હોં... માધવ - જોયું ? વૈજ્ઞાનિક અભ્યાસનો આ લાભ ! ગિરીશ... માનસી... સમજો જરા...
માનસી : અરે, તમે નાસ્તો તો લ્યો બરાબર.... બીજો લાવું ?
માધવ : હા... હા... તમે હવે ખાઓપીઓ... વાતો કરો... હું જરા (જવાનો અવાજ)
માનસી : હા...શ, લલિતભાઈ ! મને આ બરાબર નથી સમજાયું.
ગિરીશ : અમારું આ કાવતરું છે. તું કહેતી હતી ને કે કંઈક ઉપાય ? .... મેં આ મનોચિકિત્સકને એ માટે જ બોલાવ્યા છે. દેશમાં આવ્યો છે તો લાભ લઈએને ?
લલિત : ગેરલાભ! માનસી, યુ ડોન્ટ. માઈન્ડ આવું સંબોધન! ઇન્ટિમેટ - હં - આ ગિરિયો પહેલેથી આમ જ મફતમાં -
ગિરીશ : લાલિયા પણ તું આ થર્મોમીટરો લઈને કેમ આવ્યો ?
માનસી : મને તો લાગ્યું કે તમનેય બાપુજીની જેમ વળગણ...
લલિત : નોન્સેન્સ... જુવો, અમારો એક સિદ્ધાન્ત છે -દર્દીનો વિશ્વાસ મેળવી લો. તેની સાથે હળી જાવ. જરૂર પડે તો સહકાર કરો. પછી એ વિશ્વાસનો ઉપયોગ કરો.
માનસી : એટલે તમે બધું પહેલેથી જાણીને–
ગિરીશ : હાસ્તો બધી વાત -
લલિત : પણ પૂરી નથી જાણી હજી. (બાજુના ઓરડામાંથી 'સાયગલ'નું ગીત...) વાહ ! બહુ વખતે સાયગલને સાંભળ્યો ! શું દર્દ છે એના અવાજમાં.
માનસી : લલિતભાઈ, દર્દની વાત કરશો જ નહીં. નહીં તો-
લલિત : નહીં તો અહીં કંઈ એક જ દર્દ નથી.
ગિરીશ : એટલે ? તું પણ... ?
માનસી : હું નહીં... આપ શ્રીમાન...
લલિતા : અરે, અરે; એમ ઝઘડો નહીં. એમ જોવા જઈએ તો આપણે બધાંય એક યા બીજી રીતે દર્દીઓ જ છીએ. દરેકના મનના ખૂણામાં કશુંક વળગણ હોય છે – જાણ્યું-અજાણ્યું. ઓછેવત્તો પ્રગટ કોઈક ફોબિયા... ક્યારેક આશ્વાસક-ક્યારેક આધારરૂપ તો ક્યારેક આપત્તિરૂપ ફોબિયા–
માનસી : ફોબિયા ?
લલિત : હા, પપ્પાજીને ટેમ્પરેચરનો, ગિરીશને દર્દનો, મને ઉપચાર કરવાનો.
માનસી : ને મને ?
ગિરીશ : તને બાપાજીના ફોબિયાનો ફોબિયા !
માનસી : એટલે શું હું પણ બાપાજીની જેમ ઍબનૉર્મલ.
લલિત : એમ તો આપણે કોઈ ઍબનૉર્મલ નહીં, ને માનો તો દરેક જણ કોઈક ને કોઈક રીતે ઍબનૉર્મલ - વર્તણૂકમાં જણાય નહીં. બાપાજી કોઈક બાબતમાં સ્વાભાવિકતાની રેખા ક્યારેક જરા ઓળંગી જાય. એટલે...
ગિરીશ : હું એ જ કહું છું ને ! જરાતરા કોઈક વાર.
માનસી : જરાતરા ? કોઈક વાર ? દિવસમાં અનેક વાર મોમાં એકસાથે ત્રણચાર થર્મોમીટરો લઈને ફરે - ને બીજાનેય ચવડાવે, મહેમાનોને, પાડોશીઓને... પછી... પછી બધાં દ્વારા હાંસી થાય. લોકો ઘેર આવતાં બંધ થાય. જરાતરા...! કોઈકવાર! (અવાજ બદલાય છે - 'અસ્વાભાવિક' થાય છે Tranceમાં હોય તેમ) એ થર્મોમીટરો જોઉં છું ને મને... મને થાય છે કે બધાં એકસામટાં ભૂકો કરી નાખું... ના... ચાવી જાઉં... બધાંમાંનો પારો એકસામટો ગટગટાવી જાઉં... આ ઘરમાંથી, દુનિયામાંથી તમામ થર્મોમીટરોને નાબૂદ કરી નાખું... નહીં તો હું... હું જ એક વિરાટ થર્મોમીટર બની જઈશ, જેમાં પારો સતત ચઢઊતર થયા જ કરશે... થયા જ કરશે... થ..યા..જ કરશે. (બેભાન... પછડાટ- સંગીત બંધ)
ગિરીશ : અરે, અરે, માનસી ! માનસી...
લલિત : ડોન્ટ વરી... પાણી લાવ... માનસી... માનસી... ગિરીશ, પંખો ફાસ્ટ કર... એક નૅપ્કિન્ ભીનો કરી લાવ...
ગિરીશ : માનસી...
લલિત : હં, આમ... આ સોફા પર...
માનસી : ઓહ... સૉરી... મને શું

થઈ ગયું ?

ગિરીશ : તું... તને... તું જરા...

લલિત : ઓહ... ગિરીશ... ઈટ્સ નથિંગ... જરા થાક - ફટીગ... ઓવર સ્ટ્રેઈન... ઈટ્સ ઓલ રાઈટ... એમ કર, જરા બેડરૂમમાં જઈ સૂઈ જા. ગિરીશ, લઈ જા.

માનસી : ના, ના, હું જઈશ... (પગલાં)

લલિત : યુ ડોન્ટ માઈન્ડ ઈફ આઈ સ્મોક નાવ ? ભાભી નથી... તું પણ... હેવ ઈટ, હેવ ઈટ; હં, હવે સાંભળ મને લાગે છે કે તું કાળજી નહીં રાખે તો તારે એકને બદલે બે દર્દીઓ સંભાળવા પડશે. હા.... આ બીજો કેસ, પણ હજી વખત છે. બાપાજીની આદતની વાત તેં કરી છે. પણ તેનાં મૂળ કયાં તે માટે જાણવું જોઈએ.

ગિરીશ : મૂળમાં તો વાત મમ્મીના અવસાનથી શરૂ થાય છે. મમ્મીને ગુજરી ગયે દોઢેક વર્ષ થયું. તે લાંબો વખત તાવમાં રહ્યાં. તે દરમિયાન બાપાજી ખૂબ વ્યાકુળ થઈ ગયેલા. તાવ વધતો ગયો તેમ વ્યાકુળતા વધતી ગઈ. તે આખો વખત ટેમ્પરેચર લીધા કરે. પોતાં મૂકે. દાક્તરોને ફોન પર ફોન કરે. અચાનક એક દિવસ

(ફ્લૅશ બૅક)

માધવ : ગિરીશ ! જોને, તાવ બહુ લાગે છે... આમાં તો પાંચ જેટલો.. ના એથીય વધારે. (અવાજ) અરે...

ગિરીશ : (દૂરથી આવતાં) શું થયું ?

માધવ : થર્મો... થર્મોમીટર... પડી ગયું, તૂટી ગયું... સાચવજે ત્યાં કાચ પડ્યા છે....ને પારો... લાવ... સાફ -

ગિરીશ : કંઈ નહીં... તમે રહેવા દો.. બીજું થર્મોમીટર -

માધવ : ઘરમાં તો એક જ હોય ને ? એમ કરને... પડોશમાંથી

(ફ્લૅશ બૅક પૂરો)

ગિરીશ : અને થર્મોમીટર ક્યાંયથી ન મળ્યું ! રજાનો દિવસ! ડૉક્ટરોનો સંપર્ક ન થાય ! છેવટે કોક દૂરની દુકાનેથી લઈ આવવા હું દોડ્યો, પણ આવ્યો ત્યાં તો– (ડૂસકું)

(ફ્લૅશ બૅક)

માધવ : (લવે છે) ગયું... દગો દઈ ગયું... ગયું - ભાંગી ગયું..ને એને ય લેતું ગયું ! વેરાઈ ગયો પારો.. તાવ સાથે વેરાઈ ગયો ને એય એમાં ડૂબી ગઈ. ઓગળી ગઈ ઊના ઊના પારામાં...

(ફ્લૅશ બૅક પૂરો)

લલિત : ગિરીશ... ચાલ હવે સ્વસ્થ થા...

માનસી : આ કૉફી... આવે વખતે એને કૉફી જ ફાવે છે.

લલિત : અરે માનસી ! યુ...

ગિરીશ : તું, તું, આ બધું...

માનસી : નથી જાણતી ? હું ત્યારે ઘરમાં નહોતી ?... તમે એમ માનો છો કે આ મનોવિજ્ઞાનીએ મને સૂવા મોકલી દીધી તે હું નહોતી સમજતી ? પણ તમે ન કહ્યું હોત તો ય જાત. મારાથી એ પ્રસંગની યાદ સહન જ નથી થતી. તમે એમ માનો છો કે હું બાપાજીથી વાજ આવી ગઈ છું ? શું કહું ? મારાથી એમની વેદના જોઈ નથી જતી... સહન નથી થતી. જાણું છું હવે કશો ઉપાય -

લલિત : છે. ઉપાય છે... ઉપાય તો છે.

ગિરીશ : છે ? ઉપાય છે ?

લલિત : હા પણ... (ખોંખારી ખાઈને ફરીથી) પ..ણ..

માનસી : પણ ? પ...ણ ? પ...ણ.... શું ?

લલિત : એ બહુ સમાલીને કરવો પડશે. આપત્તિ કરતાં ઉપાય આકરો ન પડે તે જોવું પડે. અને...

ગિરીશ : અને ? અને શું ?

લલિત : અને ક્યારેક કઠોર થવું પડે. દયાહીન, હૃદયહીન, હાર્ડહાર્ટેડ - સ્ટોન હાર્ટેડ – ડ્રગ્સના વ્યસનીની જેમ ક્યારેક એમને ઈચ્છેલી વસ્તુ વગર રઝળાવવા પડે. આઘાત પણ આપવા પડે.

ગિરીશ : એવું ? ઈઝ ઈટ સો ?

માનસી : ઓહ... એ તો... તો તો ...

લલિત : એમાં ગભરાવા જેવું નથી. ઉતાવળ નથી. જોઈએ વિચારીએ.. જુવો, પરમદિવસની ફ્લાઈટમાં હું પાછો જાઉં છું. ત્રણ માસ પછી એક કન્સલ્ટેશન માટે પાછો આવવાનો છું. તે દરમિયાન હું ટ્રીટમેન્ટ બરાબર વિચારી, પ્લાન કરી રાખીશ. પછી આપણે શું કરવું તે ગોઠવશું.

ગિરીશ : પછી બધું બરાબર થઈ જશે ?

લલિત : એકદમ નહીં. સમય તો જાય. કેટલાક મહિના... આવા કેસોમાં ક્યારેક તો વર્ષ, બે વર્ષ...

માનસી : બે... વર્ષ !

લલિત : અરે એમ જ થાય એવું નથી. ક્યારેક બહુ જલદી પણ. તે દરમિયાન તમે લોકો પણ આ વિષયનાં થોડાં પુસ્તકો વાંચો - જાણકારી કેળવો. સૂચના હું આપીશ પણ અમલ તો તમારે જ કરવાનો છે ને ! - અચ્છા - તો જાઉં...કાકા ! આવજો ! તબિયત જાળવજો....

માધવ : (દાખલ થતાં) આવજે, ભાઈ..

લલિત : અને લ્યો.... આ લેટેસ્ટ થર્મોમીટરો છે. રાખો... મારી પાસે તો બીજાં છે. ઠીક; તો નમસ્કાર, કાકા. અચ્છા ગિરીશ - માનસી... સૉરી, ભાભીસાહેબ...

માધવ : બહુ સારો છોકરો. ગિરીશ, આ નવા થર્મોમીટર ટ્રાઈ કરી જોઈએ. ને (જતાંજતાં) સાયગલનાં બે-ત્રણ ગીતો આપણી પાસે નથી તે... (ફેડ આઉટ)...

ગિરીશ : આ એમનો બીજો ફોબિયા... સાયગલ...

માનસી : તારા વેસ્ટના ઘોંઘાટ કરતાં સારો...
ગિરીશ : ઘોંઘાટ ? તું શું સમજે છે....
માનસી : (અવાજ બદલાય છે) ગિરીશ... ટ્રીટમેન્ટ હજી ત્રણચાર માસ પછી શરૂ થશે ?
ગિરીશ : હાસ્તો....
માનસી : ને વરસ-બે-વરસ પણ નીકળી જાય ?
ગિરીશ : કદાચ ને જલદી પણ પરિણામ આવી જાય.
માનસી : કદાચ...!... પણ લલિતભાઈ આવે એ દરમિયાન આપણે કંઈ ન કરી શકીએ ? ફર્સ્ટ એઈડ જેવું ? કામચલાઉ કશુંક ? તું પણ આવું કંઈક વાંચતો હતો ને!
ગિરીશ : હા... કંઈક ઉપાય સૂઝે તે આશયથી જ વાંચેલું.
માનસી : તેમાં ઉપાયો છે ?
ગિરીશ : ના; કિસ્સાઓ છે. પણ આપણને સૂચન મળી શકે. એક કિસ્સો આમ તો ડ્રગએડિક્ટનો છે. પણ... લલિતે દાખલો ન આપ્યો ? વસ્તુ વગર ચલાવીએ તો શરૂઆતમાં દુઃખ થાય... પણ પછી વ્યસનની જેમ છૂટી ન જાય ?
માનસી : તો ટ્રાઈ કરીએ ? એમાં જોખમ તો નહીં ને ?
ગિરીશ : જોખમ શાનું ? તે હજી લલિત બે દિવસ તો અવેઈલબેલ છે ને! (અંદરથી સાયગલનું ગીત પછી માધવલાલનો અવાજ -)
માધવ : ગિરીશ ! માનસી ! આ નવાં થર્મોમીટરો તમે પણ ટ્રાઈ કરી જુવો તો !
ગિરીશ : હા..જી. (વ્હીસ્પર) માનસી!
માનસી : (વ્હીસ્પર) ગિરીશ!
ગિરીશ : (વ્હીસ્પર) લેટ અસ ટ્રાઈ... પ્રયોગ કરી જોઈએ.
માનસી : (વ્હીસ્પર) તો અત્યારથી જ?
ગિરીશ : (વ્હીસપર) હાસ્તો...
માધવ : (દૂરથી) ગિરીશ, આ થર્મોમીટરો...
ગિરીશ : એ હા, લાવો બાપાજી... અરે હું આવતો જ હતો.
માધવ : (નજીકથી) લે આ, ને માનસી તું આ- લે. ગિરીશ, લલિતને એક વાત પૂછવાની રહી ગઈ કે કોઈને હોઈ ટેમ્પરેચર જણાય તો શું કરવું? એ ભલે માનસિક રોગનો દાક્તર છે પણ એનેય હાઈ ટેમ્પરેચર થાય ત્યારે શું એ બીજાને બોલાવવા દોડતો હશે? હં, બન્ને નૉર્મલ છે ને ? (ગીત પૂરું થાય છે એટલે -)
માધવ : ગીત ફરી સાંભળવું પડશે. ફરીથી મૂકું. થોડીવાર પછી, નહીં તો હવે સવારે જ. (જવાનો અવાજ)
ગિરીશ : માનસી, આપણે એમ કરીએ. બધાં થર્મોમીટરોનો નાશ કરી નાખીએ. એકઠાં કરવા માંડ. જો બે તો અહીં છે.
માનસી : ના. છેક એમ નહીં, પણ બધાં સંતાડી દઈએ. થોડાં આ રહ્યાં.
ગિરીશ : સવારે ઊઠીને એ લેવા જશે... લે આટલાં તો થયાં..
માનસી : અરે અર્ધી રાતેય માગે... એ તો.. કયાં મૂકશું... ખાસ્સી ઢગલી થઈ છે.
ગિરીશ : તારા રસોડામાં ક્યાંક (માધવનો અવાજ : ગિરીશની વ્હીસ્પર) જલદી ઉપાડ. એ આ રહી ગયું. જલદી જા... (પ્રગટ) જી, બાપાજી.
માધવ : કાંઈ ખોવાયું ? વ્રામ ફાંફાં કેમ મારે છે ?
ગિરીશ : નહિ.... મારી પેન... આ રહી. મળી ગઈ.
માધવ : મને થયું કે સૂતા પહેલાં ફરી એક વાર ટેમ્પરેચર લઈ લઉં.
માનસી : (આવતાં આવતાં) હા, હું પણ... કેમ તગે ય...
ગિરીશ : હા, હા હું પણ...
માનસી : લાવો, તમારા ઓરડામાંથી નવાં જ લઈ આવું....
માધવ : જોયું ને ? લલિતની અસર થઈ લાગે છે.
માનસી : (પાછી ફરતાં) ત્યાં કંઈ જણાતાં નથી.
માધવ : ઊભાં રહો. હું લઈ આવું. કયાં ગયાં હોય ?
(જતાં જતાં) હમણાં તો મેં (fade)
માનસી : આ રહ્યાં !
ગિરીશ : એ પણ અંદર સંતાડી આવ. ને આપણે જતાં રહીએ - બેડ રૂમમાં (જવાનો ને બારણાનો અવાજ)
માધવ : ક્યાં ગયાં ? હમણાં તો હતાં ! માનસી -
ગિરીશ : જુવોને કયાં ગયાં ? અરે, અહીં પણ એકેય નથી ! નથી આ... ખાનામાં, નથી કબાટમાં....ને અહીં....અહીં... અહીં પણ નહીં ! ગિરીશ, માનસી.... તમને મળ્યાં ?
ગિરીશ : ના બાપાજી.
માધવ : તો કયાં ગયાં બધાં, એકસાથે ?
માનસી : ખબર નથી... (હવે ઘેલછા આવવા માંડે છે. વધતી જાય છે... અહીંથી તાલવાદ્ય શરૂ થાય છે ને તેનો ટેમ્પો છેલ્લી ઉક્તિ દરમિયાન ઉત્તરોત્તર વધતો જાય છે તે માધવલાલની પછડાટ પર થાપ સાથે પૂરો થાય છે.)
માધવ : મને લાગે છે કે મને તાવ ચડવા માંડ્યો છે. કપાળ ધગધગતું લાગે છે...ક્યાં ગયાં થર્મોમીટર ? રોજ તો અહીં... આંખો બળે છે.... કેટલું ટેમ્પરેચર હશે ? કેમ માપવું ? આ ફોટા પાછળ એક મૂક્યું'તું. નથી. એય નથી. ગિરીશ, (બરાડો) ગિરીશ...
ગિરીશ : (બારણું ઉઘાડી) અરે શું થયું, બાપાજી ?
માધવ : થર્મોમીટર મારાં ક્યાં ગયાં ? ક્યાં

ગયાં ?

માનસી : હશે... તમે સૂઈ જાવને. સવારે શોધી કાઢીશું.

માધવ : સવારે ! સવારે ! અરે જો જો. આ કેટલો તાવ છે ! ચાર... પાંચ... છ... સાત...

ગિરીશ : લાવો, જોવા દો જોઉં.... આ કપાળ તો ઠંડું છે. તાવ જ ક્યાં છે ?

માનસી : લ્યો, ચા બનાવી લાવું ? તુલસી-મરી-આદુ...

માધવ : ચા, કોફી, ઉકાળો ! અરે જોતાં નથી હું જ ઊકળું છું !

ગિરીશ : નથી, બાપાજી, નથી.

માધવ : નથી, નથી શું... જો જો... આ બળું છું, સળગું છું, અંદરથી ભડકે બળું છું... આ ભડકા નથી દેખાતા તને...

માનસી (ગભરાઈને - વ્હીસ્પર) ગિરીશ ! આ શું થઈ ગયું !

ગિરીશ : (ગભરાતો છતાં વ્હીસ્પર) તેમાં ગભરાવાનું નહીં. લલિતે કહ્યું હતું ને ? કાળજું કઠણ...

માધવ : આપો. આપો... મને કોઈ થર્મોમીટર આપો ! અરે, હું સળગી ચાલ્યો, ઓગળી ચાલ્યો. હમણાં વરાળ થઈ જઈશ...

માનસી : (રડમસ) લ્યો, પાણી લ્યો.

માધવ : પાણી ? પાણી નહીં, પારો... પારો આપ મને... તો આ તાવ... વધતો ચાલ્યો... પ્યાલો ભરીને - લોટો ભરીને... ઘડો ભરીને પારો લાવ... પછી જો તે કેવો ઊકળે છે... આવું જ આવું જ હતું તે વખતે... તે બિચારી તાવમાં શેકાતી હતી ને તાવ માપવા એક પણ થર્મોમીટર નહોતું મળ્યું ! આમ જ...

માનસી : (ભાંગી પડતાં) ઓહ ગિરીશ !...

ગિરીશ : માનસી ! અરે તું પણ ? જા...જા... અંદર જતી રહે..

માધવ : તું તું... આમ જ તડપતી હતી ને ? તને એકેય થર્મોમીટર નહીં મળેલું ને ? તો જો, જો મનેય મળે છે ? જા આઘો જા ગિરીશ... માનસી... મને અડતાં નહીં. દાઝશો. જો જો, આ જમીનને ય ફોલ્લા પડે છે. આ હવા પણ સળગવા લાગી.

ગિરીશ : (ગભરાટથી) એમ કર, તું બરફ લઈ આવ. જરા મક્કમ રહે માનસી.

માનસી : (રડતાં) ના...ના.. નથી સહન થતું... તું ડૉક્ટરને બોલાવ... લલિતને બોલાવ...

ગિરીશ : બોલાવું છું. પણ... જરા ધીરજ રાખ.. બાપુજી, ડૉક્ટર...

માધવ : નહીં મળે... એની વખતે મળ્યાં હતાં ? પણ મને આપોને થર્મોમીટર. એક... એકવાર, બસ એકવાર માપી દઉં... એકવાર... એક -

માનસી : આપ, આપને ગિરીશ. એકવાર ! આ નથી જોવાતું.

ગિરીશ : આપીએ ? પણ પ્રયોગ.

માનસી : ઝહન્નમમાં ગયો પ્રયોગ ! આમની દશા તો જો ! -

માધવ : (ડૂસકાં ભરતા) એકવાર... બસ... એકવાર....

માનસી : લ્યો લ્યો બાપાજી... આ રહ્યાં લ્યો... આટલાં બધાં !

ગિરીશ : આ શું માનસી ? આ શું કર્યું ?

માનસી : લ્યો બાપાજી આ...આ. આ બીજું ને આ -

માધવ : હા. હા. મળ્યાં ! મળ્યાં ! હવે જો ગિરીશ ! માનસી જો ! બધાંમાં પારો કેવો ચઢવા માંડ્યો ! બધામાં એકસાથે ! જો ચઢ્યો ઊછળ્યો, ઊભરાયો, વહેવા લાગ્યો. જો જો, આખા ખંડમાં ઉભરાવા લાગ્યો પારો ? ઊકળતો પારો ! હટી જાવ તમે, ટેબલ પર ચઢી જાવ. છાપરે જતાં રહો - આ ઊકળતા પારામાં ડૂબી જશો.

માનસી (રડી પડે છે) - ગિ...રી...શ...!

ગિરીશ : આ શું થઈ ગયું, માનસી ! ફોન કરું છું લલિતને ! તું બાપાજી ને સંભાળ (ફોન પર) હલો... લલિત...

માનસી : બાપાજી બાપાજી... ગિરીશ... બચાવ...

માધવ : મને...મને નહીં. પહેલાં તારી મમ્મીને બચાવ ! જો એ તણાય...ને પેલા ઊકળતા પારાનો ફુવારો એના પર પડે છે. ઊભી રહે હું જ આવું છું લાવ...લાવ.. તારો હાથ.. જો આ રહ્યાં. આજે તો બહુ થર્મોમીટર છે. અરે તૂટ્યાં ! બધાં થર્મોમીટર તૂટ્યાં ! ઓહ ! (થાપ સાથે તબલા બંધ)

ગિરીશ : બાપાજી !... (ડોરબેલ - ફરીથી ઉઘાડવાનો અવાજ) ઓહ ! લલિત ! લલિત ! (રડી પડે છે)

લલિત : આ શું થઈ ગયું ? ઓહ ! હું બહુ મોડો પડ્યો ! ગિરીશ. માનસી, માનસી ક્યાં છે ?....

(બીજા ઓરડામાંથી 'બાબુલ મોરા'...)

ગિરીશ : કોણ છે ? માનસી ? મા...ન...સી !

લલિત : ગિરીશ ! સમાલ એને ?

માનસી : (દાખલ થતી ને પછી પાસે આવીને) સાયગલના અવાજમાં કેટલું દર્દ છે !...ભાઈ લલિત ! તને તાવ તો નથી ને ? ગિરીશ ! તાવ માપ્યો ? લાવો... આ બધાં થર્મોમીટરો મને આપો. ભાંગેલાં છે તેથી શું ? માપું તો ખરી કે તાવ કેટલો છે ?

ગિરીશ : મા...ન...સી... !

લલિત : ગિરીશ ! માનસીને સંભાળ !

માનસી : જુવો... વધ્યો પારો...વાહ ! ... જોરથી હસે છે... ઊછળ્યો... ઊછળ્યો પારો... (હસે છે)

(બાબુલ મોરા લાઉડ...) □

આપણે ત્યાં કોઈપણ વારતહેવારે કે માંગલિક પ્રસંગે એક શુભ પ્રતીક તરીકે જેનાં પાનનાં તોરણ બનાવી જે વૃક્ષને ઝૂડી નાખવામાં આવે છે એ આસોપાલવથી ભાગ્યે જ કોઈ અજાણ છીએ. આંબાનાં પાન જેવાં લીલાંછમ સુંદર લાંબાં પાનની ઘટાથી શોભતું આ વૃક્ષ આમ તો આપણા બાગબગીચા તેમજ ઘરઆંગણે લગભગ સર્વત્ર જોવા મળે છે, પણ અસલ તો એ સિલોન-શ્રીલંકાનું વતની છે. કદાચ એનાં ઊંચા લાંબા થડને કારણે અંગ્રેજીમાં એ 'ધી ઇન્ડિયન માસ્ટર ટ્રી'ને નામે ઓળખાય છે. એનું શાસ્ત્રીય નામ છે 'પોલીએલ્થીઆ લૉંગીફોલિયા.' પૉલીઍલ્થીઆ એટલે અનેક ગુણવાળું. આસોપાલવના ઔષધીય ગુણોનું એ સૂચક છે. લૉંગીફોલિયા એટલે લાંબાં પાનવાળી વનસ્પતિ - શોભા અને છાયાવૃક્ષ તરીકે અને કદાચ આડશ તરીકે એ ઉગાડાય છે. એનો ઉછેર એટલો વ્યાપક બની ગયો છે કે જાણે એ અસલથી આપણું જ વૃક્ષ હોય એટલું પરિચિત બની ગયું છે.

આસોપાલવનું વૃક્ષ સીધું ઊંચું વધે છે અને પાનખરના એકાદ માસના ગાળા સિવાય એ સદાય લીલું રહે છે. તેનાં પાન સાદાં, એકાદ વેંત લાંબાં, બેથી ત્રણ આગંળ પહોળાં, ટોચે અણિયાળાં, લીસાં અને ચમકતાં હોય છે. આ પાનની કિનાર પાણીનાં મોજાં જેમ ચડઊતર હોય છે. દરેક પાનને મૂળમાં બેત્રણ સેન્ટિમીટર લાંબી દાંડી હોય છે. વસંત બેસતાં જૂનાં પાન ખરી નવાં કૂમળાં પાન આવે ત્યારે વૃક્ષ મનોરમ લાગે છે.

એપ્રિલથી જૂનના ગાળામાં પીળાશ પડતાં લીલાં છ પાંખડીવાળાં નાનાંનાનાં ઝૂમખાબંધ ફળો એને આવે છે.

આસોપાલવ એ સીતાફળ રામફળ આદિ વર્ગનું વૃક્ષ છે. એનાં ફળ ગુલાબજાંબુ જેવા અને જેવડાં તથા લીસાં હોય છે. ટૂંકી દાંડીવાળાં એવાં અનેક ફળો એક જ મુખ્ય દાંડી ઉપર ટોચે ગોઠવાયેલાં હોય છે. આ ફળો ચૉમાસે પાકે છે. ફળમાં એક બીજ હોય છે ને તેના વડે જ ઊગે છે. ઊગવામાં આ બહુ ધીમું વૃક્ષ છે.

આસોપાલવની છાલમાંથી નીકળતા રેસા દોરડાં બનાવવામાં વપરાય છે. તેની ચટાઈઓ પણ બને છે. એનું લાકડું વજનમાં હલકું અને વળી શકે તેવું તથા પીળાશ પડતા સફેદ રંગનું હોય છે. પિપ, પેનસિલ, ખોખાં તેમજ દીવાસળી બનાવવામાં તે વપરાય છે.

આસોપાલવનાં મૂળ, છાલ, પાન, ફૂલ અને ફળ બધાંનો ઔષધીય ઉપયોગ થઈ શકે છે. સ્રીઓનાં, ખાસ કરીને ગર્ભાશયનાં, દર્દોમાં તેના વિધવિધ ઔષધપ્રયોગોમાં તે પ્રયોજાય છે. કેટલેક સ્થળે આસોપાલવની છાલ તાવ માટે વપરાય છે.

આસોપાલવનો રસ સ્વાદે કડવો, તૂરો અને શીતવીર્ય, ગ્રાહી, રક્તસંગ્રાહક પીડાનાશક, વર્ણને સુધારનાર, અસ્થિને જોડનાર, હૃદયને હિતકર તથા ત્રિદોષ, તૃષા, દાહ, કૃમિ, શોષ, શ્રમ, ગુલ્મ,



ઔષધીય વનસ્પતિ

આસોપાલવ

વૈદ્ય બળદેવપ્રસાદ પનારા

શૂલ, ઉદરરોગ, આદમાન, વિષ, અર્શ, સોની, રક્તવિકાર, ગર્ભાશયની શિથિલતા, સ્ત્રીઓના પ્રદર, તાવ, સંધિવાતની પીડા, અપચો વગેરેમાં વપરાય છે.

આસોપાલવની છાલના ઉકાળામાં દૂધ નાખી પીવાથી બધી જાતના પ્રદરમાં લાભ કરે છે. ચોખાના ધોવાણ સાથે તેની છાલનું ચૂર્ણ રસવંતી તથા મધ મેળવીને લેવાથી ગર્ભાશયની નબળાઈ દૂર થાય છે. પ્રદરમાં તેની છાલના ઉકાળામાં થોડી ફટકડી મેળવી તેની પિચકારી લેવાથી લાભ થાય છે. દૂઝતા હરસમાં તેની છાલનો ઉકાળો લાભકર નીવડે છે. એ જ રીતે આ ઉકાળામાં દસવીસ ગ્રામ દીવેલ ભેળવીને પીવાથી વાતરક્ત રોગ મટે છે. ઘી, સાકર અને મધ મેળવીને આ ઉકાળો પીવાથી પિત્તજ પ્રમેહ મટે છે. આ ઉકાળામાં બ્રાહ્મણીનું ચૂર્ણ મેળવીને પીવાથી બુદ્ધિમંદતા મટે છે. છાલના ચૂર્ણ સાથે વજનું ચૂર્ણ ભેળવી જીભ ઉપર રોજ ઘસવાથી વાચાદોષ કે બોલવામાં અચકાતી જીભની મુશ્કેલી દૂર થાય છે. છાલના રસમાં સરસવના દાણા ઉકાળી, તે દાણાને છાંયે

(અનુસંધાન પાન ૧૩૮ ઉપર)

પસ્તીનાં પાનાં

ડૉ. પ્ર. ચુ. વૈદ્ય

શતાબ્દીઓનો વાયરો

તા. ૧-૪-૭૯. હમણાં શતાબ્દીનો વાયરો ચાલે છે. આઈન્સ્ટાઈનની શતાબ્દી ગઈ તો ગુજરાત કૉલેજની શતાબ્દી આવી ! પણ આપણી સંસ્કૃતિ તો જૂની. શતાબ્દી તો આપણે માટે ભાજીપાલો. આ વર્ષે આર્યસમાજના સ્થાપક દયાનંદ સરસ્વતીની દ્વિશતાબ્દી છે તો સ્વામીનારાયણ સંપ્રદાયની પણ દ્વિશતાબ્દી છે. અંધ કવિ સૂરદાસની પંચશતાબ્દી છે તો ગયે વર્ષે આર્યભટ્ટની પંદરમી શતાબ્દી હતી, અને તેના પહેલે વર્ષે જૈનોના મહાવીર સ્વામીની ૩૦મી કે તેથી વધુમી શતાબ્દી હતી ! બે દિવસ પહેલાં શક સંવત્સરનું ૧૯૦૦મું વર્ષ શરૂ થયું એટલે તે શકસંવત્સરની ૧૯મી શતાબ્દી જ ગણાય ને ! મને લાગે છે કે જેમ 'કુમાર'માં, 'આ માસ ઇતિહાસમાં' એવું એક પાનું આવે છે તેમ આ વર્ષની શતાબ્દીઓ માટે દર મહિને એક પાનું આવે તો વરસ ભરનાં ૧૨ પાનાં માટે ૧૨ શતાબ્દીઓ તો જરૂર વીણી શકાય.

જોકે બહુ મહેનત ન કરવી હોય તો શતાબ્દીને બદલે અર્ધશતાબ્દી પણ ઊજવી શકાય. હજુ બે દિવસ પહેલાં સરકારનો એક પરિપત્ર મારી ઉપર આવ્યો જેમાં ૧૯૩૦ની સત્યાગ્રહ લડતની પૂર્વભૂમિકા ૧૯૨૯ની ગુજરાત કૉલેજની પ્રસિદ્ધ હડતાળથી થયેલી તેની અર્ધશતાબ્દીની ઉજવણી માટેની સમિતિના સભ્ય તરીકે સરકારે મારી નિમણૂક કરી છે ! અરે, આટલું બધું દૂર જવાની જરૂર નથી. એપ્રિલના 'સુગણિતમ્'ના અંક ઉપર સી.વી. રામનનો ફોટો મૂકવો છે અને અંકમાં રામન-અસરની શોધની અર્ધશતાબ્દી છે !

ઘરમાં વડીલના વન-પ્રવેશ (એકાવનના વર્ષમાં પ્રવેશ)ની આપણે ઉજવણી કરીએ છીએ જેથી ભવિષ્યમાં આપણા વનપ્રવેશની પણ તેવી ઉજવણી થાય. આ વન-પ્રવેશ એ પણ અર્ધશતાબ્દીની ઉજવણી જ છેને !

આસોપાલવે આવ્યા મોર

તા. ૧૫-૪-૭૯. હવે ઉનાળો બરાબર જામતો જાય છે. તાપમાન ૪૨° સુધી જાય છે, પણ રાતના રાહત રહે છે, કારણ કે ન્યૂનતમ તાપમાન હજુ વસંતની યાદ આપે છે. વહેલી સવારે તાપમાન ૨૦ થી ૨૨°c જેટલું હોય છે.

આસોપાલવે નવાં પાનના વાઘા પહેરી લીધા છે અને હવે તેને મોર આવવા લાગ્યા છે. માણસની સ્વાર્થી જાતને આસોપાલવના મોરની કિંમત નથી. આંબે આવ્યા મોરની કિંમત છે, કારણ કે તે મોરને અન્તે મીઠી કેરી મળવાની છે ! આસોપાલવના મોરને અંતે તેનાં અરીઠાં જેવાં ફળ થાય છે, જેનો માણસ જાતને કાંઈ ઉપયોગ નથી. હા, આસોપાલવને આ ફળો આવશે એટલે ત્યાં વડવાગોળો માળા બાંધશે, તે ફળો ખાશે. એક આસોપાલવ ઉપરથી બીજા આસોપાલવ ઉપર રાતના ઊડાઊડ કરશે અને આપણું આખું આંગણું હગારથી ભરી મૂકશે ! 'આંબે આવ્યા મોર' એ જેમ માણસ જાત માટે ઉત્સાહની નિશાની છે તેવું, 'આસોપાલવે આવ્યા મોર' માટે નથી તે તો સમજાય તેવું છે... જોકે આ બાબતમાં માણસ અને વડવાગોળથી કોયલ જુદી પડી આવે છે. આંબે મોર આવે એટલે આંબા ઉપર બેસીને ટહુકા કરે અને આસોપાલવે મોર આવે ત્યારે આસોપાલવ ઉપર બેસીને ટહૂકા કરે. તેને તો ટહૂકા કરવા છે. બીજો કોઈ સ્વાર્થ લાગતો નથી !

'પ્રચાર બંધ છે પણ વિચાર ચાલુ રાખશો'

તા. ૬-૧-૮૦. કલકત્તાથી પાછાં ફરતાં આજે સવારે વ્યારા સ્ટેશને સૂરતનું દૈનિક 'ગુજરાત મિત્ર' ખરીદ્યું ત્યારે ગુજરાતના ચૂંટણી જંગની વિગતો જાણવા મળી. પાર્લમેન્ટ માટેની ચૂંટણીઓમાં આજે ગુજરાતના મોટાં શહેરોમાં મતદાન છે. સૂરત શહેરમાં આજે મતદાન છે. ૧૯૫૨માં હિતુભાઈના પિતા કાનજીભાઈ દેસાઈ સૂરતથી ચૂંટાયા હતા. ત્યારપછીની બધી જ ચૂંટણીઓમાં (૧૯૫૭, ૬૨, ૬૭, ૭૧ અને ૭૭) મોરારજીભાઈ ચૂંટાયા છે. આ વખતે મોરારજીભાઈ ઊભા નથી તેને બદલે જનતા પાર્ટીના અશોક મહેતા, જૂની કૉંગ્રેસ તરફથી હિતુભાઈ દેસાઈ અને ઇન્દિરા કૉંગ્રેસ તરફથી સી. ડી. પટેલ એમ ત્રિપાંખિયો જંગ છે. આ બધી માહિતી તો 'ગુજરાત-મિત્ર'માંથી મળી – પણ તે છાપામાં આજે યોજાનારી ચૂંટણીને અનુલક્ષીને આવેલી બે ત્રણ જાહેરખબરો વાંચવા જેવી છે. આ બધી જાહેરખબરો પહેલે જ પાને છે એટલે સારા પ્રમાણમાં પૈસા ખર્ચીને આપી હશે અને તે પણ નાગરિકોએ આપેલી છે, પક્ષો કે ઉમેદવારોએ નહિ. એક જાહેરખબરમાં જોડકણું છે :

'છેલ્લો દિવસ, છેલ્લો દાવ, / લોકશાહીની વહારે આવ.
એક જ ધડાકો એવો માર, / ઊગરી જાયે ડૂબતી નાવ !'
વિનયકુમાર વિવેકભાઈ સમજુ. ગોપીપરા.

બીજી જાહેરખબર મતદાર મંડળ – સૂરત તરફથી છે :

'આજે મત આપવા જરૂર જજો. હવે પ્રચાર બંધ છે, પણ વિચાર તો ચાલુ રાખશો.'

અને એ પછી કેવા ઉમેદવારને મત આપવો તેના ગુણધર્મો કહ્યા છે. એક ચાર્ટર્ડ એકાઉન્ટન્ટે જાહેરખબર આપી છે :

'આ ચૂંટણીમાં સવાલ માત્ર ચોકડી લગાવવાનો નથી, સવાલોનો સવાલ તમારી આઝાદી ટકાવવાનો છે.'

તે જ છાપામાં દિલ્હીનાં ચૂંટણી પોસ્ટરના કેટલાક નમૂના આપ્યા છે. જગજીવનરામ વિશેનું એક પોસ્ટર છે :
જગુ ભૈયા કિસકે ? / સીટ મિલિ ઔર ખિસકે.

ઇન્દિરા ગાંધી વિષે નીચે પ્રમાણે પોસ્ટર છે :

'નયા જાલ, પૂરાની ચાલ,
ઇન્દિરા, સંજય, બંસીલાલ'

જનતા પાર્ટી માટે :

'જનતા પાર્ટીકા દેખો ખેલ
ખા ગઈ ચિની, પી ગઈતેલ!'

રાજકારણમાં કદાચ આવું તો ભારતમાં જ બને

તા. ૩૦-૧૧-૮૦. વડોદરામાં આદિવાસીઓનું સંમેલન હતું. તેમાં પ્રમુખસ્થાન રાજ્યના પંતપ્રધાન લેવાના હતા અને મુખ્ય પ્રવચન ભારત સરકારના નાયબ ગૃહપ્રધાન આપવાના હતા. બંને ગુજરાતના ઇન્દિરા કૉંગ્રેસ પક્ષના. મીટિંગ સમયે કેન્દ્રના પ્રધાન હાજર ન હતા. પંતપ્રધાન આવ્યા. સભાની કાર્યવાહી શરૂ થઈ. પંતપ્રધાને ભાષણ કર્યું અને પછી કોઈ બીજા કાર્યક્રમમાં જવાનું હતું એટલે તે ચાલ્યા ગયા. ત્યારપછી કેન્દ્રના નાયબપ્રધાન સભામાં આવ્યા. તેમણે ભાષણમાં ગુજરાતની સરકારની ઝાટકણી કાઢી. ઇન્દિરા કૉન્ગ્રસની મધ્યસ્થ સરકારનો પ્રધાન ઇન્દિરા કૉંગ્રેસની ગુજરાતની સરકારની ઝાટકણી કાઢે! એક કલાક સુધી જાહેરસભામાં પંતપ્રધાન અને તેની સરકાર વિરુદ્ધ બૂમબરાડા પાડીને કેન્દ્રના નાયબ ગૃહપ્રધાન ચાલ્યા ગયા! છાપાંમાં આવ્યું એટલે છાપાંવાળા પંતપ્રધાનને મળ્યા. પંતપ્રધાન કહે, કેન્દ્રના આ નાયબ પ્રધાનનાં પત્ની રાજ્ય ધારાસભામાં ચૂંટાયાં છે. તેને રાજ્યના પ્રધાનમંડળમાં સ્થાન આપવા આ નાયબ પ્રધાને ઘણું દબાણ કર્યું પણ મેં તેમ કર્યું નહિ તેથી ગુસ્સે ભરાઈને આમ બોલે છે! આવું તો ભારતમાં જ બને!

પણ વધુ રસિક વાત તો એ છે કે, ગુજરાત કૉંગ્રેસના આ બે નેતાઓ વચ્ચે જાહેરમાં વિખવાદ થયો તેની પેલી વાઘણ ઇન્દિરાને ખબર પડી. બંનેને દિલ્હી બોલાવ્યા અને ખૂબ તતડાવ્યા હોય એમ લાગે છે. કારણ કે બંને એક જ એરોપ્લેનમાં, શિયાળવાં જેવા નરમ ઘેંશ થઈને પાછા આવ્યા અને છાપાંવાળાએ પૂછ્યું તો કહે, 'અમારા બે વચ્ચે હવે કોઈ મતભેદ નથી!' આવું તો ભારતમાં જ બને !! □

ગઝલના ગગનમાં-૩



મદનકુમાર
અંજારિયા
'ખ્વાબ'

કાયમી વસવાટ કરનારા મળ્યા,
તોય કબ્રસ્તાન નિર્જન થઈ ગયું.

ગઝલને ગુજરાતના એકેએક ખૂણાએ ઉપાસી છે. છેલ્લાં ૨૦ વર્ષથી ગુજરાતી અને કચ્છી ભાષામાં કાવ્યોનું સર્જન કરતા અને કચ્છમાં આવેલા 'કેરા' ગામના વતની એવા મદનકુમાર અંજારિયા 'ખ્વાબ'ને આપણે 'કુમાર', 'કવિલોક' વગેરે પ્રતિષ્ઠિત મૅગેઝીનોનાં પાનાં ઉપર મળતા રહીએ છીએ. આકાશવાણી ભૂજ ઉપર સેવા આપતા 'ખ્વાબ' એમ.એ., બી.એડ્. થયેલા છે. બુલંદ અવાજે તેમનાં કાવ્યોની રજૂઆત કચ્છમાં જાણીતી છે. પ્રથમ ગઝલ ૧૯૭૩માં 'કુમાર' માસિકમાં પ્રગટ થયા પછી અવિરત રહેલી તેમની કાવ્યસાધનાએ ગુજરાતી અને કચ્છી ભાષાઓમાં કાવ્યો આપ્યાં છે. તેમના કાવ્યસંગ્રહ 'ઓગન'ને ગુજરાતી સાહિત્ય અકાદમીનું ૧૯૯૦નું પારિતોષિક મળેલું છે. કચ્છી કાવ્યોનો તેમનો આ કાવ્યસંગ્રહ સમાંતર ગુજરાતી અનુવાદ સાથે પ્રગટ થયેલો છે, જે અત્યંત લોકપ્રિય નીવડ્યો છે. 'કચ્છડો કામણગારો' જેવી કચ્છી સાહિત્ય અને લોકસાહિત્યની વિડીઓ કેસેટ અત્યંત લોકપ્રિય નીવડી છે. ઉપરાંત કચ્છી સાહિત્યમાં પ્રથમ ગણી શકાય તેવું વિવેચન-પુસ્તક 'આરીસો' ગુજરાત સાહિત્ય અકાદમીની મદદથી પ્રગટ થયું છે. ગઝલ-ઉપાસક એવા મદનકુમાર અંજારિયા 'ખ્વાબ'નો ગુજરાતી ગઝલસંગ્રહ નજીકમાં પ્રાપ્ત થાય તેવી આશાઓ સાથે તેમના થોડાક શેર મમળાવીએ.

જિંદગી સુધરી નહીં ? હરકત નહીં,
મોત સુધરે તોય સારું, માનવી.

***

ખૂન મારું, ધરપકડ મારી જ થઈ
હું મને સાબિત કરી શકતો નથી.

***

ક્યાં છે વિકલ્પો લોહીના ? છે માત્ર પર્યાયો,
ના હોય નસ તો હોય શું નસની અવેજીમાં?
બે હાથ જોડ્યા, સ્મિત કર્યું ને 'કેમ છો ?' પૂછ્યું;
બીજું કરે શું 'ખ્વાબ', ખુન્નસની અવેજીમાં?

***

છોડ આંસુ લૂછવાની ઘેલછા
ફક્ત પડછાયો જ કોરો હોય છે.

***

કંઈક તો હે જીભ કોમળ થા હવે
કંઈક ઉચ્ચારી શકું પથ્થર વિશે.

***

કિનારે એ શું જોઈને થરથર્યા ?
રચી ઓટ દરિયો કાં પાછો ફર્યો ?

***

તિમિરને નીંદરનારા રોશનીનું હાર્દ શું જાણે ?
અમાવસ રાતવેળાએ સિતારા ઑર ચમકે છે.

***

છું જ છું, સરિયામ સાંગોપાંગ છું,
એમ આબેહૂબ મારો સ્વાંગ છું.
ચાર સ્કંધોની મદદ લેવી પડી,
આખરે સાબિત થયું-વિકલાંગ છું.

રાજેશ વ્યાસ 'મિસ્કીન'

કંકાવટી

એક મહાન મહિલા રસાયણશાસ્ત્રી

ડૉરોથી હોજકીન

ડૉ. મિહિરકુમાર જોષી

થોડા દિવસો પહેલાં મારે દક્ષિણ ગુજરાતના ઔદ્યોગિક નગર વાપી જવાનું થયું. ત્યાં મારા ભાઈ ડૉક્ટર છે. એક દિવસ સાંજે અમે બેઠા હતા, ત્યારે કેટલાક દર્દીઓ મળવા આવ્યા. એક દર્દીને બીમારીમાંથી સાજા થયા બાદ નબળાઈની ફરિયાદ હતી. તેમણે તેને વિટામિન બી-કૉમ્પ્લેક્સ લેવાની સલાહ આપી. એક દર્દીને ઊંચા બ્લડપ્રેશરની તકલીફ રહેતી હતી એટલે તેમણે કોલેસ્ટેરોલ ટેસ્ટ કરાવી લેવાની સલાહ આપી, જ્યારે અન્ય એક દર્દીને ડાયબિટીસની તકલીફ હતી. એટલે સારવાર માટે ઇન્સ્યૂલીન લેવાની સલાહ આપી. આપણને આ પ્રકારનું દૃશ્ય લગભગ મોટા ભાગનાં દવાખાનાંઓમાં જોવા મળે છે. આ પ્રકારની ફરિયાદો પણ ઘણી વ્યાપકપણે જોવા મળે છે. ડૉક્ટરે સારવાર માટે જે સૂચનો કર્યાં તે બધાંની વચ્ચે એક સામ્ય જરૂર છે અને તેની શોધે વિજ્ઞાનની પ્રત્યેક શાખાને સાંકળી લીધી છે. આપણને જરૂર પ્રશ્ન થાય કે વળી તબીબી વિજ્ઞાનની આ બાબતોને વિજ્ઞાનની અન્ય શાખાઓ જેવી કે રસાયણશાસ્ત્ર, ભૌતિકશાસ્ત્ર અને ગણિતશાસ્ત્ર સાથે શો સંબંધ હોઈ શકે છે ? હા, સંબંધ જરૂર છે અને આ સંબંધ જેમના થકી બંધાયો છે તેમાં ચાવીરૂપ વ્યક્તિ તરીકે મહાન નોબેલ પારિતોષિક વિજેતા મહિલા રસાયણશાસ્ત્રી શ્રીમતી ડૉરોથી હોજકીન (Dorothy Hodgkin) રહેલાં છે. તેઓનાં સંશોધનો ઉપરથી આ બાબતની પ્રતીતિ જરૂર થશે.

આજથી ૮૪ વર્ષ પહેલાં ૧૯૧૦માં ડૉરોથીનો જન્મ ઇજિપ્તના કેરો નગરમાં એક અંગ્રેજ પરિવારમાં થયો હતો. અભ્યાસ અર્થે તેઓ ઇજિપ્તથી વતન ઇંગ્લન્ડ આવ્યાં. ૧૯૨૮ થી ૧૯૩૧ સુધી તેઓ ઑક્સફોર્ડમાં સોમરવિલે કૉલેજમાં વિદ્યાર્થી હતાં. ત્યારબાદ ૧૯૩૨ થી ૧૯૩૪ સુધી તેઓએ કેમ્બ્રિજ યુનિવર્સિટીમાં અભ્યાસ કર્યો. ડૉરોથીએ અભ્યાસ પૂરો કર્યા બાદ તરત જ ઑક્સફર્ડ યુનિવર્સિટી ખાતે અધ્યાપક તરીકે નોકરી સ્વીકારી અને પોતાની સમગ્ર કારકિર્દી દરમિયાન ત્યાં જ સંશોધન અને અધ્યાપનનું કાર્ય કર્યું. ૧૯૩૭માં તેમનાં લગ્ન ટૉમસ હોજકીન નામના યુવાન સાથે થયાં હતાં.

ઑક્સફર્ડ યુનિવર્સિટીની પ્રયોગ-શાળામાં તેમણે ઘણાં મહત્ત્વનાં સંશોધનો કર્યાં હતાં. તેઓએ એક્સ-રે ક્રિસ્ટલોગ્રાફી (X-Ray Crystallography)ની મદદથી પેનિસિલીન (Penicillin), વિટામિન બી૧૨ (Vitamin B_{12}), કોલેસ્ટેરોલ આયોડીન (Cholesterol Iodine)અને ઇન્સ્યૂલીનનો અભ્યાસ કર્યો અને અગત્યનાં પરિણામો પ્રાપ્ત કર્યાં. તબીબી જગત સાથે મુખ્યત્વે સંકળાયેલા આ પદાર્થોનો ડૉરોથી હોજકીને ભૌતિકશાસ્ત્રની એક્સ-રે ક્રિસ્ટલો-ગ્રાફીની ટેક્નિક વડે અભ્યાસ કર્યો, પરંતુ આપણે જાણીએ છીએ કે એક્સ-રે એનાલીસીસ માટે ગણિતશાસ્ત્રની ફોરીયર એનાલીસીસ (Fourier Analysis) જેવી અનેક અટપટી ગાણિતીય થિયરીઓનો ઉપયોગ કરવામાં આવે છે. આ રીતે તેમનાં સંશોધન કાર્યોએ વિજ્ઞાન જગતની મુખ્ય શાખાઓને એકસૂત્રે બાંધી દેવામાં અગત્યનો ફાળો આપ્યો છે, તેમ કહીએ તો જરા પણ અતિશયોક્તિ ના લાગે.

ડૉરોથી હોજકીને કરેલાં સંશોધનોની જટિલતા સમજવા ઇન્સ્યૂલીનનું રાસાયણિક સૂત્ર લખવા પ્રયત્ન કર્યો, પરંતુ લખવા બેઠો ત્યારે આખું ફૂલ્સકેપ પાનું ભરાઈ ગયું, જેથી તેને અહીં સામેલ કરવાનો પ્રયત્ન અધવચ્ચે છોડવો પડ્યો !! ઇન્સ્યૂલીનનો અણુભાર (molecular weight) ૬૦,૦૦૦ જેટલો છે અને તેનો અણુ લગભગ ૫૧ જેટલા એમીનો ઍસિડ્સ (amino acidss)ની શૃંખલાઓમાં આવેલ છે. ડૉરોથી હોજકીનનાં આ સંશોધનોએ ૧૯૬૪માં રસાયણશાસ્ત્રનું નોબેલ પારિતોષિક તેમને એનાયત થવામાં મહત્ત્વનો ફાળો આપ્યો.


ડૉરોથી હોજકીને પોતાનાં સંશોધનો એવા સમે કર્યાં કે જે વખતે ખૂબ અલ્પ સંખ્યામાં મહિલા વિજ્ઞાનીઓ જોવા મળતાં હતાં. આ ઉપરાંત તેઓએ પોતાના સંશોધનકાર્યમાં અન્ય મહિલાઓને પણ સાંકળી લીધાં હતાં. આ ઉપરાંત બ્રિટનનાં લોખંડી મહિલા અને ભૂતપૂર્વ વડાપ્રધાન શ્રીમતી માર્ગરેટ થૅચર જ્યારે ઑક્સફર્ડમાં અભ્યાસ કરતાં હતાં ત્યારે તેઓ શ્રીમતી ડૉરોથી હોજકીનનાં વિદ્યાર્થિની રહી ચૂક્યાં હતાં. પરંતુ પાછળથી માર્ગરેટ થૅચર કાયદાશાસ્ત્રના અભ્યાસમાં જોડાયાં હતાં.

૮૪ વર્ષની જૈફ ઉંમરે ડૉરોથી હોજકીનનું ૩૦મી જુલાઈ ૧૯૯૪ના રોજ ટૂંકી બીમારી બાદ અવસાન થયું. તેઓ છેલ્લા કેટલાક વખતથી મધ્ય ઇંગ્લન્ડના વૉરવિકશાયર કાઉન્ટી ખાતે આવેલ પારિવારિક નિવાસસ્થાનમાં રહેતાં હતાં. આવાં મહાન મહિલા વિજ્ઞાનીને આપણી સૌની શ્રદ્ધાંજલિ છે. ('વિજ્ઞાનદર્શન'માંથી)

□

પ્રથમ ભારતીય મહિલા

રાજકર્તા : રઝિયા બેગમ
વડાપ્રધાન : ઇન્દિરા ગાંધી
રાજ્યપાલ : સરોજિની નાયડુ
મુખ્યપ્રધાન : સુચિતા કૃપલાની
કૉન્ગ્રેસ પ્રમુખ : સરોજિની નાયડુ
યુનોના પ્રમુખ : વિજયાલક્ષ્મી પંડિત
ઇંગ્લીશ ચેનલ તરનાર : આરતી ગુહા
વિશ્વ સુંદરી : રીટા ફારિયા



દેલવાડા (આબુ)ના મંદિરનું એક વિતાન

વાસ્તુ-શાસ્ત્ર પ્રમાણે

મંદિરની રચના

(ઈશાન)


હેમંત વાળા

વાસ્તુ-શાસ્ત્રમાં મંદિરરચના માટેના સિદ્ધાંતો વિસ્તારપૂર્વક જણાવાયા છે. સંપૂર્ણ મંદિરની રચનામાં મૂર્તિના સ્થાન એવા ગર્ભ-ગૃહ સુધી પહોંચવા સ્તંભો વડે રચાયેલા વિવિધ મંડપોમાંથી પસાર થવું પડે છે. મંદિરનો પ્રવેશ સામાન્ય રીતે ચાર સ્તંભ વાળા ચતુષ્કિકા પ્રવેશમંડપમાંથી કરાય છે. આ મંડપને શૃંગારમંડપ કે ચૉકી પણ કહેવાય છે. મંદિરની પ્લીન્થ - જગતી-ની ઊંચાઈ પ્રમાણે પ્રવેશમંડપ સુધી ચડવા માટેનાં પગથિયાં સામાન્ય રીતે પૂર્વ દિશામાં હોય છે. ઉત્તર, પૂર્વ તથા દક્ષિણ દિશામાં આવેલા પ્રવેશમંડપથી રંગમંડપમાં પ્રવેશી શકાય, જે નૃત્યમંડપ કે અર્ધમંડપ તરીકે પણ ઓળખાય છે. રંગમંડપની પશ્ચિમે આવેલા સ્રીકમંડપની પ્લીન્થ રંગમંડપથી થોડી ઊંચી હોવાથી ત્યાં જવા થોડાં પગથિયાં ચઢવાં પડે છે; કારણ કે પ્રવેશમંડપથી રંગમંડપ, રંગમંડપથી સ્રીકમંડપ તથા ગૂઢમંડપ અને ગૂઢમંડપથી ગર્ભગૃહ એમ ઉત્તરોત્તર ઊંચા કરવાનું વાસ્તુશાસ્ત્રમાં જણાવાયું છે. સ્રિકમંડપ ચતુષ્કિકાના પુનરાવર્તનથી રચાય છે. જ્યારે રંગ-મંડપની રચનામાં વચમાં આષ્ટકોણાકાર સ્તંભ વગરની જગ્યાની રચના કરવામાં આવે છે. આ જગ્યા સ્રીકમંડપની એક ચતુષ્કિકા કરતાં સાત ગણી વિશાળ હોય છે જ્યાં પ્રાચીન સમયે ભગવાનને રીઝવવા નર્તકીઓ નૃત્ય કરતી.

સ્રીકમંડપ પછી અને ગર્ભગૃહ આગળના અંતરાલ પહેલાં ગૂઢમંડપ આવે. સ્રિકમંડપ તથા રંગમંડપની ફરતે દીવાલો નથી બનાવાતી - હા, કેટલીકવાર તેની ફરતે બેઠક બનાવવા અમુક ઊંચાઈ સુધી દીવાલ ચણાતી હોય છે અથવા તો બે સ્તંભ વચ્ચે હલેબિડના મંદિરમાં છે તેવી કોતરણીવાળી જાળી મુકાય છે. જ્યારે ગૂઢમંડપને ફરતે ઉપરની સંવરણા સુધીની દીવાલો વડે બંધ કરાય છે. ગૂઢમંડપમાં તેની ઉત્તરે તથા દક્ષિણે આવેલ ચતુષ્કિકા પ્રવેશમંડપમાંથી પણ પ્રવેશી શકાય છે. વળી, ગૂઢમંડપની દીવાલોમાં કેટલીકવાર નાની બારીઓ કે પથ્થરની જાળીઓ પણ જોવા મળે છે.

ગૂઢમંડપની પશ્ચિમે અંતરાલ નામની વચગાળાની જગ્યા રચાય છે, જે પ્રમાણમાં નાની હોય છે. અંતરાલ એ એક રીતે જોતાં જગ્યા ધારણ કરતો ઉંબરો છે. અંતરાલની અંદરની ઉત્તર તથા દક્ષિણની દીવાલે મૂર્તિ માટેના ગૉખ હોય છે. અંતરાલની પશ્ચિમે ભગવાનની મૂર્તિનું સ્થાન - ગર્ભગૃહ આવે. ગર્ભગૃહની ચારે તરફ દીવાલ હોય છે. જેમાં પ્રકાશના પ્રવેશ માટે કોઈ અજવાળીયું નથી રખાતું. આમ, ગર્ભગૃહ અંધારો ઓરડો બની રહે છે, જેની ફરતે પ્રદક્ષિણાપથ રચતી જગતી-પ્લીન્થ-પ્રસરતી હોય છે. આ પ્રદક્ષિણા પથ કેટલીકવાર દીવાલો તથા પથ્થરની જાળીઓ અને ઉપર છત વડે બંધ પણ કરાય છે. આવા પ્રદિક્ષણા પથમાં ગર્ભગૃહની દીવાલની બહારની સપાટી તથા પ્રદક્ષિણા પથની દીવાલની અંદરની સપાટી પર નાના-મોટા ગૉખ બનાવી વિવિધ મૂર્તિઓનું અધિષ્ઠાન કરી શકાય.


રંગમંડપના તેની રચના પ્રમાણે વાસ્તુ-શાસ્ત્રમાં સત્તાવીશ પ્રકાર વર્ણાવાયા છે. બાર સ્તંભનો રંગમંડપ 'સુભદ્ર' નામે ઓળખાય છે જ્યારે ચૌદ સ્તંભનો 'શ્યામભદ્ર', સોળ સ્તંભનો 'સિંહક', અઢાર સ્તંભનો 'પદાધિક', વીસ સ્તંભનો 'કર્ણિકાર', બાવીસ સ્તંભનો 'કૃર્પણ', ચોવીસ સ્તંભનો 'સુગ્રીવ', છવીસ સ્તંભનો 'પ્રભાનભદ્ર', અઠાવીસ સ્તંભનો 'માનવ', ત્રીસ સ્તંભનો 'નંદન', બત્રીસ સ્તંભનો 'ભૂજવ', ચોત્રીસ સ્તંભનો 'શત્રુમર્દન', છત્રીસ સ્તંભનો 'સુશ્રેષ્ઠ', આડત્રીસ સ્તંભનો 'વિશાલવી', ચાલીસ સ્તંભનો 'યજ્ઞભદ્ર,' બેતાલીસ સ્તંભનો 'શ્રીધર', ચુમાલીસ સ્તંભનો 'વાસ્તુકીર્તિ', છેતાલીસ સ્તંભનો 'વિજય', અડતાલીસ સ્તંભનો 'શ્રી વત્સ', પચાસ સ્તંભનો 'ગયાહવ', બાવન સ્તંભનો 'ગજભદ્ર', ચોપન સ્તંભનો 'બુદ્ધિસંધયા', છપ્પન સ્તંભનો 'કૌશલ્ય', અઠ્ઠાવન સ્તંભનો 'મૃગનંદન', સાઠ સ્તંભનો 'સુપ્રભ', બાસઠ સ્તંભનો 'પુણ્યભદ્ર' તથા ચોસઠ સ્તંભનો રંગમંડપ 'પુષ્પક' નામે ઓળખાય છે. આ પ્રત્યેક રંગમંડપમાં વચમાં ઘૂમટના આયોજન માટે એક અષ્ટકોણાકાર જગ્યા રચાય છે. ચોસઠ સ્તંભવાળા રંગમંડપને 'ત્રિલોક્ય વિજય' તરીકે પણ ઓળખવામાં આવે છે. ત્યારબાદ સ્તંભની સંખ્યામાં બે-બેનો વધારો કરવાથી બનતાં રંગમંડપના નામ ક્રમાનુસાર લક્ષ્મીવિલાસ, પદ્મસંભવ, વિમાન, તેજવર્ધન, પ્રતાપ, સૂર્યાડ્ગ, ભૂર્ભુવા, પ્રણ્યાત્મા, શાન્તિદેહ, સુરવલ્લભ, શતશૃંગ, પૂર્ણામ્ય, કીર્તિપતાક, મહાપદ્મ, પદ્મરાગ, ઈન્દ્રનીલ, શૃડ્ગવા, રત્નકૂટ, હેમકૂટ, ગન્ધમાદન, હિમાવન, કૈલાસ, મંદાર



મંદિરનાં મુખ્ય અંગો ● ૧. પ્રવેશમંડપ, ૨. રંગમંડપ, ૩. સ્રીકમંડપ, ૪. ગૂઢમંડપ, ૫. અંતરાલ, ૬. ગર્ભગૃહ અને ૭. પ્રદક્ષિણાપથ

તથા મેરુ છે. વાસ્તુશાસ્ત્રના અન્ય એક પુસ્તકમાં રંગમંડપના તેત્રીસ પ્રકારો વર્ણવાયા છે.

સ્રીકમંડપના બાર પ્રકાર વાસ્તુસાસ્ત્રના એક પુસ્તકમાં જણાવાયા છે. એક પદીવાળો સ્રીકમંડપ સુભદ્ર તરીકે ઓળખાય છે જ્યારે ત્રણ પદીવાળો કિરીટ, ત્રણ પદીની આગળ એક પદીની ચૉકીવાળી દુન્દુભિ, છ પદીવાળો પ્રાન્ત, છ પદીની આગળ એક પદીની ચૉકી વધારવાથી બનતો 'મનોહર', નવ પદીવાળો 'શાન્ત', નવ પદીની આગળ એક પદીની ચૉકીવાળો નંદ, નવ પદીની બંને બાજુ એકએક પદી વધારવાથી બનતો સુદર્શન, સુદર્શનની આગળ એક પદીની ચૉકી વધારવાથી બનતો રમ્યક, રમ્યકની આગળની ચૉકીની બંને બાજુ એકએક પદી વધારવાથી બનતો સુનાભ, સુનાભની પાછળની પંક્તિમાં બે બાજુ એકેક પદ વધારવાથી બનતો સિંહ તથા પાંચ પદની ત્રણ પંક્તિ આગળ ત્રણ પદની ચૉકી મૂકવાથી બનતો સ્રીકમંડપ 'સૂર્યાત્મક' નામે ઓળખાય છે. આમાંના 'સુભદ્ર' તથા 'કિરીટ'માં એક ઘૂમટ, દુન્દુભિ, પ્રાન્ત તથા મનોહરમાં ત્રણ ઘૂમટ, 'રમ્યક' તથા 'સુનાભ'માં ચાર ઘૂમટ, 'શાન્ત' તથા 'સુદર્શન'માં પાંચ ઘૂમટ જ્યારે 'નંદ'માં છ અને 'સિંહ' તથા 'સૂર્યાત્મક'માં આઠ ઘૂમટ રચવામાં આવે છે.




ગર્ભગૃહના ત્રણ પ્રકાર ● ૧. પ્રતિભદ્રયુક્ત, ૨. સુભદ્રયુક્ત અને ૩. ભદ્રયુક્ત. ભિતીના ત્રણ પ્રકાર ● અ. સમદલઆર્યા, બ. ભાગવાઆર્યા અને ક. હસ્તાગુલઆર્યા

ગૂઢમંડપના આઠ પ્રકાર જણાવાયા છે; ચોરસ-વર્ધમાન, ભદ્રયુક્ત સ્વસ્તિક, પ્રતિરથયુક્ત ગરુડ, ભદ્રપતિ ભદ્રયુક્ત સુરનન્દન, રેખાની પાસે નંદીવાળો સર્વતોભદ્ર, ભદ્રની પાસે નંદીના સ્થાનવાળો કૈલાસ, પ્રતિરથ પાસે નંદી હોય તેવો ઇન્દ્રનીલ તથા ત્રણ નંદીયુક્ત રત્નસંભવ, ગૂઢમંડપની દીવાલો પણ ગર્ભગૃહની દીવાલોની જેમ મંડોવર તરીકે ઓળખાય છે. અને તેવી જ રીતે ગર્ભગૃહની પીઠ જેવી ગૂઢમંડપની પણ પીઠ બનાવાય છે. ગૂઢમંડપ જો પ્રમાણમાં મોટા વિસ્તારવાળો હોય તો તેને મહામંડપ કહેવાય છે અને આવા મહામંડપના શિવનાદ, હરિનાદ, બ્રહ્મનાદ, રવિનાદ, સિંહનાદ તથા મેઘનાદ એમ છ પ્રકારો વાસ્તુ-શાસ્ત્રમાં વર્ણાવાયા છે.

ગર્ભગૃહના ત્રણ પ્રકાર પ્રચલિત છે : ભદ્રયુક્ત, સુભદ્રયુક્ત તથા પ્રતિભદ્રયુક્ત. આ પ્રકારોમાં ગર્ભગૃહની દીવાલની અંદરની તેમજ બહારની સપાટીની રચના પ્રતિબિંબિત થાય છે. ભદ્રયુક્ત ગર્ભગૃહની અંદરની જગ્યા ખૂણા ઉપસાવેલા ચોરસ જેવી હોય છે. સુભદ્રયુક્ત પ્રકારના ગર્ભગૃહમાં આ ખૂણાની સંખ્યા તથા પ્રમાણમાપ વધે છે અને ગર્ભગૃહ ચોરસ તથા બહુકોણના સમન્વય જેવું બને છે; જ્યારે પ્રતિભદ્રયુક્ત ગર્ભગૃહ અંદરથી ગોળાકાર હોવાની ભાવના વધુ દૃઢ બને છે. ગર્ભગૃહની દીવાલ – મંડોવર – ની બહારની પશ્ચિમ દિશા સન્મુખ દીવાલની રચના પ્રમાણે પણ તેના હસ્તાંગુલ આર્યા, ભગવા આર્યા તથા સમદલ આર્યા એમ ત્રણ પ્રકારો દર્શાવાયા છે.

ગર્ભગૃહને ચોક્કસ ઊંચાઈવાળી અને ચોક્કસ પ્રકારની કોતરણીવાળી પીઠ – પીઠમાન – પર બનાવાય છે. તેની દીવાલ




મંદિરમાં નાનામાં નાના ભાગની રચનામાં પણ ચોક્કસ પ્રમાણમાપ જળવાય છે. અહીં ઉદાહરણાર્થે ૧૦×૧૫ તથા ૬×૯ માપના કળશમાન દર્શાવ્યાં છે.

મંડોવરની રચના ગૂઢમંડપના સ્તંભની રચનાને અનુરૂપ કરાય છે. આ મંડોવર પર છજ્જાની રચના પછી શિખરની બેઠક તરીકે સંવરણા બનાવાય છે. ગર્ભગૃહના મંડોવરની ઉત્તર દીવાલે અભિષેક થયેલાં પાણીના વહેણ માટે મકરમુખ પ્રનાલ રચાય છે.

આ ઉપરાંત, મંદિરની રચનાનાં મુખ્ય અંગોમાં જગતી તેના પર આવેલ પીઠ, સ્તંભ, મંડોવર, શિખર તથા દ્વાર ગણાય.

જગતી એ મંદિર માટેની પ્લીન્થ છે. મંદિરની દીવાલો સીધી જમીનમાંથી ન નીકળતાં તે જમીન પર બનાવાયેલ ઊંચા પ્લેટફૉર્મ ઓટલા – પરથી નીકળે છે. આમ, જગતી એ એક ઊંચી નક્કર અગાશી છે, જેની ઊંચાઈ તથા વિસ્તાર પ્રાસાદના પ્રમાણમાપ પરથી નિર્ધારિત થાય છે. આમ, નક્કી થયેલી ઊંચાઈને ચૌદ ભાગમાં વહેંચવામાં આવે છે, જેમાં નીચેથી દોઢ ભાગને ત્રણ ચોરસ ભાગમાં વહેંચવામાં આવે છે. ત્યારબાદ એક ભાગની ચિપ્પિકા, એક ભાગનો કુંભો, અડધા ભાગનો ખરો, પોણા ભાગનો જાડંબો, અડધા ભાગની કર્ણિકા, પોણા ભાગનું અંતરાળ છજુ, અડધા ભાગનો ફરીથી ખરો અને તેવી જ રીતે દોઢ ભાગનો ફરીથી કુંભો, પોણા ભાગનો કળશો, અડધા ભાગનો ફરીથી અંતરાળ, પોણા ભાગનો કેવાળ તથા એક ભાગનો રૂપકાંઠો બનાવાય છે. જગતીની રચનામાં નંદીમંડપ, ગોખ, ઈત્યાદિની રચના કરી વિવિધ મૂર્તિઓનું અધિષ્ઠાન પણ કરાય છે.

જગતી પર તેના સમતલે ધરણીશિલાનો થર કરાય છે. આમાં ભીટનો થર સૌપ્રથમ આવે. આ થરથી જગતીના સમતલથી પ્રાસાદના મંડપોનું સ્તર થોડું ઊંચું થાય. વળી, જગતી પર મંડોવરની રચના માટે પીઠમાનની રચના પણ કરાય છે.




સ્ત્રીકમંડપના વિવિધ પ્રકારો. ૧. સુભદ્ર, ૨. કિરીટ, ૩. દુન્દુભિ, ૪. પ્રાન્ત, ૫. મનોહર, ૬. શાંત, ૭. નંદ, ૮. સુદર્શન, ૯. રમ્યક, ૧૦. સુનાભ, ૧૧. સિંહ અને ૧૨. સૂર્યાત્મક. ←

પ્રાસાદના આસન તરીકે બનાવાતાં પીઠમાન નવ પ્રકારનાં છે; ભદ્ર, સુભદ્ર, કમલ, વસુન્ધર, સિંહ, વ્યોમ, ગરુડ, હંસ તથા વૃષભ. વાસ્તુશાસ્ત્રમાં પીઠમાનની રચના પર ખાસ ભાર અપાયો છે અને કહેવાય છે કે જે રીતે પર્વતને મેખલા તથા લિંગને પીઠ આધારરૂપ છે તે રીતે પ્રાસાદ માટે પીઠમાન આધારરૂપ છે.


પીઠની ઊંચાઈના સામાન્ય રીતે ત્રેપન ભાગ કરાય છે. તેમાં સૌથી નીચે નવ ભાગનો જાડંબો, ત્યાર બાદ છ ભાગની કર્ણિકા, ત્રણ ભાગની છાજલી, ચાર ભાગની ગ્રાસપટ્ટી, એક ભાગની ચિપ્પિકા, બાર ભાગનું ગજપીઠ, દશ ભાગનું નરપીઠ સૂચવાયું છે. ગ્રાસપટ્ટી એ ફૂલ-પાન-વેલની આકૃતિવાળી ભાત છે; જ્યારે ગજપીઠ, અશ્વપીઠ તથા નરપીઠમાં અનુક્રમે વિવિધ મુદ્રામાં હાથી, ઘોડા તથા માનવીની આકૃતિઓ કંડારાય છે. આ ઉપરાંત, પીઠમાનમાં હંસ, ગંધર્વ, યક્ષ-યક્ષિણી ઈત્યાદિની પટ્ટીઓ – પીઠ – બનાવાય છે. અપરાજિત પૃચ્છામાં પીઠમાન વિષે વિસ્તારપૂર્વક આલોચના જોવા મળે છે. આ પુસ્તકમાં પીઠના ત્રણ પ્રકાર કહ્યા છે : મહાપીઠ, કાદમપીઠ તથા કર્ણપીઠ. આમાંની કર્ણપીઠ સૌથી નાની છે, જેમાં જાડંબો અને કણીના બે થરો બનાવાય છે. કાદમપીઠમાં જાડંબો અને કાણી ઉપરાંત અંતરાલ, છાજલી અને ગ્રાસપટ્ટી રખાય છે. મહાપીઠમાં કદમપીઠના થરો ઉપરાંત ગજપીઠ, અશ્વપીઠ તથા નરપીઠનો ઉમેરો થાય છે. વળી, અશ્વપીઠ તથા નરપીઠ વચ્ચે કેટલીકવાર રથ-પંક્તિ - માતૃપીઠનો સમાવેશ પણ જોવા મળે છે.

મંદિરની રચનામાં સ્તંભનું આગવું મહત્ત્વ છે. તેના રચનામૂલક ઉપયોગ ઉપરાંત તેના પ્રમાણમાપ વડે ચોક્કસ દશ્ય-અનુભૂતિ સર્જી શકાય છે. મંદિરમાં ભગવાનની મૂર્તિ ઉપરાંત ચક્ષુસ્તરે આવતું આ એક અગત્યનું અંગ છે. સ્તંભનું સ્થાન ચોક્કસ ભૌમિતિક આકારોના સમન્વય તથા પુનરાવર્તનથી નક્કી થાય છે. તેની ઊંચાઈ મંડોવરની ઊંચાઈને અનુરૂપ હોય છે; જ્યારે તેની જાડાઈ પ્રાસાદના રેખાવિસ્તાર પ્રમાણે નક્કી કરાય છે. પરંતુ એ ધ્યાન રાખવામાં આવે છે કે બે સ્તંભ વચ્ચેની જગ્યા સ્તંભની જાડાઈથી ચાર ગણી કરતાં ઓછી ન થાય. વાસ્તુ-શાસ્ત્રમાં ચોરસ સ્તંભને રુદ્ર, રૂચક કે બ્રહ્મકીત તરીકે આલેખવામાં આવે છે. ચોરસ પણ વીસ પાસાવાળો સ્તંભ ભદ્ર, સુભદ્ર કે ભદ્રજા, છત્રીસ પાસાવાળો સ્તંભ પ્રતિભદ્ર, સંવર્ધન કે વર્ધમાન, અષ્ટકોણીય સ્તંભ સ્વસ્તિક, અષ્ટાંશ્ર, વજક કે વિષ્ણુકાંત, સોળકોણીય સ્તંભ દ્વિવજક કે રુદ્રકાન્ત જ્યારે બત્રીસ કોણીય સ્તંભને મત્સ્યપુરાણમાં પ્રથલિક તથા માનસારમાં સ્કંધકાન્ત તરીકે ઓળખવામાં આવ્યો છે. આ ઉપરાંત વર્તુળાકાર સ્તંભ વૃત્ત તરીકે ઓળખાય છે.

પ્રાસાદના પ્રવેશ માટે બનાવાતા મંડપના સ્તંભ વચ્ચે સુશોભિત તોરણ રચવામાં આવે છે. આ તોરણ લલિતાકાર, ઇલિકાકાર, વલીકોદર, શ્રીપુંજ તથા નંદીવર્ધન પ્રકારના હોઈ શકે.


નાગર શૈલીના મંદિરની એક રચના


મંડોવર એ પીઠમાન અને શિખરની વચ્ચે આવેલો મંદિરનો ભાગ છે, જેમાં દીવાલો તથા સ્તંભોનો મુખ્યત્વે સમાવેશ થાય છે. મડોવરની ઊંચાઈ મંદિરના વિસ્તાર અનુસાર નક્કી કરાય છે. પ્રાસાદની વ્યાસરેખા કરતાં સામાન્ય રીતે મંડોવરની ઊંચાઈ વધુ રખાય છે. મંડોવરની ઊંચાઈ એટલે કે પીઠમાનની ઉપરની




હળેબીડના મંદિરનો પીઠભાગ – મંડોવર, છજાં તથા સંઘાડાઉતાર ગોળ સ્તંભો અને તેની વચ્ચે ફસાવેલી પથ્થરની જાળી. (જમણી બાજુ ઉપર) શૃંગેરીનું પ્રાચીન મંદિર અને (બાજુમાં નીચે) મંદિર સ્થાપત્યના સચોટ ઉદાહરણ રૂપ ચિતોડનું મીરાંનું મંદિર.

સપાટીથી છજા સુધીની ઊભણીના એકસો ચુમાલીસ ભાગ નાગર શૈલીનાં મંદિરોમાં કલ્પવામાં આવે છે, જેમાં નીચેથી પાંચ ભાગનો ખરો, વીસ ભાગનો કુંભ, આઠ ભાગનો કળશ, અઢી ભાગની અંધારી, આઠ ભાગની કપોતાલી, આઠ ભાગની મચ્ચિકા, પાંત્રીસ ભાગની જંઘા-ઉદય, પંદર ભાગનો દોઢિયો, આઠ ભાગની ભરણી, દસ ભાગની શિરાવટી, આઠ ભાગની કેવાળ, અઢી ભાગની અંધારી તથા તેના પર તેર ભાગનું છજું અને તેમાંથી દસ ભાગનો છજાનો નીકળો રખાય છે. મંડોવર પરના છજા પર જીફારનો થર કરી તેના પર શિખર બનાવવા માટેના શૃંગ ચડાવવામાં આવે છે.

મંદિરની સંપૂર્ણ દૃશ્ય અનુભૂતિ માટે શિખર સૌથી વધુ અગત્યનું અંગ છે. પ્રત્યેક પ્રવેશમંડપ પર નાનું ઘૂમટ હોય છે, જે સમતલમાં રચવામાં આવેલી નાનીનાની ઘૂમટીઓમાંથી બનાવાય



છે. સમતલમાં આવેલી આ ઘૂમટી શૃંગની સંખ્યા ક્રમશઃ ઘટતી હોવાથી ઘૂમટનો આકાર ઊપસે છે. આ જ પ્રકારનો ઘૂમટ રંગમંડપ, સ્ત્રીકમંડપ તથા ગૂઢમંડપ પર જોવા મળે છે, જેમાં ગૂઢમંડપનો ઘૂમટ સૌથી મોટો તથા ઊંચો હોય છે. સંવરણા પર રચાયેલા આ ઘૂમટની સીલિંગ-વિતાન-વિવિધ આકારોમાં બનાવી શકાય છે. સર્વપ્રકારના મંડપોની ઉપર મધ્યમાં ઘૂમટ જરૂરી છે. શરૂઆતમાં આ મંડપો પર સપાટ સરખા માપનાં છાતિયાં મુકાતાં; પરંતુ પાછળથી દૃશ્ય-અનુભૂતિ માટે ઘૂમટ/શિખર બનાવવાની શરૂઆત થઈ. ઘૂમટની સીલિંગના વાસ્તુશાસ્ત્રમાં ચાર ભેદ વર્ણવાયા છે; શુદ્ધ, સંઘાટ, ભિન્ન તથા ઉદ્ભિન્ન. વળી, વિતાન વર્તુળાકાર,



લંબચોરસ તથા ચોરસ પણ હોઈ શકે અને તેની ઊંડાઈ તથા કોતરણી પણ વિવિધ રીતે નક્કી કરાય છે. વિતાનની ઊંડાઈ અંતે ઘૂમટનો આકાર નિર્ધારિત કરે છે.

ગર્ભગૃહની ઉપર શિખર રચવામાં આવે છે. ઘણીવાર મંદિર કઈ શૈલીમાં બનાવાયું છે તે તેના શિખર પરથી જ નિર્ધારિત થાય છે. ગર્ભગૃહની દીવાલ મંડોવર પર સામાન્ય રીતે ફરતું છજું બનાવાય છે અને તેના પર એક આડો પ્રહારનો થર કરી શિખરનાં શૃંગ રચવામાં આવે છે. એક શૃંગ પર બીજું શૃંગ ચડાવતી વખતે નીચેના શૃંગનો અડધો ભાગ છોડાય છે..વળી, પ્રત્યેક શૃંગની નીચે પ્રહારનો થર રખાય છે. શિખરની ઊંચાઈ તેના પ્રકાર તથા ગર્ભગૃહના વિસ્તાર પર અવલંબે છે. શિખરની રચનામાં તેની ચાર દિશા સન્મુખ બાજુઓમાં ક્રમાનુસાર મહત્તમ નવ શૃંગ ચઢી શકે તેમ જણાવાયું છે. શિખરની ઊંચાઈ નક્કી કરવામાં તેની ઉપર મૂકવામાં આવતા આમલસારાની ઊંચાઈ ધ્યાનમાં નથી લેવાતી.

શિખરના તલક્ષેત્રના સામાન્ય રીતે દસથી બાવીસ ભાગ કલ્પવામાં આવે છે. દસ ભાગવાળા શિખરમાં વચલા ત્રણ ભાગ ભદ્ર માટે રખાય છે. તે પછી બંને તરફના દોઢ-દોઢ ભાગ પ્રતિરથ તરીકે તથા બે-બે ભાગ કર્ણ તરીકે ઓળખાય છે. આ શિખરનો ઉપરનો વિસ્તાર નીચેના તલક્ષેત્રના છ ભાગ જેટલો રખાય છે અને તે લંબાઈના નવ ભાગ કરી સ્કંધ-બંધાણે વચમાં બે ભાગનું ભદ્ર, ત્યાર બાદ બંને બાજુ દોઢ-દોઢ ભાગનું પ્રતિરથ તથા બે-બે ભાગનો કર્ણ રખાય છે. શિખરના તલક્ષેત્ર તથા સ્કંધ-બાંધણાના આ ભાગ જોડી શિખરની રેખાઓ રચાય છે.

શિખરના સ્કંધ-બાંધણે ઉપર આમલસારો રખાય છે, જેના વિસ્તાર સામાન્ય રીતે સ્કંધ-બાંધણેના વિસ્તારમાં તેનો છઠ્ઠો ભાગ ઉમેરી નક્કી કરાય છે. આમલસારાની ઊંચાઈ તેના વિસ્તાર કરતાં અડધી રખાય છે અને તેની રચનામાં ગળું, અંડક, ચંદ્રસ અને ઝાંઝરી-રામલસારી જેવી ભાત ચોક્કસ પ્રમણમાપમાં પ્રયોજાય છે. આમલસારા પર કળશની રચના કરવામાં આવે છે. આ કળશના વિસ્તાર કરતાં તેની ઊંચાઈ દોઢી રખાય છે. કળશની રચનામાં ગળા, અંડક, પડઘો, કર્ણિકા, છજી અને તેના પર દોડલો-બિજોરૂ બનાવાય છે. અમલસારા તથા શિખરના શૃંગના વિસ્તારના સંદર્ભમાં કળશનું પ્રમાણમાપ નક્કી કરવાનાં સૂચનો વાસ્તુ-શાસ્ત્રમાં કરાયાં છે.

શિખરના ઉપરના ભાગમાં શિખરની મૂળ રેખાના પાયામાંથી સ્કંધ-બાંધણા સુધીની ઊંચાઈના છઠ્ઠા ભાગનો ધ્વજાધાર કરવામાં આવે છે. આ ધ્વજાધારને સ્તંભવેધ પણ કહે છે. આ ધ્વજાધારમાં ગર્ભગૃહના વિસ્તાર, શિખરની ઊંચાઈ કે પ્રાસાદના પ્રમાણમાપના સંદર્ભમાં નક્કી કરેલ ઊંચાઈવાળો ધ્વજદંડ રોપાય છે. ધ્વજદંડ સામાન્ય રીતે ગાંઠ વગરનાં સીસમ, વાંસ, ખેર, મહુડા કે ચંદનના લાકડામાંથી બનાવાય છે. ધ્વજદંડની ઉપર તેની લંબાઈના છઠ્ઠા ભાગે પાટલી મૂકવામાં આવે છે જેને કાંકણીઓ તથા ઘંટિકાઓની ડિઝાઈનથી સુશોભિત કરાય છે. આ પાટલી પર તેની લંબાઈના પાંચમા ભાગના પ્રમાણનો કળશ રખાય છે.

પ્રાસાદના વિવિધ દ્વારમાનની ઊંચાઈ પ્રાસાદની ઊંચાઈ પર અવલંબે છે. વાસ્તુશાસ્ત્રમાં જણાવ્યા પ્રમાણે ચાર હાથના માપ સુધી પ્રત્યેક હાથ વિસ્તારના પ્રાસાદ માટે સોળ આંગળ ઊંચું દ્વાર સૂચવાયું છે. ત્યાર પછીના પાંચથી આઠ હાથના વિસ્તાર માટે પ્રત્યેક હાથ વિસ્તાર વધારાએ દ્વારની ઊંચાઈ ત્રણ આંગળ વધારાય. નવથી પચાસ હાથના પ્રાસાદ વિસ્તાર માટે ત્યારબાદ પ્રત્યેક હાથ વિસ્તાર વધારાએ બે આંગળની ઊંચાઈ વધારવાનું સૂચન કરાયું છે. સામાન્ય રીતે દ્વારની પહોળાઈ કરતાં ઊંચાઈ બમણી હોવી જોઈએ. વાસ્તુ-શાસ્ત્રમાં દ્વારા ચાર પ્રકારનાં વર્ણવાયાં છે, જેમાંના નવ શાખાવાળા દ્વારની રચના શિવાલયમાં, સપ્તશાખાવાળા દ્વારની રચના અન્ય દેવાલયોમાં, પાંચ શાખાવાળું દ્વારા ચક્રવર્તી રાજાના મહેલમાં તથા ત્રિશાખા દ્વાર માંડલીય રાજાના મહેલમાં રચી શકાય. દ્વારમાનની રચનામાં ઉંબરો-ઉદમ્બર તથા ઉત્તરંગ-લિન્ટલની રચના પણ ખાસ મહત્ત્વ ધરાવે છે. આ બંનેની રચના તથા તેના પર કરાતી કોતરણીનો પ્રકાર પ્રાસાદના પ્રકાર તથા તેના પ્રમાણમાપ પર અવલંબે છે. સામાન્ય રીતે દ્વારની ઊંચાઈના ચોથા ભાગ જેટલો પહોળો તથા પ્રાસાદના સ્તંભની કુંભી જેટલો ઊંચો ઉંબરો રચવામાં આવે છે, જ્યારે ઉત્તરંગની ઊંચાઈ દ્વારની ઊંચાઈના બારમા ભાગ જેટલી રખાય છે.

આ બધાં જ પ્રમાણમાપ પાછળનો તર્ક ગહન છે. તેમાં માત્ર દૃશ્ય અનુભૂતિ મહત્ત્વની નથી, પરંતુ વિશ્વના વિવિધ પ્રમાણમાપને પ્રતિબિંબત કરવાનો વિચાર અગત્યનો છે. □

ઈતિહાસધારા

અશોક હર્ષ

દિલ્હીનો મશહૂર ચાંદનીચોક મુગલ સમ્રાટ શાહજહાંની સૌથી મોટી પુત્રી જહાંઆરાએ બંધાવેલો. એ વખતે ચૉકની વચ્ચોવચ્ચ થઈને વહેતી એક નહેર પણ તેણે કરાવેલી, જે ચૉકને બે ભાગમાં વહેંચી નાખતી હતી. નહેરની બંને બાજુએ બજાર હતાં અને એના કાંઠે લીમડા અને પીપળાનાં વૃક્ષો વાવેલાં હતાં. બજારો ઝવેરાતથી માંડી કાપડની અને મિષ્ટાન્નથી માંડી ફળફૂલોની દુકાનો ધરાવતી, અને એવી રોનકદાર લાગતી કે; એક પાશ્ચાત્ય પ્રવાસીના બયાન મુજબ, 'પૂર્વમાં અરેબિયન નાઈટ્સનો ચિતાર આપતો કોઈ માર્ગ હોય તો તે ચાંદનીચોક છે.' આજે જ્યાં ટાઉનહૉલ ઊભો કરવામાં આવ્યો છે ત્યાં જહાંઆરાએ ઇરાની વેપારીઓના માટે વિવિધ ફળવૃક્ષો અને ફુવારાઓ સાથે સુંદર કોતરણી વાળી એક સરાઈ ઊભી કરેલી અને એ આખો વિસ્તાર સહિબાબાદ અથવા બેગમબાગ તરીકે ઓળખાતો.

*

મહારાષ્ટ્રીય ઇતિહાસકારો જેમને 'મરાઠાઓના અંતિમ મહાન સેનાપતિ' ગણાવે છે, તથા જેણે અંગ્રેજો સામે ૧૮૫૭ના સ્વાતંત્ર્ય સંગ્રામમાં અત્યંત કુશળતા, દૃઢતા, સાહસ અને શૌર્યનો પરિચય આપેલો અને નવનવ મહિના સુધી સાતસાત ચુનંદી અંગ્રેજી સેનાઓને ત્રાહિત્રાહિ પોકરાવી દીધેલી એ તાત્યા ટોપેનું ખરું નામ રામચંદ્ર પાંડુરંગ હતું. અંતિમ પેશવા બાજીરાવ બીજાના આશ્રિત પાંડુરંગરાવ અહમદનગર જિલ્લાના યેવલે ગામના વતની હતા. તેમને પ્રથમ પત્ની રુક્મિણીબાઈથી બે પુત્રો થયેલા, રામચન્દ્ર તથા ગંગાધર – જે પાછળથી અનુક્રમે 'તાત્યા' અને 'બાપૂ' તરીકે ઓળખાતા. પેશવા બાજીરાવે પૂનાની ગાદી ગુમાવી બ્રહ્મવર્તમાં વાસ કર્યો ત્યારે પાંડુરંગરાવ પણ સહકુટુંબ બ્રહ્મવર્ત પહોંચ્યા, જ્યારે તાત્યાની ઉપર ત્રણ વર્ષની હતી. અહીં તાત્યા અને બાજીરાવના દત્તક પુત્ર નાનાસાહેબ વચ્ચે અતૂટ મૈત્રી બંધાવા પામી. તાત્યાની સાહસિકતા પર પેશવા બાજીરાવ એક વાર એટલી હદે વારી ગયો કે રત્નજડિત ટોપ તેને માથે મૂકી દીધો, અને તેને 'ટોપે' કહી સંબોધ્યા, અને ત્યારથી તે તાત્યા ટોપે તરીકે ઓળખાવા લાગ્યા.

*

ઈ. ૧૮૫૭ના સ્વાતંત્ર્યવિપ્લવમાં વિપ્લવીઓએ અંગ્રેજ સેનાનો ચિનહુટ મુકામે કરેલો પરાજય તેમના મહાન વિજયોમાંનો એક ગણાય છે. બ્રિટિશ જાસૂસી ખાતાએ લખનૌ બાતમી પહોંચાડી કે ફૈઝાબાદથી આગળ વધી વિપ્લવીઓ લખનૌ પર ત્રાટકવા નીકળ્યા છે, અને નવાબગંજ પસાર કરી ચિનહુટ તરફ આગળ વધી રહ્યા છે. બાતમી મળતાં જ લખનૌનો ચીફ કમિશનર સર હેનરી લૉરેન્સ ૩૫૦ યુરોપિયન સૈનિકો, લગભગ એટલા જ દેશી સૈનિકો, ૧૦ તોપો અને આઠઈંચિયા હોવિટ્ઝર સાથે તેમનો મુકાબલો કરવા ઊપડ્યો. કૂકરેલ નામે ઓળખાતું નાળું ઓળંગી તે ચિનહુટ ભણી આગળ વધતો હતો ત્યાં જ ઇસમાઈલપુર નજીક વિપ્લવીઓનો ભેટો થઈ જવા પામ્યો, એટલે ખરી રીતે તો તે ચિનહુટના યુદ્ધના બદલે ઇસમાઈલપુરના યુદ્ધ તરીકે ઓળખાવું જોઈએ. ઇસમાઈલપુર ગામની દીવાલો પાછળથી એવી તો જોરદાર અગ્નિવર્ષા ચાલી કે અંગ્રેજ સેનાને પાછા હઠવું પડ્યું. પણ હોવિટ્ઝરને પાછી લઈ જવી અશક્ય હતું. આ યુદ્ધમાં કર્નલ કેસ અને લેફટેનન્ટ બૉનહામ સખ્ત રીતે ઘવાયા અને સેના હોવિટ્ઝરને ત્યાં જ મૂકી પીછેહઠ કરી જતાં વિપ્લવીઓએ તે તોપ કબજે કરી લીધી તથા લખનૌ પર ધસી જઈ તેને ઘેરી લીધું. તેમાં ખુદ રેસિડન્સીનું મકાન પણ ઘેરાઈ ગયું. સર હેનરી સખ્ત રીતે ઘવાતાં તેણે લશ્કરની સરદારી બ્રિગેડિયર જૉન ઇંગ્લીસને સોંપી અને તે પોતે બે દિવસ રહી મૃત્યુ પામ્યો.

*

મુગલ શાસન દરમિયાન જહાંઆરાએ ચાંદનીચૉકમાં બંધાવેલી 'બેગમ કી સરાઈ' જેટલી જાણીતી હતી એટલી જ જાણીતી બીજી એક સરાઈ 'છબીલી ભટિયારી કી સરાઈ' હતી, જે હાલના બહાદુરશાહ ઝફર માર્ગ પર આવેલી હતી અને પાછળથી 'ફરીદખાં કી સરાઈ' તરીકે ઓળખાવા માંડેલી.

છબીલી તો લાડનું નામ હતું. મૂળ નામ હતું અર્ઝમંદ. નૂરજહાંનો બાપ મિર્ઝા ગયાસ આગ્રા પહોંચતા પહેલાં એની જ સરાઈમાં પોતાની બીબી, પુત્રી મહેરૂન્નિસા (જે પાછળથી નૂરજહાં નામે ખ્યાત થઈ), પુત્ર અબુલહસન સાથે ઊતરેલો. અબુલહસન પાછળથી આસફખાંના નામે ઓળખાયો અને એની પુત્રી મુમતાજમહલ શાહજહાં સાથે પરણી.

છબીલી અને અબુલહસનનાં દિલ એકબીજાથી મળી ગયેલાં. બંને તુર્કી અને ફારસી ભાષાઓનાં જાણકાર અને શતરંજનાં ચુનંદાં ખેલાડી હતાં. પરંતુ આ મનમેળની જાણ થતા જ મિર્ઝા ગયાસ કુટુંબ સાથે સરાઈ છોડી આગ્રા પ્રયાણ કરી ગયો.

મિર્ઝા ગયાસ એના જમાનાનો ફારસીનો પ્રસિદ્ધ આલિમ હોઈને અકબરે તેને પોતાના દરબારમાં સ્થાન આપ્યું હતું. જ્યારે એના પછીના સમ્રાટ જહાંગીરે તો તેને વઝીરે આઝમના હોદ્દા પર મૂકી તેને 'એતેમાદુદ્દૌલા'નો ખિતાબ આપ્યો. તેના પુત્ર

(અનુસંધાન પાન ૧૧૬ ઉપર)

જંગલ

મૂળ લેખક કૃષ્ણ આલનહલ્લી અનુ. પ્રફુલ્લ રાવલ

ગૌવલ્લીના છોકરાઓ સાથે પોતાના ગામના નાટક વિષે વાતો કરતો કિટ્ટી આવી રહ્યો હતો. તેણે જોયું કે હોસૂરના 'બસવમંદિર'ની સામે દસ-વીસ માણસો રંગના ખાડામાંથી માટી કાઢી રહ્યા હતા. એને સ્કૂલનું મોડું થતું હતું. તો પણ એ આ બાજુ નીકળી પડ્યો. હોસૂરની હોળી આખા કોટક્ષેત્રમાં પ્રખ્યાત છે. બે વર્ષથી ત્યાં પણ આટલા મોટા પ્રમાણમાં હોળી રમાઈ નહોતી. આ વર્ષે પાક સારો હોવાના કારણે હોળીની તૈયારી ચાલી રહી હતી. મંદિરની પાસેના 'રથઘર'માંથી રથ બહાર કાઢી રાખવામાં આવ્યો હતો. દૌડ્ડગૌડાના ઘરમાં સુથારી કામ કરનાર ભાસ્કર રથનું સમારકામ કરતો હતો. કિટ્ટીને આવેલો જોઈને તે તેની સાથે વાતો કરવા લાગ્યો. હોસૂરનો રથોત્સવ અને હોળી બન્ને એક જ દિવસે આવતા હતા. સવારે રથયાત્રા, સાંજે હોળી રમવાની. કિટ્ટીએ પૂછ્યું, 'હોળી કયા દિવસે છે, ભાસ્કર ?' ભાસ્કરે જવાબ આપ્યો, 'તારા ગામમાં નટક છે ને, તેના એક દિવસ પહેલાં'. એણે પોતાની કાચી-પાકી કન્નડ ભાષામાં જવાબ આપ્યો. તે જ્યારે સ્વર ખેંચીને - તીણા અવાજે બોલતો ત્યારે કિટ્ટીને બહુ મઝા આવતી હતી. ભાસ્કરને કન્નડ આવડતી નહોતી. કિટ્ટીએ પોતાના થેલામાંથી એક-બે રંગીન કાગળ કાઢીને દીધા. 'તું જ વાંચી સંભળાવ' ભાસ્કરે કહ્યું. કિટ્ટીએ વાંચી સંભળાવ્યું. કોપ્પના નાટકની જાહેરાત હતી. નાટક શીખવાડનાર માસ્ટર સવારે જ મૈસુરથી નાટકની જાહેરાત છપાવીને લાવ્યો હતો. એમાંની કેટલીક મામાને આપી ગયો હતો. કિટ્ટીએ મામાની નજર ચૂકવીને તેમાંથી થોડીક ઉઠાવી લીધી હતી.

સ્કૂલથી પાછા આવતી વખતે તેણે જોયું કે સેટ્ટીની દુકાન અને ભુજંગય્યાની હોટલના બારણે નાટકની જાહેરાત ચોંટાડી દીધી હતી. તે જોઈને કિટ્ટીને આનંદ થયો. ઘરે આવતાં જ મામીએ કહ્યું, 'પહેલાં કશુંક ખાઈ લે, કિટ્ટી'. વાત સાંભળ્યા વગર તે ચોપાલઘરની તરફ દોડી ગયો. ચોપાલની સામે નાટકનો મંચ તૈયાર થઈ રહ્યો હતો. મામા સ્વયં બધું કામ કરાવી રહ્યા હતા.

કિટ્ટી નજીક જઈને ઊભો રહ્યો. હોસૂરનાં લોકો ચાર દિવસના ધૂળેટીના મોટા તહેવારનું નિમંત્રણ દેવા માટે 'તાંબૂલ' લઈને આવ્યાં. ચન્દ્રેગૌડાએ લેવાનો ઇન્કાર કર્યો. બોલ્યા, 'કેવી રીતે બની શકે ? અમારા ગામનું નામ આવતાં જ તમે ઝેર ઓકવા માંડો છો. આવા માણસો સાથે અમે ધૂળેટી રમીએ તો પણ કેવી રીતે ?' તેની વાત પૂરી થતાં પહેરાં જ હોસૂરના સવ્વય્યાએ કહ્યું, 'જુઓ ચન્દ્રપ્પા, જ્યાં ગામ હોય ત્યાં ઝઘડો પણ રહેવાનો જ. જે થવાનું હતું તે થઈ ગયું. તેને મનમાં બાંધી ન રાખવું જોઈએ. જુઓ, પેઢીઓથી આ ચાલી રહ્યું છે. સાંભળ્યું છે કે હોસૂર-કોપ્પલ પહેલાં એક જ ગામ હતું. હવે કળિયુગ આવી ગયો છે. માણસોની દાનત ફરી ગઈ છે. તેથીસ્તો ત્રણ વર્ષથી અનાજ વગર તડપી રહ્યાં છે લોકો. જવા દો એ વાત. તમે તૈયાર થઈ જાવ. નહીંતર નીચી ગલીવાળા ગૌવલ્લીને આમંત્રણ દેવાનું વિચારી રહ્યા છે.' હું કહું છું, 'આ કેવી રીતે બને ? મને થોડીક આબરૂ આપવા ઇચ્છતા હો તો જુઓ ભાઈ -' આમ કહેતાં તે દૌડ્ડગૌડાની બાજુએ ફર્યા 'તમારી ઇચ્છા' કહીને ચન્દ્રેગૌડાએ દૌડ્ડગૌડા પર વાત છોડી દીધી. દૌડ્ડગૌડાએ કહ્યું :

'સારું છે. ચન્દ્રેગૌડાના હાથમાં પાન આપી દો'.... ના...ના... કહેતાં અંતે મામાએ વાત માની લીધી, તો કિટ્ટીને બહુ આનંદ થયો. તે દોડીને નાગીના ઘરે પહોંચ્યો અને તેણે નાગીને સમાચાર આપ્યા. પછી પાછા આવીને પોતાના ઘરમાં મામીને પણ આ ખબર સંભળાવી દીધી.

આખા ગામમાં એ વાત ફેલાયેલી હતી કે હોસૂરની હોળીમાં કોપ્પલનાં લોકો રંગની હાંડી નહીં બાંધે. અચાનક ચન્દ્રેગૌડા દ્વારા આમંત્રણ સ્વીકાર્યાની સૂચના મળતાં જ બધાં લોકો સાચવીને રાખેલી રંગની હાંડીઓ કાઢીને તેને દોરડું બાંધવા માંડ્યાં. પીપળાના વૃક્ષ પર લાકડાનો તખ્તો બાંધીને અને માંચો બનાવીને અત્યારથી તૈયારી કરવા લાગ્યા. ચામ, અંક, દોડ્ડરી તથા બીજાં કેટલાંક લોકો તળાવની પાસે જ રંગની હાંડીઓમાં પાણી છંટકાવી રહ્યાં હતાં. ગામમાં જ્યાં જુઓ ત્યાં હોસૂરની હોળી અને ગામમાં થનાર નાટકની જ વાતો થઈ રહી હતી.

કિટ્ટી બધી જૂની વાતો ભૂલી ગયો હતો. ઘરના પાકની રાખનો ઢગલો પણ ઓલવાઈ ગયો હતો. મામાએ બહુ કહ્યું પરંતુ રુદ્રણ્ણા, ચામ, કરિયાયાએ વાત ન માની અને જિદ કરીને માયાને રંગની હાંડી બાંધવા માટે રાજી કરી લીધા. દાદાના જમાનાની પિત્તળની હાંડી ઉપરથી ઉતારીને મામીએ સાફ કરી. ચોપાલની પાસે પીપળાના વૃક્ષ પર બાંધેલ લાકડીના તખ્તા પર મામા પાણી છાંટતા કે તરત વીજળીના કડાકાનો અવાજ થતો હતો. ઝભ્ભો ઉતારીને, માત્ર લૂંગી પહેરીને મામાની સાથે તખ્તા પર તૈયારી કરનાર એ જ જોઈ રહ્યા હતા કે મામા એમની જેમ જ છાંટે છે કે કેમ ?

કિટ્ટીએ મામાનું બાવડું જોયું. બાવડા પર કાળી દોરીથી તાવીજ બાંધેલું હતું. મામા હાંડીમાં પાણી ભરીને હાથ ઊંચો કરતાં જ કટ્ કરતીકને દોરી તૂટી ગઈ હતી. નીચે પડેલું તાવીજ લઈને મામાએ કિટ્ટીના હાથમાં પકડાવી દીધું.

કિટ્ટીએ ઘરે આવીને તાવીજ મામીના હાથમાં મૂક્યું તો મામીનો ચહેરો ફિક્કો પડી ગયો. 'કેમ રે, કિટ્ટી, આ તારા હાથમાં કેવી રીતે આવી ગયું ?' મામીએ પૂછયું. કેટ્ટીએ તાવીજ નીચે પડી ગયાની વાત કરી. મામીએ તેને પોતાની આંખોએ અડાડીને દેવના ફોટા સામે મૂકી દીધું. જમીને, સાંજે મામા આંગણામાં પલંગ પર બેઠા હતા, ત્યારે મામીએ કિટ્ટીને બોલાવીને કહ્યું, 'તાવીજ માટે મામાને નવી દોરી આપ'. કિટ્ટીએ દોરી આપી. મામાએ કહ્યું, 'આ સૂતરની દોરી છે, તૂટી જશે, કિટ્ટી, કાલે સેટ્ટીની દુકાનમાંથી રેશમી દોરી લાવીને બાંધી દઈશ. અત્યારે મૂકી દે'. મામીએ ફરી તેને ફોટા સામે મૂકી દીધું. કિટ્ટીના ગળામાં અને કમર પર બાંધેલી દોરીમાં પણ આવાં જ ચાર-પાંચ તાવીજ બાંધેલાં હતાં. એ કેમ બાંધવામાં આવ્યાં હતાં, એ કિટ્ટી ક્યારેય સમજી શક્યો નહોતો.

કાલે સાંજે ઘૂંઘરુંની પૂજા હતી. કિટ્ટી ખૂબ ખુશ હતો. વિચાર્યું, આજે સ્કૂલે નથી જવું. તેથી સવારે ઊઠતાં જ દૌડ્ડગૌડાના ઘર તરફ ગયો. 'નાસ્તો પતી ગયો છે' કહેવા છતાં પણ ગૌરક્કાએ તેને ખૂબ આગ્રહથી ચોખાની રોટલી અને માખણ આપ્યું. તેના ઘરના રુદ્રણ્ણા અને અંદાની બન્ને નાટકમાં સામેલ હતા. ત્યાંથી તે મુત્તુ અને રાજુની સાથે આખા ગામમાં ફરી આવ્યો. સંવાદ બોલતાં બરાબર આવડે છે કે નહીં, તે જોવા માટે બપોરે ગૌડના ઘરના આંગણામાં ફરીથી સંવાદ બોલાવીને જોઈ લીધું. રાજુને ગીત ગાવાનું હતું અને બે-ચાર સંવાદ બોલવાના હતા. બધા માણસો એને 'સૂસલાદારી' પાત્ર કહેતા હતા. કિટ્ટીએ છપાયેલા કાગળને ધીમેથી વાંચીને કહ્યું કે 'સૂસલાદારી' નહીં, 'સૂત્રધાર' છે. રાજુ પોતાના સંવાદ જલદીથી બોલીને સીતાનો પાઠ કરનાર મુદ્દીરણ્ણાને માટે બુટ્ટેદાર સાડી લેવા માટે કિટ્ટીની સાથે તેના મામીની પાસે ગયો અને એમની પાસે સાડી માંગી. રાત્રે નવા મંચ પર ઘૂંઘરુંની પૂજા થશે. અત્યારથી હોસૂર સેટ્ટીની દુકાનેથી પેટ્રોમેક્સ લાવીને રાખવામાં આવી હતી. રાત્રે મેકઅપ ન્હોતો થવાનો, પરંતુ સ્ત્રી-પાત્રોને સાડી પહેરીને જ કામ કરવાનું હતું. એટલે મુદ્દીરે રાજુને કમલમ્માની પાસે સાડી લેવા માટે મોકલ્યો હતો. રાજુ પૂછે તે પહેલાં જ કિટ્ટીએ મામીની સામે માંગણી મૂકી દીધી. મામીએ કહ્યું - 'સાંજે કિટ્ટીની સાથે મોકલી દઈશ, રાજુ.' રાજુ 'સારું' કહીને ચાલ્યો ગયો. કિટ્ટી પણ તેની સાથે ગયો. 'તારે સાડી નથી જોઈતી, રાજુ ?' કિટ્ટીએ પૂછયું. 'મારે નથી જોઈતી', રાજુએ કહ્યું. પછી બોલ્યો - 'સેનોરુ અનંતને મળવું છે, કિટ્ટી'. બન્ને સેનોરુના ઘર તરફ ચાલવા માંડ્યા.

કેટલાક દિવસથી સાવિત્રમ્મા બહાર જોવામાં આવી નહોતી. ચબૂતરા પર બેઠેલા પૂજારીએ પૂછ્યું, 'કેમ રે, શા માટે આવ્યા છો?' રાજુએ કહ્યું, 'અનંતય્યા છે ?' રાજુ મોટો હતો છતાં પણ કેવળ 'અનંત' કહેવામાં એને પણ બીક લાગતી હતી. સાંભળીને કિટ્ટીને હસવું આવ્યું. પૂજારી મોં ચડાવીને બેઠા હતા. બોલ્યા - 'શું છે ?' રાજુએ કહ્યું, 'એમ જ'. બહાર થતી વાતો સાંભળીને અનંત અંદરથી આવી ગયો. અને તેની સાથે ચાલી નીકળ્યો. પૂજારીએ પહેલાંની જેમ 'અડી ન જતો' ન કહ્યું, ચૂપ બેસી રહ્યા. તેને લાગ્યું કે અનંત પણ રડ્યો છે. 'વલગેર' આંબાવાડિયા પાસે આવતાં-આવતાં રાજુએ અનંતને ખુશ કરીને પૂછયું. અનંતે ઘરમાં જે કંઈ થયું હતું, બધું જ કહી સંભળાવ્યું. તેની નાની ભાભી સાવિત્રમ્માને મારીને અપ્પય્યાએ બહાર કાઢી મૂકી હતી. બાએ તેને અંદર બોલાવીને સુવાડી દીધી. એથી બાને પણ માર પડ્યો હતો. તેણે બધું જ કહી દીધું. કિટ્ટીને કશું પણ સમજાયું નહીં. રાજુ બહુ ઉત્સુકતાથી અનંતને પૂછતો જ રહ્યો, 'હવે ભાસ્કર મારા ઘરે આવે છે કે નહીં ?' રાજુએ પૂછ્યું. અનંતે કહ્યું, 'ના!' કિટ્ટીએ કહ્યું - 'હોસૂરનો છે ભાસ્કર. મેં એને જોયો છે.'

દિવસ આથમી ગયો હતો. જમીને ઘૂંઘરુંની પૂજા માટે જવાની ઉતાવળમાં સહુ બધાં કામ જલદી જલદી સમેટવા માંડ્યાં. કિટ્ટી જમીને તરત જ, મામીની સાડી બગલમાં મૂકીને ચબૂતરે પહોંચી ગયો. ત્યાં અત્યારથી જ છોકરાઓની ઠઠ જામી ગઈ હતી. ચબૂતરે નાટકમાં ભાગ લેવા બધા પેટ્રોમેક્સની બાજુ બેઠા હતા. રુદ્રણ્ણા તેને પંપ મારી રહ્યો હતો. બધાને ધક્કા મારતો કિટ્ટી આગળ આવી ગયો. અજવાળામાં બધાના ચહેરા દેખાઈ રહ્યા હતા. કિટ્ટીએ પોતાનો ચહેરો પણ જોયો – લાંબો, ઘોડાના ચહેરા જેવો. તે હી...હી... હસવા માંડ્યો. કિટ્ટીને જોઈને રાજુએ કહ્યું, 'સાડી અહીં આપી દે'. બુટ્ટાવાળી સાડી. ઝગમગ સળગતી પેટ્રોમેક્સના અજવાળામાં આંખો ચમકી રહી હતી. આવી સાડી ગામમાં કોઈના પાસે પણ નહોતી. ત્યાં બેઠેલાં લોકો, બાળકો સહુ તેની સામે આંખ ફાડીને જોવાં લાગ્યાં.

નાટકનો માસ્ટર આવીને હારમોનિયમની સામે બેસી ગયો, અને વગાડવા લાગ્યો. ચબૂતરાના આંગણામાં લોકો એકઠાં થઈ ગયાં હતાં. મામી, કલ્યાણી અને ગોરકાકા જ્યાં બેઠાં હતાં, ત્યાં ચટ્ટાઈ પર નાગી પણ બેઠી હતી. તેને સાથે લઈને તે હળવેથી હારમોનિયમ પાસે આવીને બેસી ગયો. હોસૂરનો પુટ્ટાચારી મામાની સાથે વાતો કરતો કરતો માસ્ટરની પાસે પાથરેલી ચટ્ટાઈ પર બેસી ગયો. એમને તબલાં લોંપીને સોંપી દીધાં હતાં. તબલાંને હથોડીથી ઠપકારી તેને તાલમાં બાંધીને માસ્ટરની બાજુ ફરી કહ્યું,

'શરૂ કરો'.

'સૂસલાદારી' એટલે કે સૂત્રધાર રાજુ આવતાં જ બધા લોકોએ તાળીઓ પાડી. તેણે ગીત ગાયું અને બેઠેલાં લોકોને નમસ્કાર કરીને અંદર ચાલ્યો ગયો. કિટ્ટીને બેઠા બેઠા નાના કાંકરા વાગી રહ્યા હતા. તે ત્યાંથી ઊભો થયો અને જ્યાં મામી બેઠાં હતાં, ત્યાં ચાલ્યો ગયો. બહુદાર નાટક જોતાં જોતાં તેને ઊંઘ આવી ગઈ. હનુમાનનો પાઠ આવતાં જ નાગીએ તેને જગાડ્યો. કિટ્ટી આંખો ચોળતો ચોળતો બેઠો થયો. જોવા લાગ્યો. વાંદરાની જેમ કૂદાકૂદ કરતા, ગીત ગાતા સુબલણ્ણાને જોઈને કિટ્ટીને હસવું આવી ગયું. અનંતની બા મામી પાસે બેસીને વાતો કરતી હતી. અનંતની બા સાવિત્રમ્મા જેવી ન્હોતી. તે કોઈને પણ ગાળ દેતી નહીં. અનંત પોતાની બા પાસે જ બેઠો હતો. તેઓ અલગ અલગ ચટ્ટાઈ પર બેઠાં હતાં. તેની બા ત્યાં હોત તો અનંત તેની પાસે આવી બેસી જાત.

નાટક પૂરું થતાં પહેલાં જ કિટ્ટી સૂઈ ગયો. મામી એને જગાડીને લઈ જઈ રહી હતી. લોંપીએ મામીને કહ્યું. 'હુબાબવાળો લૅમ્પ, ડ્રેસ બધું આવી ગયા પછી જ નીકળીશ તો સારું રહેશે. બરાબર ને, બા ?' મામી 'હં' કહીને પાછી વળી. હોલગેરી (હરિજનોની વસ્તી)માંથી સિલ સવારે એક કૂતરાના ગલૂડિયાને પકડીને લાવ્યો હતો. તે બારણાની પાછળ બેઠું બેઠું કૂ..ઉ...કૂ..ઉ... કરી રહ્યું હતું. ત્યારે સિલે બારણે ટકોરો પાડીને બૂમ મારી. મામીએ બારણું ખોલીને જોયું. ચબૂતરાના મંદિરનો પૂજારી મામાની સામે બેસીને રડતો રડતો કશુંક કહી રહ્યો છે.

મામાએ સિલને રુદ્રદણ્ણાને બોલાવી લાવવા કહ્યું. તેમણે લોંપીને કહ્યું, 'જો, ઘરની પાછળ પડેલા લાકડા ગાડામાં ભરી દે'. મામીને આવેલા જોઈને પૂજારીએ તેમને પ્રણ આ ખરાબ સમાચાર સંભળાવી દીધા કે તેની બહેન સાવિત્રમ્માએ નાના ઘરે ફાંસો ખાધો છે. વાત સાંભળીને બહાનું કાઢીને એ રાત્રે પૂજામાં આવી ન્હોતી. અને બધાં પાછાં ફર્યાં એ પહેલાં મરી ગઈ હતી. બરાડતી પત્નીનું મોં બંધ કરીને પૂજારી સીધો ચન્દ્રેગૌડાના ઘરે આવ્યો હતો. એ વાત કહેતાં ધ્રૂજતો હતો, 'આમ કેવી રીતે બન્યું ?' કમલમ્માએ પૂછ્યું એટલે પૂજારીએ બધું જ સાચ્ચે-સાચું કહી દીધું. એને ત્રીજો મહિનો ચાલતો હતો. પહેલાં પણ કેટલાંક માણસોએ ઈશારો કર્યો હતો. દોડ્ડગૌડાના નવા ઘરમાં કામ કરનાર ભાસ્કરે સાવિત્રમ્માને ફસાવી હતી. પરંતુ સાંભળવા છતાંય વિશ્વાસ આવ્યો નહોતો. તે દેખાવે એવી સ્ત્રી લાગતી ન્હોતી. 'એણે ક્યાંક જઈને ગર્ભપાત કેમ ન કરાવી લીધો ?'- એમ વિચારતાં કમલમ્માએ કિટ્ટીને કહ્યું, 'તું સૂઈ જા. હું હમણાં જ આવું છું'. એ ગઈ. એકલા સૂવામાં એને બીક લાગી. મામીએ કહ્યું હતું, 'ફાંસો ખાનારને ન જોવા જોઈએ. જોવાથી બહુ દુઃખ થશે'. આવું વિચારીને કિટ્ટી ત્યાં ન ગયો. બીકને લીધે આંગણામાં રાખેલ લૅમ્પની જ્યોત તેણે ઊંચી કરી.

ચન્દ્રેગૌડાના કહેવાથી રુદ્ર સીતારામય્યાને બોલાવી લાવ્યો. સીતારામય્યા માથે હાથ દઈને બેસી ગયો. ચન્દ્રેગૌડાની સલાહ હતી કે સવાર થતાં પહેલાં એને અગ્નિદાહ દઈ દેવો જોઈએ. એ જ બધાંને યોગ્ય લાગ્યું. કોપ્પલની ઈર્ષા કરતાં હોસૂરનાં લોકો અને ત્યાંનો જ પુટ્ટસ્વામી ક્યાંક કોટી પોલીસ સ્ટેશને બેનામી ફરિયાદ ન કરે, નહીંતર બહુ મુશ્કેલી ઊભી થઈ જશે - એવું વિચારીને રાતોરાત બધું જ પૂરું કરી દેવાનો નિર્ણય લેવામાં આવ્યો. રુદ્ર પોતાની સાથે વધુ બે માણસો લઈને આવી ગયો. ગૌડાના ઘરની પાછળ પડેલા લાકડાને લોંપીએ ગાડામાં ભરી દીધાં હતાં. ગાડાને બળદ જોતરીને રુદ્ર ચૂપચાપ ગાડું નાળા તરફ હાંકી ગયો. લોંપી ગાડાની પાછળ પાછળ ચાલ્યો. સિલ કિટ્ટીની પાસે હતો. એટલીવારમાં મામી, આવીને કહ્યું, 'કિટ્ટી, તું હજુ સૂતો નથી ! અહીં જ ઊભો છે ! પછી એણે સિલને બારણું બંધ કરવાનું કહ્યું.

કિટ્ટીને ઊંઘ આવતી હતી. જાત-જાતના વિચાર મનમાં ઊભરાતા હતા : સાવિત્રમ્મા ફાંસો ખાઈને કેમ મરી ગઈ? તેને ત્રીજો મહિનો ચાલતો હતો. આ માટે મરી જવાની શી જરૂર હતી?' મામીને પૂછડા માટે તેણે પડખું બદલ્યું - મામી એવી રીતે સૂતી હતી જાણે ગાઢ નિદ્રામાં હોય ! તેને થયું કે અનંત રડતો હશે. તેને ફરી મરી જનારની યાદ આવી. મૃત્યુ પામેલા દાદા, ચિત્તા દ્વારા ઓહિયાં થઈ ગયેલો મોન્ન. ખાડામાં ઘૂસી ગયેલી આંખોવાળી નાની. હવે સાવિત્રમ્મા ! બધાં એને સતાવવાં લાગ્યાં. સૂતાં સૂતાં એને પરસેવો છૂટી ગયો. તેનું શરીર ધ્રૂજવા લાગ્યું. એ મામીને ભેટીને સૂઈ ગયો. (ક્રમશઃ)

અનુસંધાન] **આસોપાલવ** [પૃ. ૧૨૫ પરથી
સૂકવી, તેનું ચૂર્ણ કરી સ્નાન વખતે ફરી તેમાં છાલનો રસ કે તેનો ઉકાળો મેળવી શરીરે ચોળીને નહાવાથી શરીરનો વર્ણ સુંદર બને છે.

આસોપાલવનાં ફૂલોનું શાક ખાવાથી કે તેનો રસ પીવાથી પણ પ્રદર મટે છે. તેનાં ફૂલોને વાટીને પાણીમાં પીવાથી રક્તાતિસાર તથા રક્તપ્રદર મટે છે.

મહારાષ્ટ્ર તરફ આસોપાલવને 'અશોક' કહે છે એ પરથી આપણે ત્યાં ઘણા આસોપાલવ અને અશોક વૃક્ષને એક જ સમજે છે; પણ હકીકતે બંને અલગ વૃક્ષો જ છે. ખરું અશોકનું વૃક્ષ શિંબી વર્ગની વનસ્પતિ છે.

'કુમાર'ની આજીવન ગ્રાહક યોજના બંધ કરી છે. પરદેશનું લવાજમ હવાઈ માર્ગે ડૉલર ૨૫ અથવા રૂપિયા ૭૫૦ રહેશે.

સ્થિર નદી, સરતાં નીર

પ્રીતિ સેનગુપ્તા



શાંઘાઈના આનંદબાગ અને કાટખૂણિયો પુલ

આરંભ

ચીનમાં મારી પહેલી સવાર ને ત્યારથી જ શરૂ કરું છું મારી દૈનિકી. સમૂહ-પ્રવાસમાં આવી લેખન-પ્રવૃત્તિ માટે સમય કાઢવો મુશ્કેલ પડવાનો છે, ને નોંધવાનું તો કેટલું બધું રહેશે - સવારથી રાત સુધીની નવી નવી પ્રવૃત્તિઓને પણ પહોંચી નહીં વળાયને.... સવારે ઊઠતાંની સાથે જ રસ્તા પરની અવરજવરના અવાજ, અને મોટરોનાં હૉર્ન સાંભળ્યાં હતાં. કોઈ એક જણ તાલબદ્ધ આંકડા મોટેથી ગણતું હતું. ક્યાંક 'તાઈ ચિ' કસરત થઈ રહી હશે, એમ માન્યું હતું.

નાસ્તા-પાણીમાં પશ્ચિમી ઢબે ચા, કૉફી, અનેનાસ (પાઈનેપલ)નો રસ, ઈંડાં, ટોસ્ટ, કેક વગેરે. વહેલાં ઊઠીને જૂથમાંનાં કેટલાંક બહાર ચાલવા નીકળી ગયાં હતાં. એમણે 'તાઈ ચિ' કરતા લોકો જોયા હતા, ને ફોટા પણ લીધા હતા - એમ વાત થઈ. મને ફોટા લેવાની તક બીજે ક્યાંક મળી જાય તો સારું.

રસ્તા પર લોકો ભૂરા, ભૂખરા, કથ્થઈ સૂતરાઉ કપડાંમાં ભાગ્યે જ લાલ રંગ દેખાયો. પોતપોતાને કામે નીકળી પડેલાં શહેરવાસીઓ ને પેલાં બાળમંદિરનાં ભૂલકાં ? ફેબ્રુઆરીના અંતના દિવસો છે, ને હજી ઠંડી ખાસ્સી છે, તેથી ચીની રિવાજ પ્રમાણે કરેલા, કપડાંના થરને લીધે ગોળમટોળ લાગતાં હતાં. મોઢાં પણ ગોળ, ને ગાલ ઠંડીને લીધે લાલ-લાલ થયેલા ! એક-બીજાના કોટના છેડા પકડીને શિક્ષિકાની પાછળ પાછળ જતાં જોયેલાં. એણે પોતાની કમ્મરે એક રસ્સી બાંધેલી. પહેલા બાળકે એ પકડી રાખેલી. માતા બતકની પાછળ નાનાં બતકાં જતાં હોયને ! બાળકોનાં કપડાં રંગરંગનાં...!બીજે ક્યાંક આવાં બાળકો દેખાયાં ત્યારે એમના નાનકડા બાળમંદિરની બહાર, રસ્તાની એક ધારે, વ્યવસ્થિત રીતે, લાઈનસર, પોતપોતાની નાનકડી ખુરશીઓ પર બેઠેલાં. બહુ જ રુચિકર ચિત્ર બનતું હતું. પણ અમે બસમાં. ફોટો લેવાની તક ગુમાવી.

જોકે બીજી તકો આજે જ પછીથી મળી. અમને 'બાળ-મહેલ' કહેવાતી જગ્યાએ લઈ જવાયાં. ચિલ્ડ્રન્સ પૅલેસ જુદા જુદા લત્તાઓમાં થઈને કુલ અગિયાર છે. સૌથી મોટો નગરપાલિકા ચલાવે છે. અમે જોવા ગયાં તે બીજા નંબરનો. બીજા શબ્દોમાં આ સ્થાન, અથવા સંસ્થાને "શાળા પતે પછી વિવિધ પ્રવૃત્તિઓ માટેનું કેન્દ્ર' કહી શકાય. અસામાન્ય કલ્પન અને નિયોજન. બધી જ પ્રવૃત્તિઓ બાળકોને માટે નિઃશુલ્ક છે. શિક્ષક-શિક્ષિકાઓ જુદીજુદી બાબતોની માહિતી આપવા - શિખવાડવા માટે વિભિન્ન શાળાઓમાંથી આવીને અહીં પોતાનાં સમય ને કૌશલ્ય આપે છે. આ લોકોનાં ઘર ભલે નાનાં હોય, પણ 'મહેલ' તો કેટલો મોટો ! ત્રણ-ચાર માળ, ને મોટા કેટલાયે ઓરડા., રમત-ગમત, ખેલકૂદ, વિજ્ઞાન, કળા, અનેકવિધ હસ્તકળા, સંગીત, સમૂહ-ગાન, વાજિંત્ર (એક 'પિપા' કહેવાતું વાજિંત્ર દેખાવે બરાબર વાયૉલિન જેવું હતું.). નૃત્ય; અરે, જાદુ પણ; અને બીજા ઘણાયે વિષયો. આવાં કેન્દ્રોમાં છથી પંદર વર્ષ સુધીનાં સાતસો, કે તેથી પણ વધારે, બાળકો માર્ગદર્શન, તાલીમ,ને નિપુણતા પામતાં હોય છે. દરેકની આવડત સરકારી અધિકારીઓ જુએ, ને પછી એ પ્રમાણે જુદા જુદા વર્ગમાં મૂકે.

આ તો ચીન. દરેકના જીવનનો દોર સરકારના હાથમાં. પણ દેશના હિતમાં તો લાગે જ છે.

'બાળ-મહેલ'ની મુલાકાત સારી ગઈ. બાળકોએ બનાવેલા કળાના નમૂના જોયા. સંગીત સાંભળ્યું. નાની નાની બાલિકાઓનાં નૃત્ય વખતે તો ભીડ થઈ ગઈ ! દેખાવડાં, સુઘડ, તંદુરસ્ત- શું ખોટું હતું આ બાળકોનું જીવન.

બાગમાં ગયાં હતાં, ત્યાં પણ હસતાં-રમતાં છોકરાં જોયાં. 'એક જ બાળક'નો જે આગ્રહ ચીની સરકાર રાખે છે તે અંતે તો દેશ આખાની પ્રજાના લાભમાં જ છે. આ બાળકોનાં જીવનમાં કશી અછત દેખાતી નથી - ન તો પોષક ચીજોની, ન તો પ્રેમની.

યુ યુઆન મૅન્ડેરિન ગાર્ડન શાંઘાઈનો વિખ્યાત બાગ છે. પણ એને 'બાગ' કહેવો, કે 'રમ્ય-સ્થાન' તરીકે એને ઓળખાવવો ? લાક્ષણિક રીતે ચીની. આપણે જેને બાગ-બગીચો કહીએ તેનાથી જુદો. ચીન, જાપાન, કોરિઆ વગેરે પૂર્વીય દેશોની કળામાં એક પ્રકારનો સૂક્ષ્મ અધ્યાત્મવાદ વણાયેલો હોય છે. આ કળાકારોને નિસર્ગ સાથે સંપૂર્ણ લયબદ્ધતા, અને સ્થાનની અક્ષત સુંદરતા અભિપ્રેત હોય છે. એમનાં ચિત્રોમાં કુદરત તાદૃશ થાય છે, અને એમના 'બાગો'ની રચના પૂરેપૂરી રીતે ચિત્રાત્મક હોય છે. ચીની

'બાગો'માં અમુક તત્ત્વો તો હોવાં જ જોઈએ – પાણી, પથ્થર, માટી, વનસ્પતિ, અને ખાલી જગ્યા. આ બધાં તત્ત્વો પાછાં અમુક ખાસ રીતે જ વપરાયાં હોય.

મારો પહેલો જ ચીની 'ગાર્ડન'. નામનો અર્થ થાય 'આનંદ-બાગ' શહેરના લોકોમાં એટલો પ્રિય છે કે ત્યાં હંમેશાં ભીડ રહે. લગભગ ચારસો ચાલીસ વર્ષ પહેલાં મિન્ગ રાજવંશ દરમિયાન એક શ્રીમંતે એની રચના કરાવડાવેલી. એમાં એ જમાનાના ઉત્તમ નિસર્ગ-કળા કસબનાં દર્શન થાય છે. દા.ત. નાની જગ્યામાં પણ ઘણી મોટી જગ્યા હોય તેવો ભાવ થાય. હું તો ભાઈ, છક્ક જ થઈ ગઈ. ઉપર સળંગ છાપરાથી ઢંકાયેલા સાંકડા પથ, થાંભલા, લાકડાની કોતરણી, વચમાં આવતા કુલ ૩૦ મંડપ, કમનીય વાંસ-વૃક્ષ, ગીચ લીલોતરી, ખડકો પર જતાં પગથિયાં, અને ચોતરફ સફેદ, ધોળેલી, ઈંટની દીવાલ, ને એના પર વળી ભીંગડાં ને પંજાવાળો, અમળાતો જતો ભૂખરો અજગર. એ તો પાછો ચીનના પ્રતીક જેવો.

વચ્ચેની જગ્યામાં પાણીનું, અમીબા જેવા આકારનું, તળાવ. એમાં લીલ પણ હોય, ને સોનેરી કેસરી રંગની કાર્પ માછલીઓ તરતી હોય. કોઈના રંગીન રેશમી કોટનું પ્રતિબિંબ પણ અલપ-ઝલપ ઝિલાઈ જાય. પથ્થરો કુદરતી રીતના તો હતા જ, પણ ખાસ પોચી જમીનમાં દાટીને ખવાઈ ગયેલા હોય તેવા સ્વરૂપવાળા બનાવવામાં આવેલા આકારમાં પણ પથ્થરો ઠેર-ઠેર, વિચારપૂર્વક, ગોઠવાયા હતા. ફૂલ-ઝાડ ઊગે તે માટે જમીન તો જોઈએ જ. વળી, એ તો ધરતીનું પ્રતીક. ને જીવંત વનસ્પતિ ના હોય તો એને 'આનંદ-સ્થાન' કઈ રીતે કહેવાય ? ને છેલ્લે, ખાલી જગ્યા એટલે હવા, એટલે કે અવકાશ. આમ, લાક્ષણિક ચીની 'બાગ' એટલે આ પાંચ તત્ત્વોની વિશિષ્ટોપસ્થિતિ.

ચીની લોકો અમારી સામે એટલી જ નિઃસંકોચની દૃષ્ટિથી જોતાં હતાં, જેટલા કુતૂહલથી અમે એમને જોતાં હતાં. અમે એમના ફોટા લેતાં હતાં, એ લોકો એકબીજાના ! 'યુગલો સમાગમ માણતાં હતાં,ને નિવૃત્ત જેવા લાગતા પુરુષો ટહેલતા હતા. આ સઘળું જોવામાં મને તો સમય ઓછો પડ્યો.

બહાર મોટો હોજ હતો. એના પરનો, આઠ કે નવ ખૂણા પાડતો, પુલ જોવા જેવો તો છે જ, પણ એને વળોટવાની પણ મઝા આવી. એની સામે વિખ્યાત 'હુશિન્ટિન્ગ' આહારગૃહ જવાનું તો ક્યાંથી બનવાનું હતું ? એની પાછળ જૂના શાંઘાઈ શહેરનું બજાર, હજારો દુકાનો,ને સાંકડી ગલીઓની ભુલભુલામણી. એનો થોડો પરચો મળ્યો. 'આનંદ-બાગ'ની પાસેના નાના ચોકમાં પ્રજાનું રોજનું જીવન જોવા મળ્યું. વૃદ્ધ પુરુષો વાતો કરતા બેઠા હતા, કે પત્તાં અથવા શતરંજ રમતા હતાં; સ્ત્રીઓ પણ એ જ રીતે વાતો કરતી કે ગૂંથતી બેઠી હતી. સૌથી વધારે આશ્ચર્ય એ વાતનું કે કશો ઘોંઘાટ નહોતો. આટલા બધાં લોકો, ને કોલાહલ કશો નહીં

શાંઘાઈ તો ખૂબ મોટું શહેર. ૧૯મી સદીમાં એટલું ફેશનેબલ ગણાતું કે એને 'પૂર્વનું પૅરિસ' કહેતા. હવે ચીનનું સૌથી મોટું શહેર 'સિત્તેર લાખની વસ્તી' ભારે ગીચ. એક ચોરસ કિ.મી.માં લગભગ ૧૯,૦૦૦ જણ રહેતાં હોય છે, એમ વાંચ્યું. આસપાસના વિભાગો થઈને વસ્તી એક કરોડ, પચીસ લાખની. દરેક વિભાગમાં પોતપોતાનું બજાર. રસ્તાઓ પર ભીડ, ધક્કામુક્કી નહીં. ક્યાંક સાઈકલોની મનાઈ જોઈ, પણ ત્યાં મોટર-બસો ચાલે. સાઈકલો તો હજાર હજાર એકસામટી આવે – ણે પૂરું ન થતું સરઘસ. કોઈ ઘંટડી ના વગાડે. મોટા સ્ટોરમાં રોજના દસ હજાર લોકો જતાં-આવતાં હોય છે. રવિવારે તો એનાથી બે કે ત્રણ ગણાં લોકો જાય. બાકી લોકોના કામની પાળીના કલાકો, અને દિવસો પણ, આગળ-પાછળ રખાય છે. વહેલી સવારથી શરૂ થાય – ને ચોવીસ કલાક, સાતે દિવસ વારાફરતી લોકો કામ કર્યા કરે. જો આમ ના કરે તો રસ્તા ઉપર એટલાં બધાં જણ એકસામટા થઈ જાય કે ડગલું પણ ના ભરાય.

મહા-નાયક માઓ ત્સે-તુંગે લખેલાં – કે રચેલાં – વિચાર-રત્નોનું પુસ્તક ચીની પ્રજાનો દરેક સદસ્ય પાસે જ રાખે છે. એમાંની, બાળકો માટેની બે વાક્ય-કણિકાઓ : 'સારી રીતે અભ્યાસ કરજો અને પ્રત્યેક દિન વિકાસ સાધજો.' તથા 'તંદુરસ્ત રહો, ખંતથી ભણો અને મન પરોવીને કામ કરો.' સરકારનો દેખીતો પ્રયત્ન એ રહે છે કે નાનપણથી જ માતૃભૂમિ, પ્રજા, શારીરિક શ્રમ, વિજ્ઞાન, અને જાહેર સ્થાનો માટે જવાબદારીને પ્રેમની આદર્શવાદી ભાવના કેળવાય, કે જેથી પુખ્તવયે સદસ્યો ઉદ્યોગ અને ઉત્સાહથી સમાજવાદના પ્રણેતા અને નિર્માતા બને.

(ક્રમશઃ)

કલાવાર્તા



લલિતકલાઓ આમ તો બહેનોને વરેલી છે. રંગ તરફનો તેમનો અભિગમ વધુ સમજવાળો. હવે તો કલાશાળાઓમાં ને કલાવર્ગોમાં બહેનો સારા પ્રમાણમાં હોય છે. નૃત્યમાં તો બહેનો જ સવિશેષ. પરંતુ તારવવામાં આવે તો આજીવન કલા સાથે જોતરાઈ કલાકાર તરીકે જીવનાર બહુ ઓછી બહેનો હોય છે. ભારતીય કલાના તખ્તા પર પણ નામાંકિત કલાકારોમાં બહેનો ઓછી છે. તેમનું જીવન ગૃહજીવન સાથે જોડાતાં પીંછીઓ અભરાઈએ ચડી જાય છે.


સુષમા અગ્રવાલ એક બહેન કલાકાર છે. એમનું જીવન વિકાસશીલ રહ્યું છે. વનમૅન શો કરેલા છે. એમણે એમનું કલાકાર તરીકેનું સ્થાન ઊભું કરેલું છે. રેમ્બ્રાં, રૂબેન્સ, ટર્નર, કૉન્સ્ટેબલ એમના પ્રિય કલાકારો છે અને તેમનાં ઓરિજિનલ ચિત્રો જોયાં છે. પતિ ડૉ. એસ.આર. અગ્રવાલ સાથે દેશપરદેશ ફર્યાં છે. બી.એ. ફાઈન આર્ટ્સ સાથે અને એલએલ.બી. કરી બે વર્ષ વકીલાત પણ કરી છે. ફ્રાન્સ, ઈટલી, નેધરલૅન્ડ, ગ્રીસ અને ઇરાકની ભૂમિ અને ગૅલરીઓ જોઈ છે. આમ છતાં તેમના ચહેરા પર ક્યાંય અભિમાન નથી. ચિત્ર સાથેનું તેમનું જોડાણ એવું છે કે તે ચીતર્યા વગર જીવી જ ન શકે. ચીતરવા માટેનું તેમનું માધ્યમ જલરંગ છે.

૧૯૪૪માં એમનો જન્મ ઉત્તર પ્રદેશના નૈનિતાલમાં થયો. એમનું બાળપણ ત્યાં વીત્યું. કુદરતનું એ સ્થળસૌંદર્ય મનોભૂમિમાં વસી ગયું. લૅન્ડસ્કેપ એ તેમના સર્જનનો પ્રકાર રહ્યો. નવ વર્ષની નાની ઉમરનો એક પ્રસંગ જીવનના પાયારૂપ છે. પિતા સાથે કોઈ કલાકારનું કલાપ્રદર્શન જોવા ગયાં. ચિત્રો ખૂબ ગમ્યાં ને પિતાને કહ્યું કે આપણા ઘરમાં આવાં ચિત્રો નથી. પિતાએ કહ્યું, 'તું ચિત્રો બનાવ, આપણે લટકાવીશું.' ત્યારબાદ નાની ઉમરમાં પિતાએ કલાશિક્ષણની વ્યવસ્થા કરી અવની સેન નામના બંગાળી ચિત્રકાર પાસે વોટર કલર, સ્કેચિંગ અને લાઈફ સ્ટડી કર્યાં, કાનપુરમાં વિશ્વનાથ ખન્ના પાસે શીખ્યાં બાદ બી.એન. આર્યા અને મહાપાત્રા જેવા કલાકારો પાસે તાલીમ મળી. ૧૧ વર્ષની નાની ઉંમરથી કલાની

(અનુસંધાન પાન ૧૪૩ ઉપર)



ઇંગ્લૅન્ડના માર્ગે



પતઝડ (વર્જિનિયા)

સાહિત્યસંપર્ક

ગુલાબદાસ બ્રોકરનું સન્માન



૧૧મી ફેબ્રુઆરી ૧૯૯૫ના રોજ જેમનું ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા મૂર્ધન્ય સાહિત્યકાર તરીકે સન્માન થયું તે ગુલાબદાસ હરજીવનદાસ બ્રોકરનો જન્મ વ્યાપારી પરિવારમાં પોરબંદર ખાતે ૧૯૦૯ના સપ્ટેમ્બરની ૨૦મી તારીખે થયો હતો. ૧૯૨૬માં ગુજરાતી અને અંગ્રેજી વિષયો સાથે મુંબઈની ઍલ્ફિન્સ્ટન કૉલેજમાંથી બી.એ.ની ઉપાધિ પ્રાપ્ત કરેલી. ૧૯૩૦-૩૨ દરમિયાન હિન્દની સ્વાતંત્ર્ય-ચળવળમાં સક્રિય ભાગ લઈ થોડો સમય જેલવાસ પણ ભોગવેલો. એમની વ્યાવસાયિક કારકિર્દી પારિવારિક શેરબજારના દલાલીના ધંધામાં વ્યતીત થયેલી. ૧૯૩૩ થી ૧૯૬૪ સુધી એઓ મુંબઈના શેરબજારમાં બ્રોકર તરીકે સક્રિય રહેલા. પરંતુ ૧૯૮૧માં એમાંથી એમણે સ્વૈચ્છિક નિવૃત્તિ લીધી.

સિસૃક્ષાનાં બીજ પિતા હરજીવનદાસ તરફથી રોપાયેલાં. પિતાએ બનિયનના 'પિલ્ગ્રિમ્સ પ્રોગ્રેસ' પુસ્તક પરથી પ્રેરણા મેળવી ગુજરાતીમાં જૈન ધર્મને લગતું 'દિવ્ય યાત્રા' નામક પુસ્તક રચેલું. પિતાની આ સિસૃક્ષાનો તંતુ એમણે સબળ અને સમૃદ્ધ કર્યો. 'લતા શું બોલે ?' નામક વિષયવસ્તુ: અને રચનારીતિની દૃષ્ટિએ અનોખી વાર્તા રચી એમણે એક ધીંગા વાર્તાકારનું પોતાનું પોત દાખવ્યું અને ત્યાર પછી ઉત્તરોત્તર કલામય ટૂંકી વાર્તાઓ આપી ગુજરાતી સાહિત્યમાં ટૂંકી વાર્તાના સમર્થ સર્જક તરીકે પોતાનું સ્થાન નિશ્ચિત કરી લીધું. આ વાર્તાને સમાવતો એમનો પ્રથમ વાર્તાસંગ્રહ 'લતા અને બીજી વાતો' ૧૯૩૮માં પ્રકટ થયો પછી 'વસુંધરા અને બીજી વાતો' (૧૯૪૧), 'ઊભી વાટે' (૧૯૪૪), 'સૂર્યા' (૧૯૫૦), 'માણસનાં મન' (૧૯૬૨), 'ભીતરનાં જીવન' (૧૯૬૭) અને 'પ્રેમપદારથ' (૧૯૭૪) એમ અન્ય વાર્તાસંગ્રહો એમણે આપ્યા છે. 'નીલીનું ભૂત,' 'ગુલામદીન ગાડીવાળો,' 'સુરભિ,' 'પ્રેમપદારથ', 'બા', 'ચિત્રાનું ચલચિત્ર', 'પ્રકાશનું સ્મિત', 'ઘૃણા કે કરુણા' આદિ એમની એક યા બીજી રીતે, સફળ અને યાદગાર વાર્તાઓ છે. વાર્તાકાર તરીકે સબળ ચરિત્રાંકનો, ઓછા પણ આબાદ સંવાદો, કલાત્મક કથનરીતિ આદિ તેમની ધ્યાન ખેંચે તેવી લાક્ષણિકતાઓ છે. પાત્રના મનોભાવોનું સૂઝસમજપૂર્વકનું પ્રતીતિજનક આલેખન પણ એમની વાર્તાઓને વિલક્ષણ બનાવે છે. જીવનલક્ષિતાને ભોગે તેમણે કલાવફાઈનો આગ્રહ રાખ્યો નથી 'પુણ્ય પરવાર્યું નથી.' (૧૯૫૨) અને હરિનો મારગ' એમણે લખેલી આકર્ષક સત્યકથાઓના સંગ્રહો છે. 'અમૃત-દીક્ષા' (૧૯૭૬) અને 'સ્મરણોનો દેશ' (૧૯૮૭)માં એમણે જીવનચરિત્રો અને વ્યક્તિચિત્રો આપ્યાં છે.

એમણે ટૂંકીવાર્તા ઉપરાંત એકાંકીના સ્વરૂપમાં પણ નોંધપાત્ર સિદ્ધિ દાખવી છે. 'મા', 'મહાનિબંધ,' 'જ્વલંત અગ્નિ', 'ઇતિહાસનું એક પાનું,' 'મનનાં ભૂત', 'ધૂમ્રસેર' વગેરેમાં આ સ્વરૂપની સર્જકપ્રતિભાનાં દર્શન થાય છે. એમનાં નાટયસંગ્રહો 'ધૂમ્રસેર' (૧૯૪૮) 'મનનાં ભૂત (૧૯૬૪) અને 'જ્વલંત અગ્નિ' (૧૯૬૬) જાણીતા છે.

વિદેશના એમના પ્રવાસનું બયાન સ-રસ શૈલીમાં 'નવા ગગનની નીચે' (૧૯૭૦)માં પ્રકટ થયું છે. એમણે 'વસન્તે' (૧૯૬૪) જેવો કાવ્યસંગ્રહ આપી એ સ્વરૂપમાં પણ કલમ ચલાવી જોઈ છે. અવારનવાર એક યા બીજા નિમિત્તે લખાયેલા એમના વિવેચનાત્મક લેખો 'રૂપસૃષ્ટિમાં' (૧૯૬૨), 'અભિવ્યક્તિ' (૧૯૬૫) 'નર્મદ' (૧૯૭૬), 'સાહિત્ય-તત્ત્વ અને તંત્ર' (૧૯૭૭)માં સંગૃહીત થયા છે. આ લેખોમાં એમની સૂઝ અને નિસબત પામી શકાય છે. 'ગુજરાતનાં એકાંકી' (૧૯૫૮) 'વાઙ્મય વિહાર' (૧૯૬૧) 'કાવ્ય સુષમા' (૧૯૬૭) વગેરે એમનાં સંપાદનો છે.

ગુજરાતી સાહિત્યકાર યશવંત મહેતાને નવલિકા માટેનો રાષ્ટ્રિય રાજાજી પુરસ્કાર

ગુજરાતી નવલકથા, નવલિકા, બાળ-કિશોરસાહિત્યનાં ૩૨૫ જેટલાં પુસ્તકો લખનાર અને દસ જેટલાં રાષ્ટ્રિય તથા રાજ્ય સ્તરીય પુરસ્કારો-સન્માનો પામેલા શ્રી યશવંત મહેતાને 'ફોરમ ફૉર સાયન્સ ઍન્ડ કલ્ચર'નો નવલિકા માટેનો બીજા ક્રમનો રાષ્ટ્રિય પુરસ્કાર મળ્યો છે. ચક્રવર્તી રાજગોપાલાચારી (રાજાજી)ના નામ સાથે જોડાયેલા આ પુરસ્કારને પાત્ર ઠરેલી શ્રી યશવંત મહેતાની નવલિકા 'બ્લડ બ્રધર' વિશ્વબંધુત્વની અહાલેક પોકારની એક સશક્ત વાર્તાકૃતિ છે. તેમને અભિનંદન.

'બિચારાં સુનંદાબહેન' (૧૯૫૪), 'ભૂતાવળ' (૧૯૬૦), 'વિચ્છેદ' (૧૯૬૭), 'કથાભારતી' વગેરે એમનાં રૂપાંતર - અનુવાદો છે.

એમને 'નવા ગગનની નીચે' પ્રવાસ લેખમાળા માટે ૧૯૬૮નો કુમાર ચન્દ્રક, તો મહિડા પારિતોષિક પણ પ્રાપ્ત થયું છે. ૧૯૪૦માં એ પી.ઈ.એન.ના સભ્ય બન્યા અને ૧૯૫૮થી '૬૦ સુધી તેના માનદ્ મંત્રી અને ખજાનચી બનેલા. ૧૯૫૯માં જર્મનીમાં ફ્રેન્કફુર્ટ ખાતે ભરાયેલા તેના અધિવેશનમાં ભારતીય પ્રતિનિધિ તરીકે હાજરી આપેલી. ૧૯૬૨માં અમેરિકન સરકારના નિમંત્રણથી 'સ્ટડી મિશન્સ ઈન્ટરનૅશનલ' અન્વયે અમેરિકાનો પ્રવાસ પણ કરેલો. ૧૯૫૬માં એઓ દિલ્હીની સાહિત્ય અકાદમીમાં ગુજરાતીના સલાહકારમંડળમાં વરાયેલા તથા ૧૯૮૩માં એ જ અકાદમીની કારોબારીના સભ્ય પણ બનેલા. ૧૯૭૪થી '૭૫ના ગાળા માટે તેઓ ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ ચૂંટાઈ આવેલા. આજે ૮૫ વર્ષની જૈફ ઉંમરે પણ સાહિત્યમાં સહજ રીતે સર્જનપ્રવૃત્ત રહેનાર અને સાહિત્યિક પ્રવૃત્તિઓમાં સક્રિય રસ દાખવનાર ગુલાબદાસભાઈનું ઉચિત રીતે જ મૂર્ધન્ય સાહિત્યકાર તરીકે ગુજરાત સાહિત્ય અકાદમીએ સમ્માન કર્યું છે ત્યારે આપણા પણ એમને અભિનંદન હો ! **ધી.પ.**

અનુસંધાન] **કલાવાર્તા** [પૃ. ૧૪૧ પરથી

ધારા તેમના પર થતી જ રહી. એ કલાનો સ્પર્શ અને લગનીને પરિણામે આજે ૫૧ વર્ષે ગૃહિણી છતાં મોટા કદનાં જલરંગી ચિત્રો બનાવે છે ને પ્રદર્શિત કરે છે. જીવનમાં માત્ર બે વર્ષ વકીલાત કરી, ૨૪ થી ૨૬ વર્ષની ઉંમર. બસ પછી જીવનમાં કલા જ કેન્દ્રમાં રહી. પતિ રેલવેમાં હોઈ પ્રવાસ એમના નસીબમાં રહ્યો. લૅન્ડસ્કેપ માટે નવાં સ્થળો તો મળતાં જ રહ્યાં. સ્થળ એ તો ઉદ્દીપન માટેનું નિમિત્ત હતું. ચિત્રો તો કુદરત સાથેની લાગણીની ભીનાશમાંથી જન્મતાં હતાં.

કલાવિવેચક આર.ટી. શહાની તેમને માટે લખે છે : 'Lively pictures of nature in soothing and heart warming water colour.:. a mood of silance and serenity.' ટાઈમ્સના ક્રિટિક કહે છે' Art characterised by soft and sensative brush.' નીલમણિ ફુકન, આર્ટ ક્રિટિ આસામ, લખે છે કે 'the landscapes are charming, vivid and vibrent with colours'.

એમનાં ચિત્રમાં એવું કાંઈક છે કે જેથી જોવાં ગમે છે. કાગળની ભીની ભોંય પર તૈયાર રાખેલ ટ્યૂબ કલર્સ બહુ જ ઝડપથી મૂકવાની આવડત છે. દૃશ્ય રહેવા છતાં રંગોનું અગમ્ય સૌંદર્ય ઊભું થાય છે. પ્રકાશ તરીકે સફેદ કાગળને છોડી દે છે. પર્વતોની હારમાળામાં હવા દેખાય છે. તેઓશ્રી જગા પર ખૂબ નાના કદનો સ્કેચ કરે છે 7 × 9 ઈંચ આસપાસ. તેને નજરમાં રાખી મોટા કદનાં ચિત્રો જળરંગમાં જ બનાવે છે. કુદરત ચીતરતાં માત્ર અનુકરણ નથી કરતાં. પરિણામે રંગોની સૃષ્ટિ સબળ બને છે. ફુલ ઈમ્પિરિયલ કદનાં ચિત્રોમાં છૂટથી રંગોને રમાડે છે. અમદાવાદના કલામર્મજ્ઞ શ્રી સુરેશ શેઠ લખે છે કે જળરંગનું માધ્યમ અઘરું છે પરંતુ તે મારફતે તાજગી સાથે તેઓ કુદરતને નિરૂપે છે. અદ્યતન કલાપ્રવાહોથી પરિચિત હોઈ કલાનાં નવાં મૂલ્યો પણ ચિત્રોમાં રજૂ કર્યાં છે. કાગળને એક ટોન આપી દઈ ઓઈલ કલરની જેમ જાડા રંગોથી પણ ત્વરિત ભાત રચે છે.

તેમણે તાજેતરમાં અમદાવાદમાં પોતાનાં ચિત્રોનો વનમૅન શો કર્યો. મુંબઈનાં આ કલાકારે આ પૂર્વે મુંબઈ, દિલ્હી અને આસામમાં પણ વૈયક્તિક પ્રદર્શન કરેલું છે. ૧૯૯૧માં ગૌહત્તીમાં ડાયરેક્ટર ઑફ કલ્ચર એફેર્સના નિમંત્રણથી શો કરેલો. પતિ અગ્રવાલ સાહેબ રેલવેમાં મોટા હોદ્દો ધરાવે છે જેથી તેમનો સહકાર છતાં સુષમાબહેન ઘણી બાબતો જાતે જ સંભાળી લે છે. આઉટિંગ માટે પણ જાતે જ નીકળી પડે છે.

બાળપણમાં પિતાએ યોગ્ય માર્ગદર્શન માટે સારા કલાશિક્ષકો રોક્યા. બાદ લગ્નજીવનમાં વ્યસ્ત થતાં કલાનો પ્રવાહ અટકી ગયેલો. આ વેળાનો એક પ્રસંગ રસપ્રદ છે. ૧૨ વર્ષનો દીકરો થયો. તેના જન્મદિવસની ઉજવણી નજીક આવતી હતી. દીકરાને કલાકાર માએ પૂછયું, 'તારે જન્મદિને શું જોઈએ.' દીકરાએ ૧૨ ચિત્રોની માગણી કરી. આ નિમિત્તે જીવનમાંથી સુકાતો કલાનો પ્રવાહ પાછો વેગવંત થયો, જે આજ સુધી અસ્ખલિત રીતે વહેતો રહ્યો છે. પિતા, પતિ અને પુત્રની હૂંફે કળાની ફોરમ જીવનને મહેકાવી રહી છે.

તેમના બ્રશના હળવા સ્પર્શથી સર્જન થતું જ રહેશે, કારણ કે સર્જન એ જ તેમને માટે હવા ને પાણી છે. તેમનાં ચિત્રો તેમના જેટલાં જ સૌમ્ય છે કારણ કે કલા પણ અંતે તો જીવનનું પ્રતિબિંબ જ છે.

- નટુભાઈ પરીખ



માધુકરી

કોઈ અવતરે નહિ અવનિમાં અન્ય કાજે;
મેંય મારે કાજે તેમ લીધો છે અવતાર;
બીજાં પર બાંધી ન મદાર મારે બેસી રહેવું,
મારા બાહુબળે કરું ભવાબ્ધિને પારઃ
હારું તો યે વ્હાલી મને લાગશે મારી હાર !

દેવજી રા. મોઢા

સદ્‌ગત ભોગીલાલ સાંડેસરા

મુખ્યત્વે વિવેચક, સંપાદક, જૂની ગુજરાતી અને પ્રાચીન સાહિત્યના વિદ્વાન અને ઇતિહાસ, પુરાતત્ત્વના મર્મજ્ઞ ભોગીલાલભાઈનો જન્મ પાટણ તાલુકાના સંડેર ગામમાં તા. ૧૩-૪-૧૯૧૭ના રોજ પરમ વૈષ્ણવ અને ધાર્મિક કુટુંબમાં થયો હતો. એમના પિતા જયચંદભાઈ ઈશ્વરદાસ સાંડેસરા અમદાવાદમાં વેપાર ખેડતા હતા. એમનાં પત્ની મહાલક્ષ્મીબહેન ઘરની પૂરી સંભાળ રાખતાં હતાં. ભોગીલાલનો વિદ્યારંભ અમદાવાદથી થયો. આઠ વર્ષની વયે તેમણે પિતાનું છત્ર ગુમાવ્યું. પછી તેમનું કુટુંબ પાટણ રહેવા ગયું. ત્યાં તેમણે પહેલાં સરકારી સ્કૂલમાં અને પછી હાઈ સ્કૂલમાં અભ્યાસ કર્યો.

ઈ.સ. ૧૯૩૧માં ભોગીલાલ જ્યારે નવમા ધોરણમાં અભ્યાસ કરતા હતા ત્યારે તેમની મુલાકાત મુનિ જિનવિજયજી સાથે થઈ. એમના દ્વારા તેઓ મુનિ પુણ્યવિજયજીના પરિચયમાં આવ્યા. તેમની રાહબરી નીચે તેમણે પાટણના પ્રાચીન ગ્રંથભંડારોનાં અવલોકન અને ઉપયોગની અનુકૂળતા સાંપડી. એ વખતે પાટણ હાઈ સ્કૂલમાં શિક્ષક તરીકે કામ કરતા પ્રાચીન ગુજરાતી સાહિત્યના અભ્યાસી અને સંશોધક રામલાલ ચુનીલાલ મોદીએ ભોગીલાલનાઘડતરમાં મોટો ફાળો આપ્યો. ભોગીલાલે પાટણના પ્રાચીન ગ્રંથભંડારો ઉથલાવવા માંડ્યા.



એમનો પ્રથમ લેખ 'પડી માત્રાનો સમય' જૂન ૧૯૩૧ના 'બુદ્ધિપ્રકાશ'ના અંકમાં પ્રસિદ્ધ થયેલો ! તેઓ મૅટ્રિકમાં અભ્યાસ કરતા હતા ત્યારે ૧૯૩૪માં મુંબઈની ફાર્બસ ગુજરાતી સભાએ તેમણે સંપાદિત કરેલ 'રૂપસુંદરકથા' પ્રગટ કર્યું. એ જ પુસ્તક તેમને તેઓ ૧૯૪૩માં એમ.એ.માં હતા ત્યારે ભણવાનું આવેલું !

૧૯૩૫માં મૅટ્રિક થયા પછી ભોગીલાલે ૧૯૩૫થી ૧૯૩૭ દરમ્યાન 'ગુજરાત સમાચાર' અને 'પ્રજાબંધુ'ના તંત્રીખાતામાં કામ કરેલું. પીઢ પત્રકાર અને લેખક ચુનીલાલ વર્ધમાન શાહના ગાઢ સંપર્કમાં ત્યારે તેઓ આવ્યા. ઈ.સ. ૧૯૪૧માં તેમણે ગુજરાતી (મુખ્ય) અને સંસ્કૃત (ઐચ્છિક) વિષયો સાથે બી.એ.ની પરીક્ષા ગુજરાત કૉલેજમાંથી પ્રથમ વર્ગમાં પસાર કરી. ગુજરાત કૉલેજમાં તેઓ દક્ષિણા ફેલો નિમાયા. ઈ.સ. ૧૯૪૩માં ગુજરાત વિદ્યાસભાના અનુસ્નાતક વર્ગમાંથી તેઓ એ જ વિષયો સાથે એમ.એ. થયા. ગુજરાતી વિષયમાં પ્રથમ વર્ગમાં પ્રથમ આવવા માટે તેમને મુંબઈ યુનિવર્સિટી તરફથી દી. બ. કેશવલાલ ધ્રુવ સુવર્ણચંદ્રક એનાયત થયેલો.

૧૯૪૩થી ૧૯૫૦ દરમિયાન ભોગીભાઈએ ભો. જે. વિદ્યાભવન, અમદાવાદમાં અર્ધમાગધીના અધ્યાપક-સંશોધક તરીકે કામ કર્યું. એ દરમ્યાન એમને રસિકલાલ પરીખ જેવા વિદ્વાનનો સ્નેહ સાંપડ્યો. એમણે 'મહામાત્ય વસ્તુપાળનું સાહિત્યમંડળ તથા સંસ્કૃત સાહિત્યમાં તેનો ફાળો' એ વિષય પર અંગ્રેજીમાં શોધપ્રબંધ લખી પીએચ.ડી.ની પદવી ૧૯૫૦માં પ્રાપ્ત કરી. મૂળ અંગ્રેજી ગ્રંથ સિંધી જૈન ગ્રંથમાળામાં અને એનો ગુજરાતી અનુવાદ ગુજરાત વિદ્યાસભા તરફથી પ્રગટ થયા છે. એના હિન્દી અને તેલુગુ અનુવાદો પણ થયા છે. તેમણે આ સમયે 'જૈન આગમ સાહિત્યમાં ગુજરાત' નામક પુસ્તક તૈયાર કર્યું, જે ૧૯૫૨માં પ્રગટ થયું.

ઈ.સ. ૧૯૪૯માં વડોદરામાં મ. સ. વિશ્વવિદ્યાલયની સ્થાપના થઈ. ૧૯૫૧માં ત્યાં ભોગીલાલની ગુજરાતીના પ્રાધ્યાપક (પ્રોફેસર) તરીકે નિમણૂક થઈ. ૧૯૭૫માં તેમની નિવૃત્તિપર્યંત તેમણે ત્યાં ગુજરાતી વિભાગના અધ્યક્ષ તરીકે સેવા આપી. એ દરમિયાન ૧૯૫૮થી ૧૯૭૫ સુધી તેઓ પ્રાચ્ય વિદ્યામંદિરના નિયામક રહ્યા. સંસ્થાના ત્રૈમાસિક 'સ્વાધ્યાય'નું સંપાદન પણ તેમણે કર્યું. ૧૯૭૫ની પાંચમી એપ્રિલે તેઓ નિવૃત્ત થયા.

૧૯૫૫માં નડિયાદમાં મળેલા ગુજરાતી સાહિત્ય પરિષદના ૫૯મા અધિવેશનમાં તેઓ ઇતિહાસ-પુરાતત્ત્વ વિભાગના પ્રમુખ વરાયેલા. ૧૯૫૯માં ભુવનેશ્વરમાં મળેલ અખિલ ભારત પ્રાચ્યવિદ્યા પરિષદમાં પ્રાકૃત ભાષાઓ તેમ જ જૈન ધર્મના

વિભાગના તેઓ પ્રમુખ હતા. ૧૯૬૨-'૬૪ દરમિયાન ગુજરાત ઇતિહાસ પરિષદના પણ તેઓ પ્રમુખ હતા. ૧૯૮૮માં તેઓ ગુજરાતી સાહિત્ય પરિષદ્ના પ્રમુખ તરીકે ચૂંટાયા હતા. ૧૯૫૬-'૫૭માં તેમણે પશ્ચિમ અને પૂર્વના દેશોનો પ્રવાસ ખેડ્યો.

ભોગીલાલભાઈને તેમના બહુમૂલ્ય પ્રદાન બદલ ૧૯૫૩માં રણજિતરામ સુવર્ણચંદ્ર, ૧૯૬૨માં નર્મદ સુવર્ણચંદ્રક એનાયત થયેલા.

ઈ.સ. ૧૯૫૨માં ભોગીભાઈએ મુંબઈ યુનિવર્સિટીમાં 'શબ્દ અને અર્થ' વિષે ઠક્કર વસનજી માધવજી વ્યાખ્યાનમાળા અંતર્ગત પાંચ વ્યાખ્યાનો આપેલાં. ગુજરાતીમાં શબ્દાર્થશાસ્ત્ર વિષે સંભવતઃ એ પહેલો ગ્રંથ છે.

ભોગીભાઈએ પ્રાચ્યવિદ્યા, ભારતીય વિદ્યા, ભારતીય સંસ્કૃતિ, સંસ્કૃત-પ્રાકૃત-અર્ધમાગધી-જૂની ગુજરાતી, મધ્યકાલીન સાહિત્ય, ગુજરાતનો ઇતિહાસ, જૈન દર્શન વગેરે વિષયોમાં વ્યાપક વિદ્વત્તાથી નિષ્ઠાપૂર્વક કાર્ય કર્યું છે. ચન્દ્રકાન્ત ટોપીવાળા કહે છે તેમ 'જરૂરી સારદર્શન દ્વારા, જરૂરી અનુવાદો અને ટિપ્પણો દ્વારા શાસ્ત્રીય રીતે સંકલિત અને સંપાદિત કરેલી સામગ્રી સંદર્ભે સ્પષ્ટ અભિપ્રાયો તેમ જ ગુણદર્શી પ્રતિભાવ આપતું એમનું લેખન મુખ્યત્વે વસ્તુલક્ષી ગદ્યનો આશ્રય લે છે.' ('ગુજરાતી સાહિત્યકોશ'-ભા.૨, પૃ. ૬૨૨)

ભોગીલાલના સાહિત્યિક પ્રદાનનો વિચાર કરીએ તો તેમનાં કેટલાંક મૌલિક ગ્રંથોનો નિર્દેશ કરવો પડે. એવા ગ્રંથોમાં પ્રાકૃત અને અપભ્રંશ સાહિત્યની વૃત્તરચનાથી આગળ વધતું 'પ્રાચીન ગુજરાતી સાહિત્યમાં વૃત્તરચના' (૧૯૪૧), ઐતિહાસિક શબ્દાર્થશાસ્ત્ર પરનું ઉપર નિર્દિષ્ટ 'શબ્દ અને અર્થ' (૧૯૫૪), શોધપ્રબંધ 'મહામાત્ય વસ્તુપાલનું સાહિત્યમંડળ તથા સંસ્કૃત સાહિત્યમાં તેનો ફાળો' (૧૯૫૭), પશ્ચિમ અને પૂર્વની વિદ્યાયાત્રા વર્ણવતું 'પ્રદક્ષિણા' (૧૯૫૯), 'દયારામ' (૧૯૬૦), લેખસંગ્રહ 'સંશોધનની કેડી' (૧૯૬૧), 'ઇતિહાસ અને સાહિત્ય' (૧૯૬૬), ઇતિહાસ અને સાહિત્યવિષયક લેખસંગ્રહો 'અન્વેષણા' (૧૯૬૭) અને 'અનુસ્મૃતિ' (૧૯૭૩), 'મુનિ જિનવિજયજી : જીવન અને કાર્ય' (૧૯૭૮) વગેરે સવિશેષ ઉલ્લેખનીય છે.

'વાઘેલાઓનું ગુજરાત' (૧૯૩૯), 'ઇતિહાસની કેડી' (૧૯૪૫), 'જયેષ્ઠીમલ્લ જ્ઞાતિ અને મલ્લપુરાણ' (૧૯૪૮), 'જગન્નાથપુરી અને ઓરિસાના પુરાતન અવશેષો' (૧૯૫૧) વગેરે એમનાં ઇતિહાસ-સંસ્કૃતિ વિષયક ગ્રંથો છે.

ભોગીલાલભાઈએ સંપાદનપ્રવૃત્તિથી સાહિત્યસેવાનો પ્રારંભ કરેલો એ આપણે જોયું. એ પછી એમણે સંખ્યાબંધ શાસ્ત્રીય સંપાદનો કર્યાં હતાં. એ પૈકી સંઘવિજયકૃત 'સિંહાસનબત્રીસી' (૧૯૩૩), માધવકૃત 'રૂપસુંદરકથા' (૧૯૩૪), વીરસિંહકૃત 'ઉપાહરણ' (૧૯૩૮), 'મતિસાર કર્પૂરમંજરી' (૧૯૪૧), 'સત્તરમા શતકનાં પ્રાચીન ગુર્જરકાવ્ય' (૧૯૪૮), મહીરાજરચિત 'નંલદવદંતીરાસ' (૧૯૫૪), 'પ્રાચીન ફાગુ સંગ્રહ' (૧૯૫૫), 'વર્ણકસમુચ્ચય' ભા. ૧, ૨ (૧૯૫૬-૧૯૫૯), 'શ્રી સોમેશ્વરદેવ-કૃત' ઉલ્લાસ-રાઘવ નાટકમ્' (૧૯૬૧), યશોધીરરચિત 'પંચાખ્યાન બાલાવબોધ' ભાગ ૧ (૧૯૬૩), 'મલ્લપુરાણ' (૧૯૬૪), શ્રી સોમેશ્વરદેવવિરચિત 'રામશતકમ્' (૧૯૬૫), ગંગાધરકૃત 'ગંગાદાસપ્રતાપવિલાસ નાટકમ્' (૧૯૭૩) અને અમૃતકલશ-રચિત 'હમ્મીર પ્રબંધ' (૧૯૭૩) નોંધપાત્ર છે.

સંઘદાસગણિરચિત 'વસુદેવહિંડી' (૧૯૪૬) ભોગીભાઈએ પ્રાકૃતમાંથી આપેલો અનુવાદ છે. ભારતીય કથનકલા-નૅરેટોલૉજિ-નો અભ્યાસ કરનાર ભારતીય વિદ્વાનોને આ ગ્રંથે આકૃષ્ટ કર્યા છે. તેમણે માત્ર 'પંચતંત્ર'ને ગુજરાતીમાં અનૂદિત જ નથી કર્યું, 'પંચતંત્ર'ની અન્ય પ્રાચીન પાઠપરંપરાઓનો તુલનાત્મક અભ્યાસ અને એના ભેદ-પ્રભેદોની નોંધ કરવાનું ભગીરથ કાર્ય પણ કર્યું છે.

અમેરિકામાં ન્યૂ જર્સી ખાતે તા. ૧૮ જાન્યુઆરી ૧૯૯૫ના રોજ પુત્ર ડૉ. નિરંજન સાંડેસરાને ત્યાં ૭૮ વર્ષની વયે ભોગીલાલ સાંડેસરાનું અવસાન થતાં ગુજરાતી ભાષાસાહિત્યને મોટી ખોટ પડી છે.

ડૉ. પ્રસાદ બ્રહ્મભટ્ટ

પીઢ પત્રકારની વિદાય

ગુજરાતના સુપ્રસિદ્ધ દૈનિક 'સંદેશ'ના તંત્રી ચીમનભાઈ પટેલનું ૭મી માર્ચ ૧૯૯૫ના રોજ રાત્રે ૨-૪૫ કલાકે હૃદયરોગના ભારે હુમલાને કારણે ૭૮ વર્ષની વયે અવસાન થતાં ગુજરાતના દૈનિકોના પત્રકારત્વ ક્ષેત્રે એક પીઢ અને પ્રૌઢ પત્રકારની ખોટ પડી છે. ૧૯૧૮ના જાન્યુઆરીની ૧૯મી તારીખે ખેડા જિલ્લાના સારસા ગામે જન્મેલા ચીમનભાઈ સોમાભાઈ પટેલ અસલ ચરોતરી મિજાજના નીડર પટેલ હતા. વ્યાવસાયિક કારકિર્દીનો આરંભ એક સરકારી નોકરીથી કરી, સ્વતંત્ર મિજાજને મોકળાશ આપવા પત્રકારત્વના ક્ષેત્રે ઝંપલાવી ૧૯૫૮માં એમણે 'સંદેશ'નું સુકાન સંભાળ્યું હતું. ત્યારથી



જીવનના છેલ્લા શ્વાસ સુધી એમણે 'સંદેશ' દૈનિકને સમૃદ્ધ અને લોકપ્રિય કરવાના અણથક પ્રયત્નો કર્યા હતા.

પત્રકારત્વ એ એમને મન એક વ્યવસાયથી વધીને પ્રજાકીય પ્રવૃત્તિ હતી. આથી જ એમણે પોતાના તંત્રીપણાં નીચે ચાલતા 'સંદેશ'ને પ્રજાકીય પ્રશ્નોની છણાવટનું મુક્ત માધ્યમ બનાવ્યું હતું. કટોકટી કે મિસા હોય, કોમી રમખાણ કે અનામત-આંદોલન હોય, નગર-ગ્રામની પ્રજાની નગરપાલિકા કે ગ્રામપંચાયતને લગતી સમસ્યાઓ હોય, નર્મદા-યોજના હોય કે વિધાનસભા-લોકસભાની ચૂંટણીઓ હોય, વાહનવ્યવહારના પ્રશ્નો હોય કે શિક્ષણ જગતના પ્રશ્નો હોય – ચીમનભાઈ નિખાલસ અને નીડર ચર્ચા કરતા અને તેમાં હકારાત્મક દિશામાં સક્રિયતા અને સન્નિષ્ઠા દાખવતા. પત્રકારત્વ એ માત્ર કમાણીનું જ સાધન નથી, પણ જનસેવાનો વિશિષ્ટ કર્મયજ્ઞ છે એવું એમની વિચારસરણી અને વૃત્તિપ્રવૃત્તિમાંથી ફલિત થતું હતું. પ્રજા એમના સકલ વિચારના કેન્દ્રમાં રહેતી. આથી જ લોકોને આકર્ષતા ને ઉપયોગી થતા અનેક વિષયો (હા, કલા ને સાહિત્ય વિશે અલબત્ત ઓછી રજૂઆત - છણાવટ!) એ 'સંદેશ'નાં પાનાં પર પીરસતા. મહત્ત્વના કોઈ પણ પ્રજાકીય પ્રશ્ન વખતે એઓ પોતાનો સ્પષ્ટ અભિપ્રાય વ્યક્ત કરી સાચું ખમીર દાખવતા હતા. કોઈ ચમરબંધીની પણ શેહશરમમાં આવ્યા વગર એ ખુદવફાઈપૂર્વક પ્રજાહિતની વાત હોય તે જ કરતા. એમની સૂઝ અને વ્યવહારદક્ષતાને લઈને એમણે 'સંદેશ'નાં પૃષ્ઠો પર વિવિધ શક્તિશાળી લેખકો-વિચારકોની કલમોને વહેવા દીધી હતી. 'સંદેશ'ની લોકપ્રિયતાને કારણે એમણે તેની વડોદરા-સૂરત-રાજકોટની આવૃત્તિઓ શરૂ કરી હતી અને મુંબઈની આવૃત્તિ શરૂ કરવાનો મનસૂબો હતો.

આવા સતત કર્મઠ, નિતાન્ત નીડર, વ્યવહારદક્ષ અને જાગ્રત પત્રકારના જવાથી તે ક્ષેત્રે આઘાતની લાગણી અનુભવી છે. ☐

STATEMENT

STATEMENT of ownership and other particulars about the newspaper `Kumar' as required to be published under rule 8 of the Registration of Newspapers (Central) Rules 1956.

1. Place of publication.	Kumar Printery, 1454 Raipur, Ahmedabad-1
2. Periodicity of its Publication.	Monthly
3. Printer's Name & Nationality Address	Haresh Patel Indian, - PRINTOGRAPH 334, Salapas Road, Ahmedabad-1
4. publisher's Name & Nationality Address	Dhiru Parikh (For Kumar Karyalaya Ltd.) Indian 1454 Raipur Ahmedabad-1
5. Editor's Name & Nationality Address	Dhiru Parikh, Indian 1454 Raipur, Ahmedabad-1
6. Names and addresses of indißïð_iduals who own the newspaper and are partners or share holders holding more than one per cent of the total capital.	(1) Chinubhai C. Shah and Mangalagauri Chinubhai Shah, 22 B.N. Kapol Nivas, Vincent Road, Bombay-19 (2) Chhotalal Jivraj Sheth 125 Medows Street, Bombay-1 (3) Indumati Chaitanyaprasad Diwanji, `Paradise', Shahibag, Ahmedabad-4 (4) Mahendrabhai Shantilal Shah, Shahibag, Ahmedabad-4 (5) Kushmben Champaklal Banker Kochrab, Opp. Kagdiwad, Ahmedabad-6 (6) Dhirendra Najibhai Chinbhai, Shanti Kunj. Shahibag, Ahmedabad-4 (8) Parshuram Premshanker & Rameshchandra P. Rawal,

C/o Raval Bros. 185 Princess St., Bombay-2 (9) Isuf Abdul Qaiyum Faizullabhai, Karim Bag, Athva Lines, Surat (10) Bhartiben Ramakant Mehta, Moti Mahal, Churchgate Reclamation Bombay-1 (11) Jadavlaxmi R. Kamani And Poonamchand R. Kamani, ' Kanani Chember, Bombay-1 (12) Bai Triv. .i, Widow of Pranjivan, K. Desai, 47 C. P. Tank, Madhav Bag, Bombay-4 (13) Narendra Ravishanker Raval, Brahmin Mitra Mandal Society, Ahmedabad-6 (14) Gajendra Ravishanker Raval, Brahmin Mitra Mandal Society, Ahmedabad-6 (15) Kanak Ravishanker Raval, Brahmin Mitra Mandal Socie, Ahmedabad-6 (16) Mrs. Rashmibala D. Traivedi & Smt. Savita Prabhudhas Patwari k. Pandya, 587, 18th Road, Khar, Bombay-21 (17) Prabhudas Balubhai Patwari & Smt. Savita Prabhudas Patwari, 46 Parimal Society, Ahmedabad-6 (18) Girdharlal Damodardas, `preranna', Ambavadi, Ellis Bridage, Ahmedabad-6 (19) Janardan Pranshanker Raval, Mahashanker Bhuvan, Takhteshvar, Bhavnagar (20) Lt. Col. (Retd.) Balvantrai J. Bhatt, Mannu Appartments, Near Bhatt Meßïð_ada chhartalaya, mithakhali Char Rasta, Ellis Bridge, Ahmedabad-6 (22) Bachubhai P. Rawat, Brahmin Mitra Mandal Society, Ahmedabad-6 (23) Hiralal Harilal Bhagwati, 169 New cloth Market, Ahmedabad-2 (24) Biharilal Popatlal Shah, Jagabhai Park, Lala Lajapatray Road, Maninagar, Ahmedabad-2 (25) Vyomeshchandra R. Trivedi C/o J. A. Trivedi Bros. Balaghat (M.P.) (26) Kirankumar R. Trivedi C/o J. A. Trivedi Bros. Balaghat (M.P.) (27) Hitenkumar B. Trivedi C/o J. A. Trivedi Bros. Balaghat (M.P.) (28) Bhuvnesh M. Trivedi C/o J. A. Trivedi Bros. Balaghat (M.P.) (30) Nikhilish M. Trivedi C/o J. A. Trivedi Bros. Balaghat (M.P.) (31) Shri Bhalchandra Ratilal Shah, ABC Nursery Compound, Near Nagri Hospital, Ellis Bridge, Ahmedabad-6

I, Dhiru Parikh, Hereby declare that the pariculars given above are true to the best of my knowledge and belief. Dated this 28th day of Feb. 1995

Sd. / Dhiru Parikh Publisher

> દુઃખ જ્યાં સર્વને ડામે તહીં સ્વસુખ કારણે
> અન્યને દુઃખમાં નાખી દેવું એ નીચતા નરી.
> પૂજાલાલ

એક વાર અમેરિકન લેખક રિચર્ડ ગિલ્ડર અને ત્યાંના પ્રમુખ ક્લીવલેન્ડ એક જ ગાડીમાં સફર કરી રહ્યા હતા. ગિલ્ડરને કંઈક મહત્ત્વની વાત પ્રમુખ સાથે કરવી હતી તેથી તેમણે કંડક્ટરની મદદથી પ્રમુખ ક્યાં બેઠા છે તેની તપાસ કરી. સામાન મૂકવાના ડબામાં એક પેટી પર પ્રમુખ બેઠા હતા. આશ્ચર્યથી ગિલ્ડરે તેમને ત્યાં બેસવાનું કારણ પૂછ્યું તો પ્રમુખે જણાવ્યું કે એક નાના બાળક સાથે એક સ્ત્રી ઊભી હતી, તેને બેસવા માટે પોતાની સીટ આપી દઈ પોતે સામાન મૂકવાના ડબામાં પેટી પર નિરાંતે બેસી ગયા હતા !

ડભોઈ જંકશન પર આવેલો એક ઘંટ ૧૩૦ વર્ષ જૂનો છે ને તે કીમતી જૂનતી સંઘરવાલાયક ચીજ જેવો ગણાય છે.

જાવા અને સુમાત્રામાં વિક્ટોરિયા નામનાં કમળનાં ફૂલો ઊગે છે. આ ફૂલનો ઘેરાવો લગભગ છ ફૂટનો હોય છે.

મોગલકાળમાં બાદશાહના તખ્તનો અધિકારી શાહજાદો સલીમ આઠ વર્ષની ઉંમરે ચાર પત્નીઓનો પતિ હતો.

લવિંગ તથા વરિયાળીના ચૂર્ણનું મિશ્રણ મોમાં ચૂસવાથી ગળું સાફ થાય છે.

આદુ તથા ફુદીનાના રસનું મિશ્રણ કરી તેમાં પ્રમાણસર સિંધવ મેળવી પી જવાથી પેટના દુઃખાવામાં રાહત થાય છે.

સફેદ કપડાં કધોણાં પડી ગયાં હોય ત્યારે તેને ધોઈને નિતારતી વખતે પાણીમાં થોડો હાઈડ્રોજન પૅરોક્સાઈડ નાખવાથી સફેદી ચમકી આવશે.

જાણો છો કે ચામાચીડિયું આંખ વડે નહિ, પણ નાક અને કાન વડે જુએ છે ?

શ્વાનના નાકમાં ગંધ પારખવા માટેનાં કેશિકાઓની સંખ્યા બાવીસ કરોડની હોય છે.

૧૯૮૬માં ફ્રાન્સના બોદેક્ષી નામના ગામમાં એક વ્યક્તિનું અવસાન થયું. પરન્તુ તેના પડોશીઓ અને તેને નિવૃત્તિવેતન મોકલતી કચેરીને પાંચ વર્ષ સુધી તેના અવસાનની જાણ ના થઈ. એક વાર તેના પડોશીની બિલાડી ખોવાઈ ગઈ ત્યારે તેને શોધવા ગએલા એ પડોશીને પેલા મૃત માનવીના દેહનું હાડપિંજર જોવા મળ્યું. પોલીસને ખબર અપાઈ. તપાસને અંતે જાણવા મળ્યું કે મરનારે બિલ ન ભરવાને કારણે ૧૯૮૭માં તેના ઘરનાં ગૅસ અને વીજળીનાં જોડાણો કાપી નાખવામાં આવ્યાં હતાં. આશ્ચર્યની વાત તો એ છે કે મરનારનું નિવૃત્તિવેતન તેના મર્યા બાદ લગભગ પાંચ વર્ષ સુધી કોણે ખાધું હશે ?!

એક અંદાજ પ્રમાણે ઑલિમ્પિક સાઈઝના ચાર હજાર સ્વિમિંગ પૂલ ભરાય તેટલું પ્રવાહી બ્રિટિશરો કોકાકોલા રૂપે કે હળવાં પીણાં રૂપે એક વર્ષમાં પીએ છે.

કલાકણિકા : પુષ્પોનો શોખ ધરાવતા આઝ્તેક સમાજમાં 'પુષ્પના રાજકુમાર' તરીકે જાણીતા ઝોચિપિલિનું વિખ્યાત શિલ્પ.



અમેરિકામાં 'કુમાર'નું લવાજમ ભરવાની સુવિધા

કલાગુરુ રવિશંકર રાવળે શરૂ કરેલું અને બચુભાઈ રાવતે જેને સિદ્ધિના શિખરે પહોંચાડ્યું તે ૬૭ વર્ષ જૂનું 'કુમાર' થોડો વખત બંધ પડ્યા પછી ફરી શરૂ થઈ ગયું છે ત્યારે અમેરિકાના સંસ્કારપ્રેમી ગુજરાતી સમાજને તે સરળતાથી સુલભ બને તેવી વિતરણ-વ્યવસ્થાનું આયોજન કરવામાં આવ્યું છે. કલા, સાહિત્ય, ઇતિહાસ, ભૂગોળ, ખગોળ, વિજ્ઞાન, સંગીત, રમતગમત - એમ જીવનના વિવિધ ક્ષેત્રોને આવરી લેતું આ પૂરા પરિવારનું સુરુચિપૂર્ણ સામયિક તેની સુઘડ મુદ્રણકલા અને આગવી રજૂઆતથી સૌનું માનીતું રહ્યું છે. આજના કપરા કાળમાં આ પ્રકારના સંસ્કારપોષક સામયિકને નિભાવવાની જવાબદારી આપણા સહુની છે. આ માટે તમે પોતે ગ્રાહક બનો અને અન્યને ગ્રાહક બનવા પ્રેરો એવો અનુરોધ છે.

'કુમાર'નું વાર્ષિક લવાજમ હવાઈ માર્ગે **૨૫ ડૉલર** રાખવામાં આવ્યું છે. આપનું વાર્ષિક લવાજમ આપ નીચેના સરનામે ભરી શકશો. આપનું લવાજમ તત્કાલ મોકલી આપી આ સંસ્કારપથના યાત્રી બનો.

M. L. JOSHI
77, Huntington Road, Bedminster, N. J. 07921
Fax : 906-781-5162 Telephone : 908-781-6045







ચિત્રકાર બહેન સુષમા અગ્રવાલનાં
ત્રણ જલરંગી ચિત્રો
ઉપરથી અનુક્રમે
૧ યાત્રા
૨ નીલ ગગન તળે
૩ વૃક્ષઘટા